RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૨ મહા વદ -૩   બુધવાર, તા.૦૪-૦૨-૨૦૨૬   અંક : ૮૦ વર્ષ : ૨૩   news@aaspassindia.com   કિંમત રૂા. ૨-૫૦   પાના - ૮

# ભાવનગર: સુરકાના ડુંગરામાંથી 86.57 લાખનો દારૂ પકડાયો

## મધરાતે પેરોલ ફર્લો સ્ક્વોર્ડે દરોડો પાડી ફિલ્મી ઢબે પીછો કરી બે બોલેરો સહીત ૯૬.૮૨ લાખનો મુદ્દામાલ ઝડપી લીધો, આરોપી અંધારાનો લાભ લઈ હાથ તાળી આપી ગયા

ભાવનગર,તા.૪

ભાવનગરના પેરોલ ફર્લો સ્ક્વોર્ડના સ્ટાફએ ગત મોડી રાત્રીના નાઈટ પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે સિહોરના સુરકા નજીક ડુંગરની ગાળીમાં ઈંગ્લીશ દારૂનું મસમોટું કટિંગ થતું હોવાની બાતમીના આધારે દરોડો પાડી ૮૬.૫૭ લાખનો દારૂ તેમજ બે બોલેરો પીકઅપ વાન અને બાઈક મળી કુલ રૂ. ૯૭.૮૬ લાખનો મુદ્દામાલ ઝડપી લીધો હતો દરોડા દરમિયાન પોલીસને જોઈને ભાગવા પીકઅપ વાન ભાગવા જતા ફિલ્મી દ્રસ્યો સર્જાયા હતા.જોકે આરોપીઓ ભાગવામાં સફળ થયા હતા.

ભાવનગર પેરોલ ફર્લો સ્ક્વોર્ડના સ્ટાફ ગ્રામ્ય વિસ્તારમાં સરકારી તથા ખાનગી વાહનમાં નાઈટ રાઉન્ડમા પેટ્રોલીંગમા હતા અને ફરતા ફરતા શીહોર ટાણા ચોકડી ખાતે પહોંચતા મોડી રાત્રીના બાતમી રાહે હકિકત મળેલ કે, મોટા સુરકા ગામે પાણીના પરબથી સોનગઢ તરફ જતા ખોડીયાર માતાના મંદીર તરફના કાચા રસ્તે ડુંગરની ગાળીમા વિરેન્દ્રસિંહ ઉર્ફે પિન્ટુ કુકડ તથા ભાવેશ જેઠા ચાવડા તથા ઘનશ્યામ ઉફે છડી ભરવાડ તથા મુન્નો ઉર્ફે ફેકાળો કોળી તથા વરૂણ બારૈયાએ રીતેના ભેગા મળી આ ડુંગરની ગાળીમા ઈંગ્લીશ દારૂનો જથ્થો ઉતારેલ છે અને પીક અપ વાહન મારફતે હેરાફેરી તથા કટીંગ કરે છે તેવી હકિકત મળતા તુર્તજ બે પંચો બોલાવી બાતમીવાળી જગ્યાએ પહોચતા સરકારી ગાડી જોઇ એક ઇસમ પોતાના કબ્જાની બોલેરો પીક



તસવીર : કૌશીક વ્યાસ - સિહોર

લઈને ભાગવા જતા કાચા રોડની બાજુમા આવેલ ઉંડા ખાળીયામા ગાડી ઉતારી દીધેલ જે પીકઅપનુ આગળનું બોનેટ ખાળીયાના ઉપરના ભાગે રહેલ અને પાછળનો ભાગ ખાળીયા તરફ ઉતરી ગયેલ અને ઈસમ ગાડીમાંથી ઉતરી ડુંગરની ગાળીમાં ભાગી ગયેલ જે ગાડી જોતા મહીન્દ્રા કંપનીની સફેદ કલરની બોલેરો પીકઅપ જેના નં. GJ04-AW-8809 લખેલ. મહીન્દ્રા કંપનીની બોલેરો પીકઅપમાં અંદરના ભાગે જોતા મમરાની બોરીઓની આડશમા છુપાવેલ પરપ્રાંતીય ઈંગ્લિશની પેટીઓનો જથ્થો ભરેલ જોવામાં આવે છે તેમજ અન્ય એક સફેદ કલરની મહીન્દ્ર કંપનીની બોલેરો પીકઅપ જેનો નંબર જોતા ય્ન-૦૩-મ્ફ-૦૯૮૯ નો જોવામા આવેલ જેની અંદર પણ પરપ્રાંતીય ઈંગ્લિશ દારૂની પેટીઓનો જથ્થો ભરેલ જોવામાં આવેલ તથા બન્ને વાહનની બાજુમા નીચે ખુલ્લી પડતર જગ્યામા પરપ્રાંતીય ઈંગ્લિશ દારૂની પેટીઓનો ઢગલો પડેલ જોવામા આવેલ જે બન્ને વાહનમા ભરેલ દારૂની પેટીઓ તથા પડતર જગ્યામા પડેલ જથ્થો ગણી જોતા ભારતીય બનાવટની અલગ અલગ બ્રાન્ડની પેટીઓ નંગ-૫૧૧ જેમા નાની મોટી બોટલ નંગ-૧૪,૫૯૩/- જેની કુલ કિ.રૂ ૮૬,૫૭,૩૯૦નો મુદામાલ તેમજ હેરાફેરીના ઉપયોગ લીધેલ સફેદ કલરના બોલેરો પીકઅપ નંબર GJ-03-BV-0989 તથા ય્ન-૦૪-છ઼ ઉ-૮૮૦૯ જે બન્નેની કિ.રૂ ૧૦ લાખ તેમજ એક હીરો સ્પ્લેન્ડર મો.સા કિ.રૂ ૨૫ હજાર મળી કુલ કિ.રૂ. ૯૬. ૮૨,૩૯૦/- ના મુદામાલ મુકી રેઈડ આરોપીઓ સ્થળ ઉપરથી નાસી ગયેલ પોલીસે પ્રોહી એક્ટ કલમ ૬૫એ ઈ, ૧૧૬-બી , ૯૮(૨), ૮૧., ૮૩ મુજબનો ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બેંકિંગ છેતરપિંડી કેસમાં નિષ્પક્ષ તપાસ કરવા એજન્સીઓને સુપ્રીમ કોર્ટનો આદેશ

## કોર્ટે સીબીઆઈ અને ઈડીને ચાર અઠવાડિયામાં નવો સ્ટેટસ રિપોર્ટ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે કેન્દ્રીય તપાસ એજન્સીઓ, સીબીઆઈ અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટને અનિલ અંબાણીના જૂથ સાથે સંકળાયેલા કથિત બેંકિંગ છેતરપિંડીના કેસમાં નિષ્પક્ષ અને નિષ્પક્ષ તપાસ કરવા નિર્દેશ આપ્યો છે.

સુપ્રીમ કોર્ટની બેન્ચે આજે અનિલ ધીરુભાઈ અંબાણી ગ્રુપ કંપનીઓ સાથે સંકળાયેલા કેસમાં એક મહત્વપૂર્ણ આદેશ આપ્યો છે. કોર્ટે સીબીઆઈ અને ઈડીને અનિલ ધીરુભાઈ અંબાણી ગ્રુપ કંપનીઓ સાથે સંકળાયેલા કથિત બેંકિંગ છેતરપિંડીના કેસમાં નિષ્પક્ષ તપાસ કરવાનો નિર્દેશ આપ્યો છે.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની આગેવાની હેઠળની અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને વિપુલ એમ. પંચોલીની બનેલી બેન્ચે તપાસ એજન્સીઓને ચાર અઠવાડિયામાં નવો સ્ટેટસ રિપોર્ટ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો છે. બેન્ચે ટિપ્પણી કરી હતી કે એજન્સીઓએ તપાસ શરૂ કરવા માટે પહેલાથી જ સમય લીધો છે.

કોર્ટે ઈડીને અનિલ અંબાણી ગ્રુપ કંપનીઓ અને અન્ય સંબંધિત પક્ષોની તપાસ માટે વરિષ્ઠ અધિકારીઓની એક વિશેષ તપાસ ટીમની રચના કરવાનો ઁહ નિર્દેશ આપ્યો છે. વધુમાં, કોર્ટે અનિલ અંબાણી અને રિલાયન્સનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલો મુકુલ રોહતગી અને શ્યામ દિવાનની હાજરી પર ધ્યાન આપ્યું, અને તેમને જાહેર હિતની અરજીનો જવાબ દાખલ કરવા માટે ચાર અઠવાડિયાનો સમય આપ્યો.

સુનાવણી દરમિયાન, રોહતગીએ અનિલ અંબાણીને દેશ છોડતા અટકાવવા માટે કોર્ટ દ્વારા નિર્દેશ માંગતી અરજીનો વિરોધ કર્યો.

# ભારત અમેરિકા વેપાર કરાર મામલે સંસદમાં ભારે હોબાળો

## વ્યાપાર કરારમાં ભારતીય હિતોને ધ્યાનમાં રાખવામાં આવ્યા હોવાનો વાણિજ્ય મંત્રી પિયુષ ગોયલનો સરકાર વતી જવાબ

નવી દિલ્હી

ભારત અને અમેરિકા વચ્ચે થયેલી ટ્રેડ ડીલ મામલે આજે પણ સંસદમાં ઘમાસાણ શરૂ રહ્યું હતું.વિરોધપક્ષના આક્ષેપો વચ્ચે સરકાર વતી વાણિજય મંત્રી પિયુષ ગોયલે ગૃહમાં સ્પષ્ટતા કરી હતી.

ભારત-અમેરિકાના વેપાર કરાર અંગે સંસદમાં પિયુષ ગોયલે જણાવ્યું હતું કે, આ કરાર દેશના એકંદર હિતમાં છે અને તેનો સીધો ફાયદો ભારતીય નિકાસકારોને થશે. તેમણે સ્પષ્ટતા કરી હતી કે આ કરાર ખાદ્ય અને કૃષિ ક્ષેત્ર સંબંધિત ભારતની સંવેદનશીલતાને સંપૂર્ણપણે ધ્યાનમાં લે છે. આ ભાગીદારી સ્જીસ્ઈ ક્ષેત્ર, ઉદ્યોગો અને નાના અને મોટા વ્યવસાયો માટે ફાયદાકારક સાબિત થશે.

ગોયલના નિવેદન દરમિયાન, વિપક્ષે લોકસભામાં હોબાળો ચાલુ રાખ્યો, પરંતુ મંત્રીએ કહ્યું કે સરકારે રાષ્ટ્રીય હિતોને સર્વોપરી રાખીને વાટાઘાટો પૂર્ણ કરી છે.

તેમણે નોંધ્યું હતું કે યુનાઈટેડ સ્ટેટ્સે ભારત પર તુલનાત્મક રીતે ઓછા ટેરિફ લાદ્યા છે. મંત્રીના જણાવ્યા અનુસાર, ફેબ્રુઆરી ૨૦૨૫માં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અમેરિકા મુલાકાત પછી કરારને અંતિમ સ્વરૂપ આપવા માટે બંને દેશો વચ્ચે સતત વાટાઘાટો ચાલી રહી છે. વાટાઘાટકારોએ વિવિધ સ્તરે વ્યાપક ચર્ચાઓ કરી હતી.

અગાઉ, તેમણે એક પ્રેસ કોન્ફરન્સમાં આ કરારની વિગતો આપી હતી. તેમણે જણાવ્યું હતું કે ભારત-અમેરિકાના વેપાર કરાર અને રાષ્ટ્રપતિ ટ્રમ્પ દ્વારા ટેરિફ અંગેની જાહેરાત બાદ, વાણિજય પ્રધાન પિયુષ ગોયલે આજે વિગતો આપી હતી. તેમણે કહ્યું કે આ ખરેખર ભારતના અર્થતંત્રને આગળ ધપાવશે. પીએમ મોદીએ રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથેની મિત્રાતા દ્વારા વેપાર સોદો સુરક્ષિત કર્યો. આ આપણા બધા પડોશીઓ અને સ્પર્ધાત્મક દેશોમાં આપણે મેળવેલો શ્રેષ્ઠ સોદો છે. આ આપણા દેશવાસીઓ માટે શુભ સંકેત છે.

પીએમ મોદીએ હંમેશા કૃષિ અને ડેરીના હિતોનું રક્ષણ કર્યું છે. તેમણે આ ક્ષેત્રોમાં લોકો માટે ઉજ્જવળ ભવિષ્ય અને તકો સુનિશ્ચિત કરવા માટે અથાક મહેનત કરી છે. તેમણે ક્યારેય તેમના હિતોને સમાધાન થવા દીધું નથી, અને યુએસ વેપાર સોદાઓમાં પણ, ભારતના સંવેદનશીલ ક્ષેત્રો - કૃષિ અને ડેરી -નું રક્ષણ કરવામાં આવ્યું છે.

# ઓનલાઈન ગેમિંગના વ્યસનને કારણે ત્રણ સગીર બહેનોનો નવમા માળેથી કૂદી આપઘાત

## ઓનલાઈન ગેમ રમવા અંગે માતાપિતાએ ઠપકો આપ્યા બાદ સગીરાએ ભર્યું આત્મઘાતી પગલું

ગાઝિયાબાદ

ગાઝિયાબાદના તિલામોદ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આવતી ભારત સિટી સોસાયટીમાં એક જ પરિવારની ત્રણ સગીર બહેનોએ તેમના માતાપિતાએ તેમના ઓનલાઈન ગેમિંગ સામે વાંધો ઉઠાવ્યા બાદ નવમા માળેથી કૂદીને આત્મહત્યા કરી લીધી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ સામૂહિક આત્મહત્યાએ સમગ્ર વિસ્તારને હચમચાવી નાખ્યો છે.

ગાઝિયાબાદના તિલામોદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક હૃદયદ્રાવક ઘટના બની છે, જ્યાં એક જ પરિવારની ત્રણ સગીર બહેનોએ તેમના માતાપિતાએ તેમના ઓનલાઈન ગેમિંગ સામે વાંધો ઉઠાવ્યા બાદ નવમા માળેથી કૂદીને આત્મહત્યા કરી લીધી હતી. ત્રણ પુત્રીઓના મોતથી પરિવારમાં શોક છવાઈ ગયો છે. માહિતી મળતાં, પોલીસ ઘટનાસ્થળે પહોંચી, મૃતદેહોનો કબજો લીધો, તેમને પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધા અને કેસની તપાસ કરી રહી છે.અહેવાલ છે કે આ ત્રણ બહેનો છેલ્લા કેટલાક મહિનાઓથી ઓનલાઈન ગેમિંગની વ્યસની બની ગઈ હતી અને કોવિડ-૧૯ રોગચાળા પછી નિયમિત શાળામાં જતી નહોતી. ઓનલાઈન ટ્રેડિંગમાં કામ કરતા અને ભારત સિટી સોસાયટીમાં ત્રણ વર્ષથી ભાડા પર રહેતા ચેતન કુમારને ૧૬, ૧૪ અને ૧૨ વર્ષની ત્રણ દીકરીઓ છે.

અહેવાલો અનુસાર, ચેતન કુમારની ત્રણ દીકરીઓએ એકસાથે આત્મહત્યા કરી હતી. આ ઘટના મંગળવારે રાત્રે લગભગ ૨:૩૦ વાગ્યે બની હતી. ચેતન કુમાર તેની પત્ની સાથે બીજા રૂમમાં સૂતો હતો. ત્રણેય બહેનોએ તેમના રૂમની બારીમાંથી કૂદી પડી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, ત્રણેય બહેનો છેલ્લા કેટલાક મહિનાઓથી ઓનલાઈન ગેમ રમી રહી હતી. કોવિડ-૧૯ મહામારી પછી ત્રણેયે શાળા છોડી દીધી હતી.

શાલીમાર ગાર્ડનના એસીપી અતુલ કુમાર સિંહે જણાવ્યું હતું કે ઓનલાઈન ટ્રેડિંગમાં કામ કરતા અને ભારત સિટી સોસાયટીમાં ત્રણ વર્ષથી ભાડા પર રહેતા ચેતન કુમાર મૂળ દિલ્હીના રહેવાસી છે. ત્રણેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોર્ચ્યુરીમાં મોકલવામાં આવ્યા છે. તેમના મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યા છે અને તપાસ કરવામાં આવી રહી છે.

# અમેરિકા સાથે વેપાર સમજૂતી છતાં ભારત અન્ય દેશો પાસેથી સસ્તું તેલ ખરીદવાનું શરૂ રાખશે

## અમેરિકા સાથે વેપાર કરારથી ભારતના ખેડૂતોનું હિત નહીં જોખમાય તેવી સરકારની સ્પષ્ટતા : ડેરી સેક્ટર પણ સુરક્ષિત

નવી દિલ્હી

ભારત ટૂંક સમયમાં અમેરિકા પાસેથી પેટ્રોલિયમ, ડિફેન્સ, ઈલેક્ટ્રોનિક્સ, ફાર્માસ્યુટિકલ્સ, ટેલિકોમ પ્રોડક્ટ્સ અને વિમાન ખરીદશે તેવો દાવો એક રિપોર્ટમાં કરવામાં આવ્યો છે. રિપોર્ટમાં મુજબ બંને પક્ષોની વાતચીત બાદ ટ્રેડ ડીલ પર સત્તાવાર મહોર મારવામાં આવશે. ડીલનો હેતુ ભારતની સાથે અમેરિકાની વેપાર ખાધ ઘટાડવાનો છે. આ દરમિયાન સૂત્રોના જણાવ્યા પ્રમાણે, અમેરિકા સાથે ટ્રેડ ડીલમાં ભારત તેના હિત સાથે કોઈ સમજૂતી નહીં કરે.

ભારત-અમેરિકા ટ્રેડ ડીલ પર ભારતે પોતાની ‘લક્ષ્મણ રેખા’ સ્પષ્ટ કરી દીધી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારતે સાફ કરી દીધું છે કે અમેરિકા સાથેના વ્યાપારમાં ખેડૂતોના હિતો સાથે કોઈ પણ પ્રકારનું સમાધાન કરવામાં આવશે નહીં. કૃષિ અને ડેરી જેવા સંવેદનશીલ ક્ષેત્રો પહેલા પણ સુરક્ષિત હતા, અત્યારે પણ છે અને ભવિષ્યમાં પણ સુરક્ષિત જ રહેશે.

આ ઉપરાંત, ભારત પોતાના આર્થિક હિતોને ધ્યાનમાં રાખીને જ તેલની ખરીદી કરે છે અને કરતું રહેશે. વિશ્વમાં જ્યાંથી પણ તેલના સારા ભાવ મળશે, ત્યાંથી દેશની જનતાના હિતમાં ભારત તેલ ખરીદવાનું ચાલુ રાખશે. ડોનાલ્ડ ટ્રમ્પે ટેરિફની જાહેરાત કરતા સમયે દાવો કર્યો હતો કે ભારત હવે રશિયા પાસેથી તેલ નહીં ખરીદે.

અમેરિકા તરફથી ભારતીય ઉત્પાદનો પર ટેરિફ ઘટાડીને ૧૮ ટકા કરવા પર ભારતને વૈશ્વિક નિકાસ સ્પર્ધામાં લાભ થશે. નવા ટેરિફમાં ભારતને અનેક દેશોની તુલનામાં ઓછા ટેરિફ વાળા દેશોની શ્રેણીમાં મુકવામાં આવ્યો છે. વર્તમાન ટેરિફ સ્થિતિ અનુસાર, ભારત પર ૧૮ ટકા ટેરિફ છે. જ્યારે ઈન્ડોનેશિયા પર ૧૯ ટકા, વિયેતનામ અને બાંગ્લાદેશ પર ૨૦ ટકા તથા ચીન પર ૩૪ ટકા ટેરિફ છે. આને જોતાં ભારત હવે એશિયાના અન્ય દેશોની તુલનામાં ભારતને વધુ ફાયદો થશે.

# મ્યાનમારમાં ૫.૯ ની તીવ્રતાનો ભૂકંપનો આચકો

## પશ્ચિમ બંગાળના કોલકાતા સહિતના શહેરો તેમજ પાડોશી દેશ બાંગ્લાદેશ સુધી ભૂકંપના આંચકાની અસર

નવી દિલ્હી

પૂર્વ ભારતના કેટલાક હિસ્સાઓ સહિત પડોશી દેશોમાં મંગળવારે રાત્રે ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. ખાસ કરીને પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં રાત્રે ૦૯:૦૫ વાગ્યે ૧૦ થી ૧૫ સેકન્ડ સુધી જમીન ધ્રૂજતી અનુભવાતા ભયનો માહોલ સર્જાયો હતો. ઊંચી ઈમારતો અને મકાનોમાં રહેતા લોકો ગભરાટના માર્યા રસ્તા પર દોડી આવ્યા હતા. આ આંચકા પૂર્વોત્તર ભારત અને બાંગ્લાદેશના સરહદી વિસ્તારોમાં પણ સ્પષ્ટપણે અનુભવાયા હતા, જેના કારણે વહીવટીતંત્ર સતર્ક બન્યું છે.

નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અને જર્મન રિસર્ચ સેન્ટર ફોર જીઓસાયન્સના જણાવ્યા અનુસાર, આ ભૂકંપનું કેન્દ્રબિંદુ મ્યાનમારમાં યેનાંગ્યાઉંગથી ૯૫ કિમી પશ્ચિમમાં નોંધાયું હતું. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૫.૯ થી ૬ ની વચ્ચે હોવાનું મનાય છે. આ ભૂકંપ જમીનથી માત્ર ૧૦ કિમીની ઓછી ઊંડાઈએ હોવાથી તેના આંચકા વિશાળ વિસ્તારમાં અનુભવાયા હતા. નોંધપાત્ર છે કે મ્યાનમાર દુનિયાના સૌથી સક્રિય સિસ્મિક ઝોનમાં આવે છે અને છેલ્લા ૭૧ કલાકમાં ત્યાં અનુભવાયેલો આ ત્રીજો ભૂકંપ છે.

આ કુદરતી આફતની અસર માત્ર ભારત કે મ્યાનમાર પૂરતી મર્યાદિત નહોતી. બાંગ્લાદેશમાં પણ ૨૪ કલાકની અંદર બીજી વખત ધરતી ધ્રૂજી છે. આ પહેલા મંગળવારે સવારે પણ બાંગ્લાદેશમાં ૪.૧ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો. મ્યાનમારની ભૌગોલિક સ્થિતિ એવી છે કે ત્યાં આવતા ભૂકંપની અસર વારંવાર થાઈલેન્ડ, ચીન અને ભારત સુધી વર્તાય છે. માર્ચ ૨૦૨૫ માં પણ મ્યાનમારમાં ૭.૭ ની તીવ્રતાનો વિનાશક ભૂકંપ આવ્યો હતો, જેના સ્મરણો આજે ફરી તાજા થયા છે.

રાહતની વાત એ છે કે અત્યાર સુધી કોલકાતા કે ભારતના અન્ય કોઈ ભાગમાંથી જાનમાલના નુકસાનના અહેવાલ મળ્યા નથી. નિષ્ણાતોના મતે, રિક્ટર સ્કેલ લોગરીધમિક હોવાથી ૫.૯ની તીવ્રતાનો ભૂકંપ ઘણો શક્તિશાળી ગણાય છે. ૪ની તીવ્રતાનો ભૂકંપ ૬ ટન ટીએનટી જેટલી ઉર્જા છોડે છે, જ્યારે ૫ની તીવ્રતામાં આ ઉર્જા ૨૦૦ ટન સુધી પહોંચે છે.

# ગ્રીસમાં ચિઓસ ટાપુ પાસે કોસ્ટ ગાર્ડનું જહાજ-સ્પીડબોટ વચ્ચે અકસ્માતમાં ૧૪ લોકોના મોત

## દુર્ઘટનામાં બે કોસ્ટગાર્ડ અધિકારીઓ સહિત ૨૪ ઈજાગ્રસ્ત લોકોનું રેસ્ક્યુ કરી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા

નવી દિલ્હી

ગ્રીસના પૂર્વી એજિયન સમુદ્રમાં આવેલા ચિઓસ ટાપુ પાસે એક કાળજું કંપાવી દે તેવી ઘટના સામે આવી છે. મધ્યરાત્રિના સમયે એક હાઈ-સ્પીડ બોટ અને ગ્રીક કોસ્ટ ગાર્ડના પેટ્રોલિંગ જહાજ વચ્ચે ભીષણ ટક્કર થઈ હતી. આ અકસ્માતે માનવતાવાદી સંકટની સાથે સાથે દરિયાઈ મુસાફરીમાં રહેલા જોખમોને ફરી એકવાર ઉજાગર કર્યા છે. હાલમાં ઘટનાસ્થળે રાહત અને બચાવ કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

ગ્રીક કોસ્ટ ગાર્ડ દ્વારા સત્તાવાર માહિતી આપવામાં આવી હતી કે આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૧૪ લોકોએ જીવ ગુમાવ્યા છે. જોકે, રાહતની વાત એ છે કે ૨૪ મુસાફરોને સુરક્ષિત રીતે બચાવી લેવાયા છે અને તેમને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ અથડામણમાં બે કોસ્ટ ગાર્ડ અધિકારીઓ પણ ઈજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ છે. બોટમાં કુલ કેટલા લોકો સવાર હતા તેની ચોક્કસ સંખ્યા હજુ જાણી શકાઈ નથી, આ ઘટનામાં મોતની સંખ્યનો આંકડો વધાવની ભીતિ સેવાઈ રહી છે.

સ્થાનિક મીડિયાના ફૂટેજમાં જોવા મળ્યું છે કે બચાવકર્મીઓ ધાબળામાં લપેટાયેલા લોકોને એમ્બ્યુલન્સ સુધી પહોંચાડી રહ્યા છે, જેમાં માસૂમ બાળકોનો પણ સમાવેશ થાય છે. આ ઓપરેશનમાં ચાર પેટ્રોલિંગ જહાજો, એક હેલિકોપ્ટર અને ડાઈવર્સની ટીમ સતત શોધખોળ કરી રહી છે. કોસ્ટ ગાર્ડ દ્વારા હજુ સુધી અકસ્માત પાછળનું સચોટ કારણ કે મૃતકોની ઓળખ જાહેર



કરવામાં આવી નથી, પરંતુ તપાસ તેજ કરી દેવામાં આવી છે.

ગ્રીસ લાંબા સમયથી એશિયા અને આફ્રિકાના દેશોમાંથી આવતા શરણાર્થીઓ માટે યુરોપિયન યુનિયન (ઈ) માં પ્રવેશવાનું પ્રવેશદ્વાર રહ્યું છે. ખાસ કરીને યુદ્ધ અને ગરીબીથી પીડાતા લોકો વધુ સારી જિંદગીની શોધમાં આ ખતરનાક દરિયાઈ માર્ગ પસંદ કરે છે. દરિયાઈ મોજાઓની તેજ ગતિ અને સુરક્ષા વ્યવસ્થાના અભાવે આ માર્ગ પર અવારનવાર જીવલેણ અકસ્માતો થતા રહે છે, જે આંતરરાષ્ટ્રીય સ્તરે ચિંતાનો વિષય બન્યો છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં ગ્રીસ સહિત યુરોપના અનેક દેશોએ માઈગ્રેશન (સ્થળાંતર) અંગેના કાયદા અત્યંત કડક બનાવ્યા છે. ગેરકાયદેસર પ્રવેશ રોકવા માટે ડિપોર્ટેશનની પ્રક્રિયા ઝડપી બનાવવામાં આવી છે અને અટકાયત કેન્દ્રોની સંખ્યા વધારવામાં આવી છે. યુરોપિયન દેશોમાં દક્ષિણપંથી પક્ષોના પ્રભાવને કારણે શરણાર્થીઓ માટે આશ્રય મેળવવો હવે પહેલા કરતા ઘણો મુશ્કેલ બની ગયો છે, છતાં જીવના જોખમે આ મુસાફરી ચાલુ જ છે.

# વેપાર કરારથી ગુજરાતના હીરા ઉદ્યોગ, ટેક્સટાઈલ્સ ઉદ્યોગને ફાયદો

## ભારત અને અમેરિકા વચ્ચે થયેલા ઐતિહાસિક વેપાર કરારને ગુજરાતના મુખ્યમંત્રીએ આવકાર્યો

અમદાવાદ,

ભારત અને અમેરિકા વચ્ચે થયેલા ઐતિહાસિક વેપાર કરારને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આવકાર્યો છે. સોશિયલ મીડિયાના માધ્યમથી તેમણે આ મહત્વપૂર્ણ નિર્ણયને ભારતીય અર્થતંત્ર માટે એક નવી દિશા ગણાવ્યો છે. ભારત અને અમેરિકા વચ્ચેની ડીલથી ગુજરાતના હીરો ઉદ્યોગ, ટેક્સટાઈલ્સ ઉદ્યોગ સહિત અનેક જગ્યાએ મોટો ફાયદો મળવાનો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પીએમ નરેન્દ્ર મોદીના નેતૃત્વની પ્રશંસા કરતા કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનને કારણે આજે ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો એક નવી ઊંચાઈએ પહોંચ્યા છે. 'મેડ ઈન ઈન્ડિયા' ઉત્પાદનો પર ટેરિફ (જકાત)માં ઘટાડો એ બંને રાષ્ટ્રો માટે વિજયી સ્થિતિ છે.

ભારત અને અમેરિકા વચ્ચે થયેલી ઐતિહાસિક ડીલ માત્ર કાગળ પરનો કરાર નથી, પરંતુ જમીની સ્તરે લાખો લોકો માટે તકોના દ્વાર ખોલનારો નિર્ણય છે. આ ડીલથી ગુજરાત સહિત ભારતીય ઉત્પાદનોને આંતરરાષ્ટ્રીય બજારમાં વધુ સ્પર્ધાત્મક બનાવશે. નાના અને મધ્યમ ઉદ્યોગો માટે અમેરિકા જેવા મોટા બજારની પહોંચ સરળ બનશે. ભારત ખેતી પ્રધાન દેશ છે, જેના કારણે અહીંથી કૃષિ ઉત્પાદનોની નિકાસ વધશે અને ઔદ્યોગિક વિકાસને કારણે રોજગારીની નવી તકો સર્જાશે. સીએમ ભૂપેન્દ્ર પટેલે વધુમાં જણાવ્યું હતું કે, "જ્યારે વિશ્વની સૌથી મોટી લોકશાહીઓ એકસાથે કામ કરે છે, ત્યારે વૃદ્ધિ, નવીનતા અને સહિયારી સમૃદ્ધિને ઝડપ મળે છે."

આ ટેરિફ ઘટાડાનો સીધો લાભ ગુજરાત સહિત ભારતની સ્ટીલ, એલ્યુમિનિયમ, આઈટી પ્રોડક્ટ્સ અને એન્જિનિયરિંગ ક્ષેત્રની નિકાસને મળવાની પૂરી શક્યતા છે. ભારતીય નિકાસકારો માટે અમેરિકા હંમેશાથી એક મોટું બજાર રહ્યું છે, પરંતુ ઊંચા ટેરિફને કારણે નફાનું માર્જિન ઓછું રહેતું હતું. હવે ૧૮ ટકાના દરે ટેક્સ લાગવાથી ભારતની મધ્યમ અને નાની ઉદ્યોગ સાહસો પણ અમેરિકામાં તેમના ઓર્ડર્સ વધારી શકશે. આનાથી ભારતમાં રોજગારીની નવી તકો ઊભી થશે અને ઉત્પાદન ક્ષમતામાં પણ વધારો જોવા મળશે.

ટેક્સટાઈલ ઉદ્યોગને સૌથી વધુ ફાયદો થશે કારણ કે ભારતના કુલ કાપડ નિકાસનો ૨૮% હિસ્સો એકલા અમેરિકા જાય છે.

# અમદાવાદ એરપોર્ટ પર મહિલા પાસેથી ૯૪.૮ લાખનો ગાંજો ઝડપાયો

## મહિલા મુસાફરના સામાનમાંથી ચોકલેટ અને ખોરાકના કુલ ૯ પેકેટ શંકાસ્પદ રીતે મળી આવ્યા



અમદાવાદ,

અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર નશીલા પદાર્થો સામે કસ્ટમ્સ વિભાગની કાર્યવાહી સતત યથાવત્ છે. તાજેતરમાં કસ્ટમ્સ અધિકારીઓએ બેંગકોકથી આવેલી એક મહિલા મુસાફરને ઝડપી પાડી તેની પાસેથી મોટી માત્રામાં નશીલો પદાર્થ જપ્ત કર્યો છે. કસ્ટમ્સ અધિકારીઓની તપાસ દરમિયાન મહિલા મુસાફરના સામાનમાંથી ચોકલેટ અને ખોરાકના કુલ ૯ પેકેટ શંકાસ્પદ રીતે મળી આવ્યા હતા. તપાસ કરતાં આ પેકેટોમાં ગાંજો છુપાવવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું. કુલ ૯ પેકેટમાંથી અંદાજે ૯૪૮ ગ્રામ હાઈડ્રોનિક ગાંજો મળ્યો હતો.જપ્ત કરાયેલા નશીલા પદાર્થની કિંમત આંતરરાષ્ટ્રીય બજારમાં આશરે રૂ. ૯૪.૮ લાખ આંકવામાં આવી છે. ફીલ્ડ ટેસ્ટ દરમિયાન આ પદાર્થ ગાંજો હોવાનું નિશ્ચિત થયું હતું. કસ્ટમ્સ વિભાગે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી મહિલા મુસાફરની ધરપકડ કરી છે અને આ નેટવર્ક પાછળ કોણ સંકળાયેલું છે તેની દિશામાં વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# સુરતના ધમધમતા રેલવે ટ્રેક પર યુવતીએ રીલ બનાવી

## સોશિયલ મીડિયામાં વિડીયો વાઈરલ થતા યુવતીની શોધખોળ શરૂ કરાઈ

સુરત,

રીલ્સ બનાવવાનું ગાંડપણ યુવાઓને ક્યાં લઈ જશે તે કહેવું મુશ્કેલ બન્યું છે. સુરતના સચિન રેલવે સ્ટેશન નજીક સતત ધમધમતા રેલવે ટ્રેક પર એક યુવતીએ ફિલ્મી ગીત પર રીલ્સ બનાવતા ચકચાર મચી છે. જીવને જોખમમાં બનાવાયેલી આ રીલ મામલે હવે રેલવે વિભાગ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. નોંધનીય છે કે, રાજકોટમાં ગઈકાલે જ સેલ્ફી લેવાના ચક્કરમાં વંદે ભારત ટ્રેન અડફેટે ૩ લોકો આવી જતા ૨ લોકોના મોત નિપજ્યા હતા. વાયરલ વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે એક યુવતી સચિન વિસ્તારના રેલવે ટ્રેકની વચ્ચોવચ કોઈ પણ જાતના ડર વગર ચાલી રહી છે અને પોઝ આપી રહી છે. ઉલ્લેખનીય છે કે આ એવો ટ્રેક છે જ્યાંથી દિવસ-રાત તેજ ગતિએ એક્સપ્રેસ ટ્રેનો પસાર થાય છે. જો શૂટિંગ દરમિયાન અચાનક ટ્રેન આવી ગઈ હોત, તો યુવતીને જીવ બચાવવાનો મોકો પણ ન મળતે. માત્ર થોડી સેકન્ડની પ્રસિદ્ધિ માટે યુવતીએ પોતાનો અમૂલ્ય જીવ દાવ પર લગાવી દીધો હતો.રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF) ના નિયમો મુજબ, રેલવે ટ્રેક પર અનધિકૃત પ્રવેશ કરવો કે ત્યાં શૂટિંગ કરવું એ ગંભીર કાયદાકીય ગુનો છે. રેલવે એક્ટની કલમ ૧૪૭ હેઠળ આ બદલ જેલની સજા અથવા આકરા દંડની જોગવાઈ છે. સુરતની આ ઘટનામાં યુવતીએ માત્ર જીવ જોખમમાં નથી મૂક્યો, પરંતુ કાયદાનું પણ સરેઆમ ઉલ્લંઘન કર્યું છે.

સ્થાનિકોનું કહેવું છે કે જો આવા તત્વો સામે દાખલો બેસે તેવી કડક કાર્યવાહી નહીં થાય, તો અન્ય યુવાનો પણ આવા જોખમી સાહસો કરવા પ્રેરાશે. આમ તો આ વીડિયો સચિન વિસ્તારનો હોવાનું જાણવા મળ્યું છે. પરંતુ હાલ રેલવે વિભાગે તપાસ શરૂ કરી છે. સીસીટીવી ફૂટેજ અને સોશિયલ મીડિયા પ્રોફાઈલના આધારે યુવતીની ઓળખ મેળવવાના ચક્રો ગતિમાન કરાયા છે. રેલવે ટ્રેક પર રીલ બનાવનાર યુવતીએ માફી માંગતા જણાવ્યું હતું કે, જેમ કે તમે લોકોએ વીડિયોમાં જોયું, હવે હું તમને જણાવું છું કે વાત શું બની હતી. હું એક દિવસ સુરત એટલે કે સચિન સ્ટેશન પર ગઈ હતી, જે અમારા ઘરથી નજીક જ છે. ત્યાં મેં રેલવેના પાટા પર એક ગીત પર રીલ બનાવી હતી. ખબર નહીં કેવી રીતે એ રીલ આજે વાયરલ થઈ ગઈ અને હવે તેની પર કાનૂની કાર્યવાહી થઈ રહી છે. મને આ વિશે ખબર પડી છે, એટલે હું તે માટે માફી માંગુ છું. ત્યાંના જેટલા પણ ભાઈઓ અને લોકો છે, તે બધાને હું વિનંતી કરું છું કે કોઈએ પણ ત્યાં જઈને વીડિયો ન બનાવવો જોઈએ.

# વિકાસના નવા યુગ માટે ગુજરાતને ૨૦,૦૧૧ કરોડની બજેટ જોગવાઈ

## કેન્દ્રીય બજેટ ૨૦૨૬માં ગુજરાત રાજ્યના સર્વાંગી વિકાસને કેન્દ્રમાં રાખીને વિશેષ મહત્વ આપવામાં આવ્યું

અમદાવાદ,

કેન્દ્રીય બજેટ ૨૦૨૬માં ગુજરાત રાજ્યના સર્વાંગી વિકાસને કેન્દ્રમાં રાખીને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. દેશના આર્થિક વિકાસમાં સતત અગ્રેસર રહેલા ગુજરાત રાજ્યની ઔદ્યોગિક, વ્યાપારી અને માળખાકીય શક્તિને વધુ મજબૂત બનાવવા માટે કેન્દ્ર સરકારે મહત્વપૂર્ણ પગલું લીધું છે. આ બજેટમાં ગુજરાત માટે કુલ રૂ.૨૦,૦૧૧ કરોડની વિશાળ બજેટ જોગવાઈ કરવામાં આવી છે, જે રાજ્યના વિકાસપ્રવાસમાં નવી દિશા અને ગતિ આપનાર સાબિત થશે.

આ બજેટ હેઠળ સેમીકન્ડક્ટર ઉદ્યોગ, રેલવે અને મેટ્રો પ્રોજેક્ટ્સ, આવાસ યોજનાઓ, ઔદ્યોગિક તથા ડિજિટલ માળખાગત સુવિધાઓ, પ્રવાસન વિકાસ, માર્ગ અને એરવેઝના વિસ્તરણ સાથે- શિક્ષણ જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોને પ્રાથમિકતા આપવામાં આવી છે. આ તમામ ક્ષેત્રોમાં થનારા રોકાણથી રોજગારની નવી તકો સર્જાશે, આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસશે અને રાજ્યના સામાજિક તથા આર્થિક વિકાસને લાંબા ગાળે મજબૂત આધાર મળશે.

**કેન્દ્રીય તબદીલીઓ નોંધપાત્ર રીતે વધી**

વેરાની વહેંચણી : રૂ ૫૭,૩૧૦ કરોડ ૨૦૨૬-૨૭ ના અંદાજ માટે ગુજરાતને કરની વહેંચણી તરીકે બજેટમાં ફાળવવામાં આવ્યા છે.

સહાયક અનુદાન

ગુજરાત માટે વર્ષ ૨૦૨૫-૨૬ (અંદાજપત્રીય અંદાજ) માં ૨૦,૦૧૧ કરોડ રૂપિયાની બજેટ જોગવાઈ કરવામાં આવી છે.

**મૂડી ખર્ચ માટે રાજ્યોને વિશેષ સહાય**

યોજના અંતર્ગત, રાજ્ય સરકારોને ૫૦ વર્ષની વ્યાજમુક્ત લોન સ્વરૂપે વિશેષ સહાય પૂરી પાડવામાં આવે છે, જેના વ્યાજ ખર્ચ સંપૂર્ણપણે કેન્દ્ર દ્વારા વહન કરવામાં આવે છે.

આ નાણા પંચની ભલામણોથી પર છે.

મૂડી રોકાણ માટે રાજ્યોને વિશેષ સહાય યોજના હેઠળ ગુજરાત માટે નાણાં ફાળવવામાં આવ્યા.

**રેલવેઃ**

ગુજરાતમાં કાર્યરત થયેલા ટ્રેકની સરેરાશ લંબાઈ ૨૦૧૪ થી ૨૦૨૩ સુધીમાં વધીને ૧૮૬ કિમી પ્રતિ વર્ષ થઈ ગઈ છે, જે ૨૦૦૯ થી ૨૦૧૪ ના સમયગાળા માટે ૧૩૨ કિમી પ્રતિ વર્ષ હતી.

૨૫ થી ૨૬ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ, પ્રધાનમંત્રીએ રૂ.૧,૪૦૦ કરોડથી વધુના ખર્ચે રેલવેના અનેક પ્રોજેક્ટ દેશને સમર્પિત કર્યા, જેમાં શામેલ છેઃ

મહેસાણા-પાલનપુર રેલ્વે લાઇનનું ડબલિંગ, જે ૬૫ કિલોમીટર લાંબી છે, તેનું બજેટ ?૫૩૦ કરોડથી વધુ છે.

કલોલ-કડી-કટોસણ રોડ રેલ લાઇન, જે ૩૭ કિલોમીટર લાંબી છે, અને બેચરાજી-રણુજ રેલ લાઇન, જે ૪૦ કિલોમીટર લાંબી છે, તેના ગેજ રૂપાંતરનો સંયુક્ત ખર્ચ ?૮૬૦ કરોડથી વધુ છે.

પ્રાદેશિક જોડાણ સુધારવા અને સ્થાનિક અર્થતંત્રને વેગ આપવા માટે કટોસણ રોડ અને સાબરમતી વચ્ચેની પેસેન્જર ટ્રેનને ઝંડી બતાવીને પ્રસ્થાન કરાવવામાં આવ્યું.

વર્તમાન પ્રોજેક્ટ્સ (નવા ટ્રેક): ૪૨ પ્રોજેક્ટ્સ; ૨,૯૪૮ કિલોમીટર; ૩૦,૮૨૬ કરોડ.

ભારતનો પ્રથમ હાઈ સ્પીડ રેલ પ્રોજેક્ટ - મુંબઈ અમદાવાદ હાઈ સ્પીડ રેલ કોરિડોર પ્રોજેક્ટ માટે કામ ચાલી રહ્યું છે.

ચાર વંદે ભારત ટ્રેન કાર્યરત કરવામાં આવી છે. અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ ટ્રેન માર્ચ ૨૦૨૪ માં શરૂ થઈ હતી. જામનગર-અમદાવાદ ટ્રેન સપ્ટેમ્બર ૨૦૨૩ માં તેની સેવા શરૂ થઈ હતી. ગાંધીનગર-મુંબઈ ટ્રેન સપ્ટેમ્બર ૨૦૨૨ માં કાર્યરત થઈ હતી. જોધપુર-સાબરમતી (અમદાવાદ) ટ્રેન જુલાઈ ૨૦૨૩ માં કાર્યરત થઈ હતી.

અમદાવાદ, આણંદ, અંકલેશ્વર, અસારવા, બારડોલી, ભચાઉ, ભક્તિનગર, ભાણવડ, ભરૂચ, ભાટિયા, ભાવનગર, ભેસ્તાન, ભીલડી, બીલીમોરા જંક્શન અને બોટાદ જંક્શન સહિત કુલ ૮૭ સ્ટેશનોને અમૃત સ્ટેશનમાં પરિવર્તિત કરવામાં આવશે. ચાંદલોડિયા, ચોરવાડ રોડ, ડભોઈ જંક્શન, દાહોદ, ડાકોર, ડેરોલ, ધ્રાંગધ્રા, દ્વારકા, ગાંધીધામ, ગોધરા જંક્શન, ગોંડલ, હાપા, હિંમતનગર, જામ જોધપુર, જામ વંથળી, જામનગર, જુનાગઢ જંક્શન, કલોલ જંક્શન, કનાલુસ જંક્શન, કરમસદ, કેશોદ, ખંભાળિયા, કીમ, કોસંબા જંક્શન, લખતર, લીમડી, લીમખેડા, મહેમદાવાદ ખેડા રોડ, મહેસાણા જંક્શન, મહુવા, મણિનગર, મીઠાપુર, મિયાગામ કરજણ જંક્શન, મોરબી, નડિયાદ જંક્શન, નવસારી, ન્યુ ભુજ, ઓખા, પડધરી, પાલનપુર જંક્શન, પાલિતાણા, પાટણ, પોરબંદર, પ્રતાપનગર, રાજકોટ જંક્શન, રાજુલા જંક્શન, સાબરમતી બી.જી., સાબરમતી એમ.જી., સચિન, સામખિયાળી, સંજાણ, સાવરકુંડલા, સયાન, સિદ્ધપુર, સિહોર જંક્શન સોમનાથ, સોનગઢ, સુરત, સુરેન્દ્રનગર, થાણ, ઉધના, ઉદવાડા, ઉમરગામ રોડ, ઊંઝા, ઉતરાણ, વડોદરા, વાપી, વટવા, વેરાવળ, વિરમગામ, વિશ્વમિત્રી જંક્શન. વાંકાનેર

૨૦૧૪ થી, ૯૮૯ રેલ્વે ફ્લાયઓવર અને અંડર-બ્રિજ બનાવવામાં આવ્યા છે.

**મેટ્રો**

અમદાવાદ મેટ્રો રેલઃ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સપ્ટેમ્બર ૨૦૨૨માં રૂ. ૧૨૯૦૦ કરોડથી વધુના ખર્ચે બનેલા ફેઝ-૧ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું.

અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટના બીજા તબક્કાનું લોકાર્પણ સપ્ટેમ્બર ૨૦૨૪ માં પ્રધાનમંત્રી મોદી દ્વારા કરવામાં આવ્યું હતું.

**એરવેઝ**

ભારત સરકારે ગુજરાતના ધોલેરા અને રાજકોટમાં ગ્રીનફિલ્ડ હવાઈ મથકો સ્થાપવા માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

આ પૈકી, રાજકોટ ખાતેના ગ્રીનફિલ્ડ એરપોર્ટને કાર્યરત કરવામાં આવ્યું છે.

આરસીએસ ઉડાનઃ ૮ હવાઈ મથકો અને ૩૬ નવા હવાઈ માર્ગો કાર્યરત

જે એરપોર્ટ કાર્યરત થયા તેમાં ભાવનગર (૨૦૧૮), જામનગર (૨૦૧૮), કંડલા (૨૦૧૭), કેશોદ (૨૦૨૨), મુંદ્રા (૨૦૧૮), પોરબંદર (૨૦૧૭), સ્ટેચ્યુ ઓફ યુનિટી (૨૦૨૦) અને સાબરમતી રિવર ફ્રન્ટ (૨૦૨૦)નો સમાવેશ થાય છે.

ડિસેમ્બર ૨૦૨૩ માં, પ્રધાનમંત્રી મોદીએ ગુજરાતના સુરત એરપોર્ટ પર નવા ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્ઘાટન કર્યું.

ખેડૂતોને કૃષિ ઉત્પાદનોના પરિવહનમાં મદદ કરવા માટેની કૃષિ ઉડાન યોજના હેઠળ ભુજ, જામનગર અને રાજકોટ હવાઈ મથકો આવરી લેવામાં આવ્યા છે.

**માર્ગો**

ગુજરાતમાં ૩૦.૦૬.૨૦૨૫ ની સ્થિતિએ ૮૧૧૧ કિલોમીટરથી વધુ રાષ્ટ્રીય ધોરીમાર્ગોનું નિર્માણ કરવામાં આવ્યું છે.

૨૫ અને ૨૬ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ ભારતના પ્રધાનમંત્રીએ વિરમગામ—ખુદાદ—રામપુરા માર્ગના વિસ્તૃતીકરણનું ઉદ્ઘાટન કર્યું. આ ઉપરાંત, ટ્રાફિક પ્રવાહ અને પ્રાદેશિક કનેક્ટિવિટી સુધારવા માટે તેમણે અમદાવાદ—વિરમગામ માર્ગ પર રેલવે ઓવરબ્રિજ સહિત છ લેનના અંડરપાસ અને માર્ગ-રેલ કનેક્ટિવિટી વૃદ્ધિના કાર્યોનો શિલાન્યાસ કર્યો.

૨૬ ઓક્ટોબર ૨૦૨૪ (અમરેલી, ગુજરાત): પ્રધાનમંત્રીએ પ્રાદેશિક અને ગ્રામીણ કનેક્ટિવિટીને મજબૂત કરવા આશરે ?૪,૯૦૦ કરોડના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું અને શિલાન્યાસ કર્યો, જેમાં ?૨,૮૦૦ કરોડથી વધુના માર્ગ પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે.

૧૬ સપ્ટેમ્બર ૨૦૨૪. આ કાર્યક્રમ ગુજરાતના અમદાવાદમાં યોજાયો હતો. પ્રધાનમંત્રીએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (છસ્ઝ) હેઠળ પ્રતિષ્ઠિત માર્ગ વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યો. તેમણે બાકરોલ, હાથીજણ, રામોલ અને પાંજરાપોળ જંક્શન પર ફ્લાયઓવર બ્રિજની પણ જાહેરાત કરી.

ફેબ્રુઆરી ૨૦૨૪ માં, નવસારીમાં, પ્રધાનમંત્રીએ અનેક માર્ગ પહેલનું ઉદ્ઘાટન કર્યું, જેમાં વડોદરા-મુંબઈ એક્સપ્રેસવેના ભાગો તેમજ ભરૂચ, નવસારી અને વલસાડમાં માર્ગ વિકાસ પ્રોજેક્ટ્સનો સમાવેશ થતો હતો.

ભારતમાલા પરિયોજનાના ભાગ રૂપે ગુજરાતમાં પાંચ ગ્રીનફિલ્ડ કોરિડોર બનાવવામાં આવી રહ્યા છે, જે કુલ ૧,૫૭૭ કિલોમીટરની લંબાઈને આવરી લે છે અને અંદાજે રૂ. ૬૫,૪૮૮ કરોડના ખર્ચનો અંદાજ છે.

**દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે**

અમદાવાદ — ધોલેરા એક્સપ્રેસ વે

અમૃતસર-બઠિંડા-જામનગર કોરિડોર

સુરત-નાસિક-અહેમદનગર-સોલાપુર કોરિડોર

સાંચોર-ડીસા- મહેસાણા-અમદાવાદ કોરિડોર

૨ ઓગસ્ટ ૨૦૨૪ ના રોજ, આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ ૮ મહત્વપૂર્ણ રાષ્ટ્રીય હાઇ સ્પીડ કોરિડોર પ્રોજેક્ટ્સના વિકાસને મંજૂરી આપી. આ પ્રોજેક્ટ્સમાં ૬-લેન થરાદ - ડીસા - મહેસાણા - અમદાવાદ રાષ્ટ્રીય હાઇ-સ્પીડ કોરિડોરનો સમાવેશ થાય છે. તે બિલ્ડ - ઓપરેટ - ટ્રાન્સફર (ં) મોડમાં વિકસાવવામાં આવશે. આ પ્રોજેક્ટનો કુલ મૂડી ખર્ચ રૂ. ૧૦,૫૩૪ કરોડ છે.

**પ્રવાસન**

પ્રસાદ યોજનાના ભાગ રૂપે દ્વારકા, સોમનાથ અને અંબાજી મંદિરોના વિકાસ માટે ૧૭૬ કરોડ રૂપિયાનું બજેટ મંજૂર કરવામાં આવ્યું છે.

સ્વદેશ દર્શન યોજના હેઠળ થીમ આધારિત સર્કિટ્સના વિકાસ માટે રૂ. ૧૭૬ કરોડથી વધુ રકમ મંજૂર કરવામાં આવી.

વર્ષ ૨૦૧૮માં ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના કેવડિયા ખાતે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા (સ્ટેચ્યુ ઓફ યુનિટી) નું ઉદ્ઘાટન કર્યું હતું.

સાગરમાલા યોજનાના ભાગ રૂપે, પ્રાચીન સિંધુ ખીણ સંસ્કૃતિ સાથે સંકળાયેલા વિસ્તાર લોથલમાં ૩૫૦૦ કરોડ રૂપિયાના બજેટ સાથે રાષ્ટ્રીય દરિયાઈ વારસો સંકુલ (NMHC) બનાવવામાં આવી રહ્યું છે.

૯ ઓક્ટોબર, ૨૦૨૪ ના રોજ, કેન્દ્રીય મંત્રીમંડળે લોથલમાં નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ (NMHC) ની સ્થાપના માટે મંજૂરી આપી.

૨૫ ફેબ્રુઆરી ૨૦૨૪ (દ્વારકા): પ્રધાનમંત્રીએ સુદર્શન સેતુનું લોકાર્પણ કર્યું, જે ભારતનો સૌથી લાંબો કેબલ-સ્ટેડ બ્રિજ છે, જે અંદાજે ૯૮૦ કરોડ રૂપિયાના ખર્ચે બાંધવામાં આવ્યો હતો.

૧૨ માર્ચ, ૨૦૨૪ના રોજ, પ્રધાનમંત્રીએ ગુજરાતમાં એકતા મોલ માટે ફાઉન્ડેશનનું ઉદ્ઘાટન કર્યું, જેનો ઉદ્દેશ્ય સ્થાનિક ઉત્પાદનો, હસ્તકલા અને સાંસ્કૃતિક વેપારને ટેકો આપવાનો છે.

**વીજળી અને ઊર્જા માળખાગત સુવિધાઓ**

૨૫-૨૬ ઓગસ્ટ, ૨૦૨૫ દરમિયાન પ્રધાનમંત્રીએ અમદાવાદ, મહેસાણા અને ગાંધીનગરમાં સુધારેલી વિતરણ ક્ષેત્ર યોજના હેઠળ વીજ વિતરણ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું, જેનો હેતુ વીજ વિક્ષેપ ઘટાડવાનો, નેટવર્કને આધુનિક બનાવવાનો અને પુરવઠાની વિશ્વસનીયતા મજબૂત કરવાનો છે.

૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ, અમદાવાદમાં, પ્રધાનમંત્રીએ કચ્છ લિગ્નાઈટ થર્મલ પાવર સ્ટેશન ખાતે ૩૫ મેગાવોટ બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ સોલર પીવી પ્રોજેક્ટ સાથે ૩૦ મેગાવોટની સૌર ઉર્જા સુવિધાનો શુભારંભ કરાવ્યો. પ્રધાનમંત્રીએ મોરબી અને રાજકોટમાં ૨૨૦ ાફ સબસ્ટેશનનું સત્તાવાર ઉદ્ઘાટન કર્યું.

૧૯ જૂન ૨૦૨૪ઃ ભારત સરકારે દરિયાકાંઠાના પવન ઊર્જા પ્રોજેક્ટના અમલીકરણ માટે વાયબિલિટી ગેપ ફંડિંગ યોજના (વાય.જી.એફ.) ને મંજૂરી આપી છે, જેમાં ગુજરાત અને તમિલનાડુના દરિયાકાંઠે દરેક ૫૦૦ મેગાવોટના બે પ્રોજેક્ટનો સમાવેશ થાય છે.

આ પહેલો રૂ.૭,૪૫૩ કરોડના એકંદર બજેટ સાથે ડિઝાઈન કરવામાં આવી હતી, જે ભારતની ઓફશોર પવન અને સ્વચ્છ ઉર્જા ક્ષમતાઓને વધારે છે.

૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૪ ના રોજ, પ્રધાનમંત્રીએ અનેક નવીનીકરણીય ઉર્જા પહેલો માટે પાયાના કામનું સત્તાવાર રીતે ઉદ્ઘાટન કર્યું.

૩૦૦ મેગાવોટ ભુજ-II સૌર પહેલ

૬૦૦ મેગાવોટનો સોલાર ફોટોવોલ્ટેઈક પ્રોજેક્ટ ગ્રીડ સાથે જોડાયેલ છે

ખાવડા સૌર ઊર્જા પરિયોજના

૨૦૦ મેગાવોટ દયાપુર-૨ પવન ઊર્જા પ્રોજેક્ટ

૨૨ ફેબ્રુઆરી ૨૦૨૪ ના રોજ, પ્રધાનમંત્રીએ કાકરાપાર પરમાણુ વિદ્યુત મથક ખાતે બે પ્રેશરાઈઝ્ડ હેવી વોટર રિએક્ટર, KAPS-3 અને KAPS-4નું ઉદ્ઘાટન કર્યું, જેનું નિર્માણ ?૨૨,૫૦૦ કરોડથી વધુના ખર્ચે કરવામાં આવ્યું હતું.

૨૫ ફેબ્રુઆરી ૨૦૨૪:

પ્રધાનમંત્રીએ મુન્દ્રાથી પાણીપત સુધીના ૧,૧૯૪ કિલોમીટર લાંબા ક્રૂડ ઓઈલ પાઈપલાઈન પ્રોજેક્ટ માટે પાયાના કામનું ઉદ્ઘાટન કર્યું, જેનો ખર્ચ ?૯,૦૦૦ કરોડથી વધુ હોવાનો અંદાજ છે.

વડા પ્રધાને વાડીનાર અને રાજકોટ-ઓખા ખાતે પાઈપલાઈન પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કર્યું.

**શહેરી યોજનાઓ અને આવાસ**

૨૫-૨૬ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ, પ્રધાનમંત્રીએ પીએમએવાય-શહેરી હેઠળ ઝૂંપડપટ્ટી પુનર્વસન કાર્યોનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રોજેક્ટ સેક્ટર-૩, રામાપીર નો ટેકરો ખાતે ઈન સીટુ ઝૂંપડપટ્ટી પુનર્વસન પર કેન્દ્રિત હતો. પ્રધાનમંત્રીએ શહેરી પાણી અને ગટર વ્યવસ્થાપન પ્રોજેક્ટ્સ માટે પણ શિલાન્યાસ કર્યો. વધુમાં, અન્ય નાગરિક માળખાકીય પ્રોજેક્ટ્સ માટે શિલાન્યાસ કરવામાં આવ્યો. આ પહેલનો હેતુ જાહેર સુવિધાઓ અને સેવા વિતરણમાં સુધારો કરવાનો છે.

**ઔદ્યોગિક અને ડિજિટલ માળખાગત સુવિધાઓ**

૨૫-૨૬ ઓગસ્ટ ૨૦૨૫ દરમિયાન પ્રધાનમંત્રીએ નાગરિક-કેન્દ્રિત સેવાઓ વધારવા માટે અમદાવાદ પશ્ચિમમાં સ્ટેમ્પ્સ અને રજીસ્ટ્રેશનના નવા મકાનનો અને સુરક્ષિત ડિજિટલ ગવર્નન્સ માળખાને મજબૂત કરવા ગાંધીનગરમાં રાજ્ય-સ્તરીય ડેટા સ્ટોરેજ સેન્ટરનો શિલાન્યાસ કર્યો.

**હરિત ગતિશીલતા અને ઉત્પાદન**

૨૬ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ, પ્રધાનમંત્રીએ્ હ્રજી લિથિયમ-આયન બેટરી પ્લાન્ટ ખાતે હાઈબ્રિડ બેટરી ઈલેક્ટ્રોડના સ્થાનિક ઉત્પાદનનું ઉદ્ઘાટન કર્યું. તેમણે સુઝુકીના પ્રથમ વૈશ્વિક બેટરી ઈલેક્ટ્રિક વાહન, "ી ફૈંછઈછ" ને પણ લીલી ઝંડી આપી. આ વાહન ૧૦૦ થી વધુ દેશોમાં નિકાસ માટે તૈયાર છે. આ કાર્યક્રમમાં સ્વચ્છ ઉર્જા અને અદ્યતન ઉત્પાદન ક્ષેત્રોમાં મેક ઈન ઈન્ડિયા અને આત્મનિર્ભર ભારતની પહેલ પર ભાર મૂકવામાં આવ્યો.

**વારસાકીય અને સાંસ્કૃતિક માળખાકીય સુવિધાઓ**

૩૧ ઓક્ટોબર ૨૦૨૫ (એકતા નગર, ગુજરાત): પ્રધાનમંત્રીએ સ્ટેચ્યુ ઑફ યુનિટી નજીક ભારતના રાજવી સામ્રાજ્યોના સંગ્રહાલયનો શિલાન્યાસ કર્યો.

૩૦-૩૧ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ, પ્રધાનમંત્રી એકતા દિવસ ઉજવણી માટે આવ્યા હતા. તેમણે એક ખાસ સ્મારક સિક્કો બહાર પાડ્યો હતો. આ સિક્કો ?૧૫૦ ના મૂલ્યનો હતો. તેમણે એક સ્ટેમ્પ પણ બહાર પાડ્યો હતો. આ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે હતું.

૩૦ ઓક્ટોબર ૨૦૨૪ (એકતા નગર, ગુજરાત): પ્રધાનમંત્રીએ પ્રવાસન માળખાકીય સુવિધાઓ, નાગરિક સુવિધાઓ અને મુલાકાતીઓના અનુભવને મજબૂત કરવાના ઉદ્દેશ્ય સાથે ૨૮૦ કરોડ રૂપિયાથી વધુના માળખાકીય સુવિધાઓ અને વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું અને શિલાન્યાસ કર્યો.

૨૬ ઓક્ટોબર ૨૦૨૪ ના રોજ, પ્રધાનમંત્રીએ પ્રવાસન સંબંધિત વિકાસ પહેલનો શિલાન્યાસ કર્યો. આ પહેલોમાં પોરબંદરના મોકરસાગર ખાતે કાર્લી રિચાર્જ જળાશયનું પરિવર્તન સામેલ છે. આ પ્રોજેક્ટ્સ ઈકો-ટુરિઝમ અને જળ સંરક્ષણને ટેકો આપે છે.

**શૈક્ષણિક માળખાકીય સુવિધાઓ**

૬ ડિસેમ્બર ૨૦૨૪: કેન્દ્ર સરકારે નાગરિક અને સંરક્ષણ ક્ષેત્રો હેઠળ દેશભરમાં ૮૫ નવા કેન્દ્રીય વિદ્યાલયો ખોલવાને મંજૂરી આપી, જેમાં ગુજરાતના ચક્કરગઢ, ઓગણજ અને વેરાવળ ખાતેના ત્રણનો પણ સમાવેશ થાય છે.

સપ્ટેમ્બર ૨૦૨૩ માં, પ્રધાનમંત્રીએ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું. તેમણે ?૪,૫૦૦ કરોડથી વધુના પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ પણ કર્યો. આ પ્રોજેક્ટ્સ મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સનો ભાગ છે. આ મિશનનો ઉદ્દેશ્ય સમગ્ર ગુજરાતમાં હજારો વર્ગખંડો અને શાળાના માળખાને અપગ્રેડ કરવાનો છે.

**સેમીકન્ડક્ટર્સ**

૨ સપ્ટેમ્બર, ૨૦૨૪ ના રોજ, ભારત સરકારે ગુજરાતના સાણંદમાં ૩,૩૦૦ કરોડ રૂપિયાના રોકાણ સાથે સેમિકન્ડક્ટર સુવિધા સ્થાપિત કરવાના કેન્સ સેમિકોન પ્રાઈવેટ લિમિટેડના પ્રસ્તાવને મંજૂરી આપી.

ભારત સરકારે ૨૯ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ ગુજરાતમાં ૨ સેમિકન્ડક્ટર યુનિટ્સની સ્થાપનાને "સેમિકન્ડક્ટર અને ડિસ્પ્લે મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમનો વિકાસ:" શીર્ષક હેઠળની યોજના હેઠળ મંજૂરી આપી છે.

ધોલેરામાં ૫૦,૦૦૦ ુકજદ્ઘ ક્ષમતાનો સેમિકન્ડક્ટર ફેબ યુનિટ સ્થાપવા EPL અને PSMC (તાઈવાન) વચ્ચે ભાગીદારી થઈ છે.

ગુજરાતના સાણંદમાં વિશિષ્ટ ચિપ્સ માટે સેમિકન્ડક્ટર ATMP એકમ જૂન ૨૦૨૩ માં, કેન્દ્રીય મંત્રીમંડળે ગુજરાતના સાણંદમાં સેમિકન્ડક્ટર સુવિધા સ્થાપિત કરવાની માઈક્રોનની યોજનાને મંજૂરી આપી.

**કાપડ અને વસ્ત્રો માળખાકીય સુવિધાઓ**

૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૪ ના રોજ, પ્રધાનમંત્રીએ નવસારીમાં પીએમ મિત્ર મેગા ટેક્સટાઈલ પાર્કના નિર્માણનો શુભારંભ કરાવ્યો, જેનાથી સંકલિત કાપડ ઉત્પાદનમાં વધારો થયો અને રોજગારીની તકોનું સર્જન થયું.

**જળ પુરવઠો અને શહેરી સેવાઓ**

૨૬ ઓક્ટોબર ૨૦૨૪ (અમરેલી): પ્રધાનમંત્રીએ જળ પુરવઠા વિભાગની રૂ.૭૦૦ કરોડથી વધુની યોજનાઓનું ઉદ્ઘાટન કરી અને શિલાન્યાસ કર્યો.

ફેબ્રુઆરી ૨૦૨૪ માં, નવસારીમાં, પ્રધાનમંત્રીએ તાપીમાં ગ્રામીણ પીવાના પાણી પુરવઠા પહેલ અને ભરૂચમાં ભૂગર્ભ ગટર પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું.

**મહત્ત્વકાંક્ષી યોજનાઓ અંતર્ગત પ્રયાસો - જાન્યુઆરી ૨૦૨૬ મુજબ**

પ્રધાનમંત્રી જન ધન યોજનાઃ કુલ ખાતા ૧.૯૭ કરોડથી પણ વધુ.

પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના - નોંધણીની સંખ્યાઃ ૧૦.૫ મિલિયનથી વધુ.

પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના - નોંધણીની સંખ્યાઃ ૨.૨૧ કરોડથી વધુ

પ્રધાનમંત્રી મુદ્રા યોજના — વિતરિત રકમઃ ૧.૪૬ લાખ કરોડથી વધુ અટલ પેન્શન યોજના — કુલ ગ્રાહકોઃ ૩૦.૩ લાખથી વધુ

પીએમ સ્વનિધિ - પ્રક્રિયા કરાયેલ અરજીઓની સંખ્યાઃ ૭૪૮,૦૦૦ થી વધુ

કેસીસી કાર્ડ જારી કરવામાં આવ્યાઃ ૪૬.૮ લાખથી વધુ

જલ જીવન મિશનઃ ૯૧.૧ લાખથી વધુ ગ્રામીણ પરિવારોને નળ જોડાણ પૂરા પાડવામાં આવ્યા

પીએમ ઉજ્જવલા યોજનાઃ ૪૩ લાખથી વધુ એલપીજી જોડાણો આપવામાં આવ્યા

જન ઔષધિઃ ૮૫૮ થી વધુ જન ઔષધિ કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા છે.

આયુષ્માન કાર્ડઃ ૨.૭૧ કરોડથી વધુ આયુષ્માન કાર્ડ બનાવવામાં આવ્યા

પીએમ ગરીબ કલ્યાણ અન્ન યોજનાઃ ૩૬.૬ મિલિયનથી વધુ પ્રાપ્તકર્તાઓ

પીએમ કિસાનઃ ૫૧.૩ લાખથી વધુ ખેડૂતોને સહાય કરવામાં આવી છે.

### જૂની અદાવતની દાઝ રાખી છરીના ઘા ઝીંકી દેતા યુવકનું સારવારમાં મૃત્યુ થયું હતું

# ઈન્દીરાનગરના યુવાનની હત્યા કરનાર શખ્સને પડી આજીવન કેદ

**૨૯ દસ્તાવેજી, ૧૫ મૌખિક પુરાવાને ધ્યાનમાં રાખી કોર્ટે સજા અને દંડ ફટકાર્યો**

ભાવનગર,તા.૪

શહેરના આખલોલજકાતનાકા પાસે આવેલા ઈન્દીરાનગરમાં જૂની અદાવતની દાઝ રાખી માતા-પુત્રને માર મારી ધમકી આપી યુવકની હત્યા કરનાર શખ્સને આજીવન કેદની સજાનો કોર્ટે હુકમ કર્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના આખલોલ જકાતનાકા, શીતળા માતાજીની દેરી પાસે, ઈન્દીરાનગરમાં રહેતા બદાભાઈ ઉર્ફે હીરાભાઈ ભીમાભાઈ મકવાણાએ તે જ વિસ્તારમાં રહેતો પ્રકાશ ઉર્ફે પકો કાનજીભાઈ બોરીચા નામના શખ્સને બાઈકમાં હોર્ન મારી ઘર પાસેથી નીકળવા બાબતે ઠપકો આપ્યો હતો. જે વાતનું ઘરમેળે સમાધાન થઈ ગયું હોવા છતાં ગત તા.૨૬-૨-૨૦૨૪ના રોજ રાત્રિના સમયે પ્રકાશ ઉર્ફે પકો કાનજીભાઈ બોરીચાએ આધેડના ઘર પાસે આવી ગાળો બોલી બદાભાઈના પત્ની જયાબેનને પાટુ તેમજ દિકરા કિશનભાઈ (ઉ.વ.૧૮)ને છરીના ઘા ઝીંકી મારી નાંખવાની ધમકી આપી હતી. આ ઘટનામાં ગંભીર ઈજા પામેલા કિશનભાઈનું ગત તા.૭-૩-૨૦૨૪ના રોજ બપોરના સમયે સારવાર દરમિયાન મૃત્યુ થતાં મારામારીની ઘટના હત્યામાં પરિણમી હતી.

બનાવ અંગે બદાભાઈ ઉર્ફે હીરાભાઈ મકવાણાએ શખ્સ સામે વરતેજ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસી ૩૦૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨), જીપીએ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરી હત્યારા શખ્સને ઝડપી લઈ જેલમાં ધકેલી દીધો હતો. દરમિયાનમાં આ અંગેનો કેસ ભાવનગરના પ્રિન્સિપાલ ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ એચ.એસ.મુલિયાની કોર્ટમાં ચાલી જતાં જિલ્લા સરકારી વકીલ મનોજભાઈ આર. જોશીની અસરકારક દલીલો, ૨૯ દસ્તાવેજી અને ૧૫ મૌખિક પુરાવાને ધ્યાને રાખી ન્યાયમૂર્તિએ આરોપી પ્રકાશ ઉર્ફે પકો બોરીચાને આજીવન કેદની સજા અને રોકડ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.



# ભાવનગર જિલ્લામાં એક વર્ષમાં કેન્સરના દર્દીઓમાં સરેરાશ ૬૩ ટકાનો વધારો નોંધાયો

### ગત વર્ષમાં ભાવનગર કેન્સર કેર હોસ્પિટલમાં દૈનિક સરેરાશ ૩૭ દર્દીઓની ઓપીડી

ભાવનગર,તા.૪

સમગ્ર વિશ્વમાં કેન્સરના રોગનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. ત્યારે ભાવનગરમાં પણ કેન્સરના દર્દીઓમાં વધારો જોવા મળી રહ્યો છે. સર ટી.હોસ્પિટલ કેમ્પસમાં આવેલી ભાવનગર કેન્સર કેર હોસ્પિટલમાં સરવાર માટેઆવતા કેન્સરના દર્દીઓના આંકડાઓ પ્રમાણે વર્ષ-૨૦૨૪ની સરખામણીએ વર્ષ-૨૦૨૫માં કેન્સરના દર્દીઓમાં ૬૩ ટકાનો વધારો થયો છે. વર્ષ-૨૦૨૫માં રોજ સરેરાશ ૩૭ દર્દીની ઓપીડી થઈ છે.

યુનાઈટેડ નેશન્સ દ્વારા કેન્સર જેવા જીવલેણ રોગ અંગે લોકોમાં જાગૃતિ આવે તેવા હેતુથી દર વર્ષે ૪ ફેબ્રુઆરીના રોજ વિશ્વ કેન્સર દિવસની ઉજવણી કરવામાં આવે છે. સમગ્ર વિશ્વમાં કેન્સરના રોગનું પ્રમાણ વધી રહ્યું છે. ભાવનગરમાં પણ કેન્સરના દર્દીઓમાં વધારો જોવા મળી રહ્યો છે. અગાઉ ભાવનગરમાં કેન્સર હોસ્પિટલ કાર્યરત નહોતી ત્યારે ભાવનગરથી કેન્સરના દર્દીઓને ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટીટયુટ અમદાવાદ ખાતે સારવાર માટે જવું પડતું હતું. પરંતુ લોકોની માંગણી બાદ ભાવનગરની સર ટી.હોસ્પિટલના કેમ્પસમાં નિર્માણ પામેલી ભાવનગર કેન્સર કેર હોસ્પટલમાં કેન્સરના દર્દીઓની સારવાર થાય છે. ભાવનગર કેન્સર કેર હોસ્પટલના આંકડાઓ પ્રમાણે વર્ષ-૨૦૨૪માં ૯૪૩ નવા મળી કુલ ૮૩૮૮ કેન્સરના દર્દીઓની ઓપીડી થઈ છે. જ્યારે વર્ષ-૨૦૨૫ દરમિયાન કેન્સરના નવા ૧૨૭૯ દર્દી મળી કુલ ૧૩,૬૮૦ દર્દીઓની ઓપીડી થઈ છે. આમ, એક વર્ષમાં ભાવનગરમાં કેન્સરના દર્દીઓમાં ૬૩ ટકાનો વધારો થયો છે. કેન્સરના દર્દીઓની ઓપીડીના આંકડાઓ પ્રમાણેવર્ષ-૨૦૨૫ દરમિયાન સૌથી વધારે ડિસેમ્બર-૨૦૨૫માં ૧૩૮૮ દર્દીઓની ઓપીડી થઈ જ્યારે સૌથી ઓછી એપ્રીલ-૨૦૨૫માં ૮૮૯ દર્દીઓની ઓપીડી થઈ છે. તેમજ ગત વર્ષ દરમિયાન કેન્સરના ૪૭૮ દર્દીઓને રેડિયો થેરેપી અને ૨૩૦૬ દર્દીઓને કીમોથેરેપી અને કેન્સરની ૫૨૫ માઈનોર અને ૧૦૩ મેજર મળી કુલ ૬૨૮ સર્જરીઓ થઈ હતી.

### રૂવા ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ભાવનગર મહાપાલીકાની તપાસ

# આર્થિક સંપન્ન લોકોએ સરકારી આવાસ ભાડે આપી દેતા ૩૪ લાભાર્થીને ફટકારાઈ નોટીસ

**ભાડુઆતોને ૭ દિવસમાં આવાસ ખાલી કરવા કડક તાકીદ કરાઈ**

ભાવનગર,તા.૪

શહેરમાં પ્રધાનમંત્રી આવાસ યોજનામાં નિયમનો ભંગ કરી આવાસ ભાડે આપી આર્ટિક સમ્પન્ન લોકોએ ધંધો શરુ કર્યો છે. તેથી મનપાએ તમામ આવાસ યોજનામાં તબક્કાવાર તપાસ શરૂ કરી છે અને ભાડુઆતોને નોટિસ આપવામાં આવી રહી છે. મંગળવારે રૂવા ખાતેની આવાસ યોજનામાં સર્વે કરવામાં આવ્યો હતો જેમાં ૧૨૦ પૈકી ૩૪ ભાડુઆત હોવાનું સામે આવ્યું હતું.

ભાવનગર મહાનગરપાલિકાના દ્વારા શહેરના રૂવામાં રીંગ રોડ પર આવેલ ફાઈનલ પ્લોટ નંબર-૧૦૪ ખાતેની ૨૫૪૮ ઈ.ડબ્લ્યું. એસ.-૧ પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ભાડુઆતના મામલે તપાસ હાથ ધરવામાં આવી હતી. આ આવાસ યોજનામાં કુલ ૧૨૦ આવાસ આવેલા છે, જેમાં ૩૪ ભાડુઆત હતા અને ૪૯ મુળ લાભાર્થી હતા, જયારે ૩૭ બંધ મકાન જોવા મળ્યા હતાં. ભાડુઆતોને ૭ દિવસમાં આવાસ ખાલી કરવા તાકીદ નોટિસ આપીને આવાસો ખાલી કરાવવા જાણ કરવામાં આવેલ છે. અન્યથા આવા આવાસોના સીલીંગ કરવા ઉપરાંત દંડનીય કાર્યવાહી કરવામાં આવશે તેમજ આગામી દિવસોમાં અન્ય સ્થળો પર આવેલા આવાસોના સર્વે કરી ભાડે આપેલ આવાસોના સીલીંગ કરવાની કામગીરી કાર્યવાહી કરવા તંત્રએ નિર્દેશ આપ્યો છે.


### કાગધામ ખાતે પદ્મશ્રી કવિ કાગબાપુની પુણ્યતિથિ નિમિતે આયોજન

# મોરારીબાપુના સાનિધ્યમાં કાગ એવોર્ડ એનાયત સમારોહ યોજાશે

ભાવનગર,તા.૨

પદ્મશ્રી કવિ કાગબાપુની પાવન જન્મભૂમિ કાગધામ ખાતે કાગબાપુની ૪૯મી પુણ્યતિથિ (કાગ ચોથ) નિમિતે પૂજ્ય મોરારી બાપુના સાનિધ્યમાં ભવ્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ અવસરે મોરારીબાપુ પ્રેરિત "કાગ એવોર્ડ"ના રજત મહોત્સવ વર્ષની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવી રહ્યો છે.કાગ એવોર્ડના સંયોજક ડૉ. બળવંતભાઈ જાની દ્વારા વર્ષ ૨૦૨૬ માટે કાગ એવોર્ડની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. રજત મહોત્સવ વર્ષ દરમ્યાન કુલ ૨૫ વિદ્વાનોને કાગ એવોર્ડ અર્પણ કરવામાં આવશે.





અચલદાન બોક્ષા, ચેતન ગઢવી, જીતુ દાદ ગઢવી, ઈન્દુબેન ગઢવી (બાટી), જવાહર ગઢવી.દિવંગત વિદ્વાનો (મરણોત્તર સન્માન)માં:સ્વ. જીવભાઈ પિંગલશી નરેલા, કવિ કાન, જાદવજીબાપા (મોજાડીવાલા), વિજયકરણ મેહડુ, દાદુદાન ખુમદાન.રાજસ્થાનના વિદ્વાનો:પદ્મશ્રી સુખદેવસિંહ બારહઠ, શ્રી માધવ હાડા, ધનંજયાબેન અમરાવત, મહાદાનસિંહ બારહઠ, ભવરદાન રતુનું સન્માન થશે.

ફાગણ સુદ ચોથ, તા. ૨૧-૦૨-૨૦૨૬ના (શનિવાર)રોજ બપોરે ૩ થી સાંજના ૬ વાગ્યા સુધી કાગધામ ખાતે "કાગના ફળિયે કાગની વાતું" વિષયક પરિસંવાદ યોજાશે. આ પરિસંવાદમાં પ્રખ્યાત વક્તા રમજાન હસણિયા પોતાના વિચારો પ્રસ્તુત કરશે.કાર્યક્રમ અંતર્ગત કવિ કાગબાપુ એવોર્ડ અર્પણવિધિ તેમજ કચ્છ–કાઠિયાવાડ અને ગુજરાતના નામી–અનામી કલાકારો દ્વારા કાગવાણીની ભાવસભર રજૂઆતો યોજાશે.પદ્મશ્રી કવિ કાગબાપુ ટ્રસ્ટ દ્વારા સર્વ કાગપ્રેમીજનનો આ અવસરે હાજરી આપવા આમંત્રણ આપવામાં આવ્યુ છે.

# ૧૩મી સ્ટેટ કરાટે ચેમ્પિયનશિપમાં ૫૦૦થી વધુ સ્પર્ધકો થયા સહભાગી

ભાવનગર,તા.૪

ઈન્ટરનેશનલ કરાટે સંસ્થા કરાટે એકેડેમી ઓફ જાપાન ગોજુરિયુ ઈન્ડિયા, ભાવનગર દ્વારા સ્પોર્ટ કોમ્પલેક્ષ સિદસર ખાતે ૧૩મી સ્ટેટ કરાટે ચેમ્પિયનશિપનું આયોજન કરવામાં આવેલ. આ સ્પર્ધામાં ભાવનગર ઉપરાંત અમદાવાદ, રાજકોટ, જૂનાગઢ, બોટાદ જેવા અલગ અલગ જિલ્લામાથી ૫૧૧ જેટલા કરાટેકાઓએ ભાગ લીધો હતો.



વિદ્યાર્થીઓએ આ ટુર્નામેન્ટમાં ખૂબ જ ઉત્સાહભેર ભાગ લીધેલ અને ખૂબ સારો દેખાવ કરેલ. દરેક વિજેતા વિદ્યાર્થીઓને મેડલ અને સર્ટિફિકેટ એનાયત કરી સન્માનિત કરવામાં આવેલ. આ સ્ટેટ લેવલ કોમ્પિટિશનમાં ભાવનગર શહેરના DY. SP રણજીતસિંહ સિંઘાલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત શહેરની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાના સંચાલકો પ્રિન્સિપાલ, શિક્ષકો, ડોક્ટર, ઉદ્યોગપતિઓએ વિશેષ હાજરી આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ આયોજનને સફળ બનાવા સંસ્થાના ઈન્ડિયા ખાતેના ચીફ ઈન્સ્ટ્રક્ટર શિહાન પ્રદીપ પારેખ તેમજ બ્લેક બેલ્ટ ઈન્સ્ટ્રક્ટર ટીમે જહેમત ઉઠાવી હતી.

# લખપતિ દીદી પહેલના અમલીકરણ માટે યોજાઈ બેઠક

ભાવનગર,તા.૪

ભાવનગર કલેકટર કચેરી ખાતે નિવાસી અધિક કલેક્ટર એન. ડી. ગોવાણી તથા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જયશ્રીબેન જરૂના અધ્યક્ષ સ્થાને "લખપતિ દીદી પહેલ" અંતર્ગત જિલ્લા કક્ષાની સંચાલન સમિતિની બેઠક યોજવામાં આવી હતી.બેઠકમાં "લખપતિ દીદી પહેલ"ના વર્તમાન અમલીકરણ, યોજનાની પ્રગતિની સ્થિતિ તથા આગામી આયોજન બાબતે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. આ દરમિયાન નિવાસી અધિક કલેક્ટર તથા નિયામક દ્વારા યોજનાના સુચારુ, અસરકારક તથા લક્ષ્યાંક આધારિત અમલીકરણ માટે જરૂરી માર્ગદર્શન અને મહત્વપૂર્ણ સૂચનાઓ આપવામાં આવી હતી.

# સંગીતની તાલે સ્વસ્થતા, શરીરને ચલાવો, ચરબી ઘટાડો : નૃત્ય દ્વારા મેદસ્વિતા પર જીત

**નિયમિત નૃત્યથી હૃદય અને ફેફસાંની કાર્યક્ષમતા સુધરે છે, મેટાબોલિઝમ સક્રિય બને છે અને મેદસ્વિતા નિયંત્રણમાં ભજવે છે મહત્વપૂર્ણ ભૂમિકા**

ભાવનગર,તા.૪

મેદસ્વિતા આજે એક ગંભીર જાહેર આરોગ્ય સમસ્યા બની રહી છે, જે ડાયાબિટીસ, હૃદયરોગ, ઉચ્ચ રક્તચાપ અને સાંધાના દુખાવા જેવી અનેક બીમારીઓનું કારણ બને છે. બેઠાડુ જીવનશૈલી, અનિયમિત આહાર અને શારીરિક પ્રવૃત્તિના અભાવને કારણે વજન ધીમે ધીમે વધતું જાય છે. મેદસ્વિતા પર નિયંત્રણ મેળવવા માટે સંતુલિત આહાર સાથે નિયમિત શારીરિક ચળવળ અનિવાર્ય છે. મેદસ્વિતા પરથી મુક્તિ મેળવવા માટે વ્યાયામ જરૂરી છે, પરંતુ દરેક વ્યક્તિ માટે કડક કસરત અથવા જિમ શક્ય નથી. આવી પરિસ્થિતિમાં નૃત્ય એક સરળ શારીરિક પ્રવૃત્તિ બની શકે છે. નૃત્ય કરતી વખતે શરીરના વિવિધ અંગો સક્રિય થાય છે, જેના કારણે ઊર્જા વધે છે અને ચરબી ઘટાડવામાં મદદ મળે છે.નિયમિત શારીરિક ચળવળના ભાગરૂપે નૃત્ય અપનાવવાથી હૃદય અને ફેફસાંની કાર્યક્ષમતા સુધરે છે, મેટાબોલિઝમ સક્રિય બને છે અને શરીરની લવચીકતા વધે છે. આ બધા પરિબળો મેદસ્વિતા નિયંત્રણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

મેદસ્વિતા સાથે માનસિક તણાવ પણ જોડાયેલો હોય છે. તણાવના કારણે વધુ ખાવાની આદત વિકસે છે, જે વજન વધારવાનું કારણ બને છે. નૃત્ય અને સંગીત જેવી આનંદદાયક પ્રવૃત્તિ મનને પ્રસન્ન રાખે છે, તણાવ ઘટાડે છે અને ભાવનાત્મક ખાવાની ટેવ પર નિયંત્રણ લાવવામાં મદદ કરે છે.ભારતીય પરંપરાગત નૃત્યરૂપો અથવા સરળ ગતિસંચલનવાળી પ્રવૃત્તિઓને દૈનિક જીવનમાં સામેલ કરી શકાય છે. આ માટે ખાસ સાધનો કે વધારે ખર્ચની જરૂર નથી. રોજ ૩૦ મિનિટ સુધી શારીરિક રીતે સક્રિય રહેવું, ચાહે તે નૃત્ય હોય, ચાલવું હોય કે અન્ય પ્રવૃત્તિ હોય તે મેદસ્વિતા ઘટાડવામાં અસરકારક સાબિત થાય છે. મેદસ્વિતા પર મુક્તિ મેળવવા માટે જીવનશૈલીમાં સકારાત્મક બદલાવ જરૂરી છે. સંતુલિત આહાર, નિયમિત શારીરિક ચળવળ અને માનસિક સ્વસ્થતા સાથે જો નૃત્ય જેવી પ્રવૃત્તિ અપનાવવામાં આવે, તો સ્વસ્થ અને સક્રિય જીવન તરફ આગળ વધવું સરળ બને છે.

# અંકુર શાળા ખાતે ૭૭માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી



**અંકુર મંદબુદ્ધિવાળા બાળકોની શાળા ખાતે સંપૂર્ણ આન-બાન અને શાનની સાથે ૭૭માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી. વલ્લભાચાર્ય પ્રાગટ્ય પીઠ, ચંપારણ્યના ગાદીપતિ પૂ. ગૌસ્વામી ૧૦૮ દ્વારકેશલાલજી મહારાજનાં હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવ્યુ હતું. ત્યારબાદ સંસ્થાના હોસ્ટેલ પ્રોજેક્ટના ઉદાર દાતાઓ તેમજ રમત-ગમતમાં વિશિષ્ટ સિધ્ધી મેળવેલ બાળકોને સન્માનીત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે શાળાના પ્રમુખ વિનુભાઈ હકાણી, માનદ મંત્રી અલ્પેશભાઈ કે. શેઠ, માનદ ટ્રેઝરર દેવલભાઈ જે. શાહ તેમજ ટ્રસ્ટી રાજેશભાઈ હકાણી, ઉદયભાઈ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. ધ્વજવંદન વિધિ શિક્ષક જયપાલસિંહ ગોહિલે કરાવી હતી. કાર્યક્રમનું સંચાલન નેહલબેન ગઢવીએ તથા આભારવિધિ અલ્પેશભાઈ કે શેઠે કરી હતી સમગ્ર કાર્યક્રમ આચાર્ય મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન અને દેખરેખ હેઠળ સુંદર રીતે સંપન્ન થયો હતો.**

# સિહોરમાં ભૂગર્ભ ગટર લાઈન યોજનાના ભ્રષ્ટાચારનો મામલો ફરીથી ચર્ચામાં

**આરટીઆઈ કરી માહિતી માંગવામાં આવતા ફરી ભૂત ધુણ્યું**

સિહોર,તા.૪

સિહોર નગરપાલિકામાં ભૂતકાળમાં આશરે ૪૭ કરોડની ભૂગર્ભ ગટરલાઈન યોજનામાં વ્યાપકપણે ભ્રષ્ટાચારની ફરિયાદો થઈ હતી. આ અંગે તે સમયના ભાજપ ના નગરસેવક દીપશંગભાઈ રાઠોડ દ્વારા રજુઆત કરી સિહોર નગરપાલિકામાં સાધારણ સભામાં આ કામમાં થયેલ ભ્રષ્ટાચાર અંગે વિજિલન્સ તપાસની માંગણી કરવાનો ઠરાવ સર્વાંનુમતે મંજુર કરવામાં આવ્યો હતો. પરંતુ ત્યારબાદ આ ફાઈલ અભેરાઈ પર ચડાવી દેવામાં આવી હતી.

સિહોર નગરપાલિકા વિપક્ષનેતા બન્યા બાદ જયરાજસિંહ મોરી દ્વારા આ વિજિલન્સ તપાસની સ્થિતિ અંગે રજુઆત કરતા ચીફ ઓફિસર દ્વારા સિહોર નગરપાલિકા પાસે આ અંગેની કોઈ માહિતી ન હોવાનું જણાવેલ. સિહોરના સામાજિક કાર્યકર વિરલભાઈ પંડ્યા દ્વારા આ અંગે વિવિધ વિભાગમાં આર.ટી.આઈ.ના માધ્યમથી આ મુદ્દે પોતાની લડત ચાલુ રાખેલ. લાંબી લડતના અંગે ગાંધીનગરમાં આયોગની સુનાવણી દરમિયાન વિજિલન્સ કમિશને આ બાબતે યોગ્ય કરવાનો પત્ર તા. ૧૫/૧૦/૨૦૧૯ ના રોજ અર્બન ડેવલપમેન્ટ એન્ડ અર્બન હાઉસિંગ ડિપાર્ટમેન્ટને લખી આપેલ હોવાનું લેખિતમાં જણાવેલ. ત્યારે વિપક્ષનેતા જયરાજસિંહ મોરી દ્વારા આ પત્ર અન્વયે આજદિન સુધીમાં જે કાંઈ પણ કામગીરી કરવામાં આવી હોય તેના તમામ સાધનિક કાગળો પુરા પાડવાની માહિતી માંગવામાં આવી છે અને ફરી એક વખત સિહોર નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજનાનું ભૂત ધુણ્યુ છે.

# સરતાનપર જોળ પ્રા. શાળાના જિલ્લા શ્રેષ્ઠ શિક્ષક દ્વારા જિલ્લામાં ઈનોવેશન



તળાજા,તા.૪

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સિદસર ભાવનગર દ્વારા જિલ્લાની પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શાળાના વર્ગખંડમાં નવીન વિચાર અને પ્રવૃત્તિઓ થકી શિક્ષણ આપી રહ્યા હોય એવા જિલ્લાના ઈનોવેટિવ શિક્ષકો માટે જિલ્લા કક્ષાના એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટિવલ યોજાયો હતો.

તળાજા તાલુકાની સરતાનપર જોળ પ્રા શાળાના જિલ્લા શ્રેષ્ઠ શિક્ષક મહેશભાઈ પરમાર દ્વારા સતત ત્રણ વર્ષથી તળાજા તાલુકાનું પ્રતિનિધિ રૂપે પોતાની શૈક્ષણિક ક્ષમતાઓ અને બાળકોને પડતી શૈક્ષણિક મુશ્કેલીઓ દૂર કરવા માટે પ્રવૃત્તિઓ દ્વારા આનંદદાયી શિક્ષણ કેવી રીતે આપી શકાય તેનું ઈનોવેશન રજુ કરશે. મહેશભાઈ પરમાર દ્વારા કોરોનાકાળમાં પણ શાળા બંધ છે પણ શિક્ષણ નહીં યુક્તિને ચરિતાર્થ કરી ઘરે ઘરે ફરીને બાળકોને શેરી શિક્ષણ આપી શિક્ષણનો જ્યોત પ્રગટાવી રહ્યા છે.

# વલ્લભીપુર તાલુકામાં કેશ ક્રેડિટ કેમ્પ યોજાયો

**જાન્યુઆરી માસ દરમ્યાન કુલ ૨૫ સખી મંડળોને ૭૫ લાખનીની લોન રિન્યુ કરવામાં આવી**

ભાવનગર,તા.૨

વલ્લભીપુર તાલુકામાં એન.આર.એલ.એમ. યોજના અંતર્ગત કેશ ક્રેડિટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના જિલ્લા આસિસ્ટન્ટ પ્રોજેક્ટ મેનેજર નિલેશભાઈ લીબડીયા ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પમા નિલેશભાઈ દ્વારા શિહોર તાલુકાના માયાબેનનું પ્રેરણાદાયક ઉદાહરણ રજૂ કરવામાં આવ્યું હતું. માયાબેનને NRLM યોજના અંતર્ગત રૂ. ૨,૦૦,૦૦૦ની લોનથી ઓર્ગેનિક સાબુ બનાવવાનો ગૃહ ઉદ્યોગ શરૂ કર્યો છે. હાલ તેઓ "રાધે રાધે" સખી મંડળ સાથે સંકળાયેલા છે અને વર્ષના અંતે રૂ. ૩,૦૦,૦૦૦ કરતાં વધુ આવક પ્રાપ્ત કરી રહ્યા છે. તાજેતરમાં આંધ્રપ્રદેશ રાજ્યમાં યોજાયેલા સરસ મેળામાં ભાગ લઈ તેમણે રૂ. ૧,૨૫,૦૦૦ની આવક મેળવી હતી.

આ સફળતાનું ઉદાહરણ રજૂ કરીને અન્ય સખી મંડળોની બહેનોને સ્વરોજગાર તરફ આગળ આવવા તથા આત્મનિર્ભર બનવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

કેમ્પ દરમિયાન જિલ્લા કક્ષાએથી મહિલા અને બાળ વિકાસ વિભાગના અધિકારીઓ દ્વારા વિવિધ યોજનાઓ અંગે માહિતી આપવામાં આવી હતી, જેના માધ્યમથી બહેનોને સશક્તિકરણ માટે માર્ગદર્શન અપાયું હતું.

# શિશુવિહારમાં શનિવારે ન્યુરો માર્ગ વિશે શિક્ષકો સાથે ગોષ્ટિ

ભાવનગર,તા.૪

શિક્ષણની પ્રક્રિયામાં વિદ્યાર્થીઓના આંખ, કાન, હાથ મદદરૂપ થાય છે. પરંતુ જ્ઞાનની મૂળભૂત પ્રક્રિયા તો માનવ મસ્તિષ્કમાં થતી હોય આખરે બાળક કેવી રીતે શીખે છે! અને તેનું મસ્તિષ્ક જ્ઞાનને અપનાવે છે ! તે વિષય એક વાર્તાલાપ અગામી તારીખ ૭ શનિવારે સાંજના ૩:૩૦ થી ૫:૩૦ દરમિયાન શિશુવિહાર પરિસરમાં યોજાશે. ભાવનગર મહાનગરપાલિકા શિક્ષણ સમિતિની શાળાઓના શિક્ષકોની વિશેષ ઉપસ્થિતિમાં લોકભારતી યુનિવર્સિટીના ઉપકુલપતિ ડો.વિશાલ ભાદાણી પોતાના પુસ્તક ન્યુરોમાર્ગ અંગે વાત કરશે. આ ઉપક્રમે ડો. નવનીતભાઈ રાઠોડ તરફથી તમામ શિક્ષકોને પુસ્તક ન્યુરોમાર્ક આપશે. શિશુવિહાર પુસ્તકાલયના ઉપક્રમે યોજાતા કાર્યક્રમ અંતર્ગત "વંદે માતરમ શતાબ્દી" વર્ષ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર થયેલ ચિત્ર કેલેન્ડર 'શ્રમનું ગૌરવ' પણ શાળાઓને આપવામાં આવશે ભાવનગરમાં ચાલતા સમન્વય શિક્ષણ વિચાર સાથે જોડાયેલ તેમ શિક્ષક વિચાર સાથે જોડાયેલ નાગરિકોને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા જણાવાયુંછે.

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

સૌરાષ્ટ્ર આસપાસ

## ભારત-અમેરિકા ટ્રેડ ડીલઃ તક, ચેતવણી અને સંતુલન

ભારત અને અમેરિકા વચ્ચે પ્રસ્તાવિત ટ્રેડ ડીલ આજના વૈશ્વિક અર્થતંત્રમાં એક મહત્વપૂર્ણ ઘટના તરીકે જોવામાં આવે છે. બંને દેશો વિશ્વના મોટા લોકતંત્ર છે અને આર્થિક રીતે એકબીજાના મહત્વના ભાગીદાર પણ છે. છેલ્લા કેટલાક વર્ષોમાં વેપાર, રોકાણ, ટેક્નોલોજી અને વ્યૂહાત્મક સહકારમાં નોંધપાત્ર વધારો થયો છે. આવા સમયે ટ્રેડ ડીલ માત્ર આયાત–નિકાસનો કરાર નથી, પરંતુ તે ભારતના વિકાસ માર્ગ, રોજગાર સર્જન અને વૈશ્વિક સ્થાનને અસર કરે એવી બાબત છે.ભારત માટે અમેરિકા સૌથી મોટાં નિકાસ બજારોમાંનું એક છે. આઈટી સેવાઓ, ફાર્માસ્યુટિકલ્સ, ટેક્સટાઇલ્સ, એન્જિનિયરિંગ પ્રોડક્ટ્સ અને કૃષિ આધારિત ઉત્પાદનોમાં ભારતે અમેરિકામાં મજબૂત પકડ બનાવી છે. ટ્રેડ ડીલ થવાથી આ ક્ષેત્રોમાં ટેરિફ ઘટાડો, માર્કેટ એક્સેસ અને નિયમોની સરળતા શક્ય બને છે. પરિણામે ભારતીય ઉદ્યોગોને નવી તકો મળશે અને નિકાસમાં વધારો થવાની સંભાવના ઊભી થશે. ખાસ કરીને નાના અને મધ્યમ ઉદ્યોગો માટે આ ડીલ નવા દરવાજા ખોલી શકે છે.અમેરિકા માટે ભારત એક ઝડપથી વિકસતું બજાર છે. ભારતની મોટી વસ્તી, વધતી આવક અને ડિજિટલ ક્રાંતિને કારણે અમેરિકન કંપનીઓ અહીં રોકાણ કરવા ઉત્સુક છે. ઊર્જા, ડિફેન્સ, સેમિકન્ડક્ટર, હેલ્થકેર અને ટેક્નોલોજી જેવા ક્ષેત્રોમાં અમેરિકા પોતાની હાજરી વધારવા માંગે છે. ટ્રેડ ડીલ દ્વારા બૌદ્ધિક મિલ્કતના નિયમો, ડેટા સુરક્ષા અને રોકાણ સુરક્ષાના મુદ્દાઓમાં સ્પષ્ટતા આવે તો અમેરિકન રોકાણકારોને વિશ્વાસ મળશે.પરંતુ આ ડીલ સાથે કેટલીક ચેતવણીઓ પણ જોડાયેલી છે. ભારત માટે સૌથી મોટો પડકાર એ છે કે સ્થાનિક ઉદ્યોગો અને ખેડૂતોના હિતોને કેવી રીતે સાચવવા. કૃષિ ક્ષેત્રમાં અમેરિકા સબસીડીયુક્ત ઉત્પાદન સાથે સ્પર્ધા કરે છે. જો બજાર વધુ ખુલ્લું કરવામાં આવે તો ભારતીય ખેડૂતો પર દબાણ આવી શકે છે. દૂધ ઉત્પાદનો, અનાજ અને અન્ય કૃષિ વસ્તુઓમાં ભારતને સાવધાની રાખવી પડશે. ટ્રેડ ડીલમાં સંતુલન ન રાખવામાં આવે તો લાંબા ગાળે ગ્રામિણ અર્થતંત્રને નુકસાન થઈ શકે છે.ડિજિટલ ટ્રેડ અને ડેટા લોક્લાઈઝેશન પણ એક સંવેદનશીલ મુદ્દો છે. ભારત ડેટાને દેશની અંદર રાખવા પર ભાર મૂકે છે, જ્યારે અમેરિકા ખુલ્લા ડેટા ફ્લોના પક્ષમાં છે. આ મુદ્દે સહમતિ સાધવી સરળ નથી. જો ભારત પોતાના નિયમોમાં વધારે છૂટ આપે તો સ્થાનિક સ્ટાર્ટઅપ્સ અને ડિજિટલ સુરક્ષા પર અસર પડી શકે છે. બીજી તરફ, કડક નિયમો રાખવાથી અમેરિકન ટેક કંપનીઓ અસંતુષ્ટ થઈ શકે છે. અહીં સમજદારીપૂર્વક મધ્યમ માર્ગ શોધવો જરૂરી છે.

ટ્રેડ ડીલનો એક મહત્વનો પાસું ભૂ-રાજનીતિ એટલે કે જિયો પોલિટિક્લ સાથે પણ જોડાયેલો છે. ચીન સાથે વધતી સ્પર્ધાના સમયમાં અમેરિકા ભારતને એક મહત્વપૂર્ણ ભાગીદાર તરીકે જુએ છે. સપ્લાય ચેઇનનું વૈવિધ્યીકરણ, મેન્યુફેક્ચરિંગનું સ્થાનાંતરણ અને ઇન્ડો-પેસિફિકમાં સ્થિરતા માટે ભારતની ભૂમિકા મહત્વની છે. આ સંદર્ભમાં ટ્રેડ ડીલ ભારતને વૈશ્વિક સપ્લાય ચેઇનમાં વધુ મજબૂત સ્થાન અપાવી શકે છે.ભારત સરકારે ‘મેક ઇન ઇન્ડિયા’ અને ‘આત્મનિર્ભર ભારત’ જેવી પહેલો શરૂ કરી છે. ટ્રેડ ડીલ આ પહેલોને સહારો આપે એવી હોવી જોઈએ, નહીં કે તેને નબળી પાડે. આયાત પર અતિ નિર્ભરતા વધે તેવું કોઈ પણ પગલું લાંબા ગાળે નુકસાનકારક બની શકે છે. તેથી કરારમાં એવી શરતો હોવી જોઈએ કે જે ટેક્નોલોજી ટ્રાન્સફર, સ્કિલ ડેવલપમેન્ટ અને સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપે.

આ ટ્રેડ ડીલથી રોજગાર સર્જનની અપેક્ષા પણ રાખવામાં આવે છે. નિકાસ વધવાથી અને રોકાણ આવવાથી નવા રોજગાર ઉભા થઈ શકે છે. પરંતુ આ લાભ વાસ્તવિક બનશે કે નહીં, તે અમલ પર આધાર રાખે છે. કાગળ પર સારા લાગતા કરારો ઘણી વાર જમીન પર અલગ પરિણામ આપે છે. તેથી પારદર્શકતા, સમયબદ્ધ અમલ અને નિયમિત સમીક્ષા જરૂરી છે.

# દરિયાઈ પથ્થરો પર કુદરતની કલાત્મક કોતરણી




તળાજા તાલુકાના પ્રખ્યાત પર્યટન સ્થળ ઝાંઝમેરથી આગળ મધુવન–મેથળા તરફ વિસ્તરતા દરિયા કિનારે આવેલા પથ્થરો પર કુદરતે અદ્વિતીય કલાત્મક કોતરણી સર્જી છે. અવિરત દરિયાઈ મોજાઓની થપાટોથી સ્વયંભૂ રીતે રચાયેલી ગુફાઓ અને તેના પર ઉકેરાતી સૂક્ષ્મ કોતરણી મનમોહક દૃશ્ય ઉપસાવે છે. આ કોતરણીમાં દેખાતી ચોક્કસ અને સુસંગત પેટર્ન અભ્યાસ માટે એક રસપ્રદ વિષય બની રહ્યો છે. એવું લાગે છે જાણે કુદરતે પોતે જ હથોડી અને ટાંકણું હાથમાં લઈ કોઈ પ્રાચીન શિલ્પકારની જેમ શિલાઓ પર પોતાની કળા કંડારી હોય. પવન, પાણી અને સમયના સંયોજનથી રચાયેલ આ કુદરતી સ્થાપત્ય માનવ કલ્પનાને પણ ચકિત કરી દે તેવું છે. આવી અદભુત કુદરતી કલાનો યોગ્ય પ્રચાર-પ્રસાર કરી પ્રવાસીઓને આકર્ષવા માટે પ્રવાસન વિભાગે વિશેષ અને સુયોજિત પગલાં લેવાની જરૂર છે, જેથી આ અનોખું દરિયાઈ વૈભવ વધુ લોકો સુધી પહોંચે અને તેનું સંરક્ષણ પણ સુનિશ્ચિત થાય. (તસવીર કથાઃચિરાગસિંહ પરમાર)

# મર્યાદિત ખર્ચ અને સમયમાં યાદગાર સહેલગાહનો આનંદ આપતાં સ્થળો

વિશેષ

૨૦૨૫ની સાલ પૂરી થઈ પરંતુ ઠંડીના દિવસો હજુ બરકરાર છે. તેથી ઘણાં લોકો સંતાનો સાથે રજાઓ ગાળવા કોઈક નિકટના સ્થળે જવા ઈચ્છતા હોય તે સ્વાભાવિક છે. આપણા દેશમાં ફરવા લાયક સ્થળોનો તોટો નથી. ભારતમાં થોડાં દિવસ માટે અને મર્યાદિત ખર્ચમાં ફરવા જવા માટેના એટલા બધા સ્થળો છે કે ક્યાં જવું એ બાબતે મૂંઝવણ થઈ પડે. આજે આપણે આવા કેટલાંક ટુરિસ્ટ પોઈન્ટ્સની વાત કરીશું.

જેમને પૌરાણિક સ્થળો જોવામા ંરસ હોય તેમને માટે કર્ણાટકમાં આવેલું હમ્પી શ્રેષ્ઠ સ્થળ છે. વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સ્થાન મેળવનાર પૌરાણિક નગરમાં તમને વિજયનગર શાસનના સંખ્યાબંધ મંદિરના ભગ્નાવશેષો જોવા મળશે. આ સિવાય તુંગભદ્રા નદીના દક્ષિણ કિનારે સાતમી સદીનું હિન્દુ મંદિર વિરૂપક્ષ પણ જોવાલાયક છે. તેવી જ રીતે વિઠ્ઠલ મંદિર સામે જોવા મળતો પાષાણમાંથી કોતરેલો વિશાળ રથ પૌરાણિક સ્થાપત્યોમાં રસ ધરાવનારાઓને ખૂબ આકર્ષે છે.

મઝાની વાત એ છે કે અહીંના એક મંદિરમાંથી બીજા દેવાલયમાં જવા માટે ટાંગાની સવારી કરવાની તક પણ મળે છે. બાકી શહેરવાસીઓ માટે હવે ટાંગા દુર્લભ થઈ ગયાં છે. અહીંની નદીમાં નૌકાવિહાર માટે કોકોનટ બાસ્કેટ બોટની મોજ પણ માણવા જેવી છે. હમ્પીની આબોહવા સામાન્ય રીતે ગરમ અને સુકી હોય છે. પણ ડિસેમ્બરથી ફેબ્રુઆરી દરમિયાન અહીં ટાઢ હોવાથી પ્રવાસ કરવા માટે આ સમયગાળો શ્રેષ્ઠ ગણાય છે.

પશ્ચિમ બંગાળમાં હિમાલયની તળેટીમાં આવેલું દાર્જિલિંગ હમેશાંથી પ્રવાસીઓને પ્રિય રહ્યું છે. તેમાંય યુનેસ્કોની હેરિટેજ સાઈટમાં સમાવિષ્ટ થયેલી ૧૮૮૧માં શરૂ કરવામાં આવેલી અહીંની ટોય ટ્રેન પર્યટકોના આકર્ષણનું કેન્દ્ર છે. ટ્રેકિંગના શોખીનો માટે અહીંની ટાઈગર હિલ ઉત્તમ સ્થળ લેખાય છે. વળી સાહસિકો માટે અહીં પેરાગ્લાઈડિંગ અને કેયાકિંગ જેવી એડવેન્ચર સ્પોર્ટ્સ પણ ઉપલબ્ધ છે. સાંડકફૂની જંગલ સફારી તેમ જ ફાલૂટ અને સિંગાલિલા નેશનલ પાર્ક પણ પર્યટકો માટે આકર્ષણના કેન્દ્રો છે.

ઉત્તરાખંડમાં આવેલું ઔલી હિમાલયનું સ્કી રિસોર્ટ ગણાય છે. શંકુ અને ઓકના વૃક્ષોથી સમૃધ્ધ ઔલીમાં આવેલું બદ્રીનાથ મંદિર આસ્થાળુઓ માટે શ્રધ્ધાનું સ્થાનક છે. અહીં આવેલી મનમોહક ફ્લાવર વેલી, સ્નો લેપર્ડ અને રેડ ફોકસની વસતિ ધરાવતા રાષ્ટ્રીય ઉદ્યાનો પર્યટકોને આકર્ષે છે. ઔલીની ટેકરીઓ પર જવા કેબલકાર ઉપલબ્ધ છે. આ કેબલકાર ઔલીને જોશીમઠ સાથે જોડે છે. જોકે અહીંની હોટેલો પ્રમાણમાં મોંઘી હોવાથી પ્રવાસીઓ જોશીમઠ ખાતે આવેલી થોડી સોંઘી હોટેલોમાં પણ ઉતરી શકે છે. સ્કીઈંગ કરવા આવનારાઓને ઔલીના પ્રમાણિત ટ્રેનરો મદદ કરે છે. ખાસ કરીને પહેલી વખત સ્કીઈંગ કરનારાઓની સલામતી માટે આ ટ્રેનરો આશિર્વાદરૂપ પુરવાર થાય છે.કુલુ ખાતે આવેલી પાર્વતી નદીના કાંઠે વસેલું પ્રાકૃતિક સૌંદર્યથી છલોછલ ગામ એટલે કસોલ. એક હિલ સ્ટેશન જે જોઈએ તે બધું કસોલમાં મળી રહે. અહીંની ખીર ગંગા ટ્રેકરોમાં ખૂબ પ્રિય છે. મઝાની વાત એ છે કે અહીં મોટા પ્રમાણમાં વસતા ઈઝરાયલીઓ પ્રવાસીઓને તેમના સ્થાનિક ભોજનનો આસ્વાદ કરાવે છે. પર્યટકો વીકએન્ડમાં હિમાલયના આ પર્યટન સ્થળ પર મોટા પ્રમાણમાં ઉમટી પડે છે.

લાંબા વીકએન્ડ માટે સહેલગાહે જવા ઈચ્છતા કિશોર/કિશોરીઓ માટે ગોકર્ણ સરસ સ્થળ છે. બેંગ્લોર પાસે આવેલા આ બીચ ડેસ્ટિનેશનના કેન્દ્ર સ્થાને છે ’ઓમ’ બીચ. મઝાની વાત એ છે કે આ રળિયામણા દરિયાકાંઠે વસતા માછીમારો પ્રવાસીઓને નિઃશુલ્ક માછીમારી કરાવે છે. વળી અહીં મર્યાદિત ખર્ચમાં હોમસ્ટે ઉપલબ્ધ હોવાથી તરુણ વયના લોકોને મોંઘી હોટેલમાં ઉતરવાની ચિંતા નથી રહેતી અને સ્થાનિક વાનગીઓનો સ્વાદ માણવા મળે છે તે છોગામાં. અહીં પર્યટકોને બનાના બોટ રાઈડ, જેટ સ્કીઈંગ અને સ્પીડ બોટિંગ જેવી વોટર એક્ટિવિટિઝનો લ્હાવો પણ મળે છે. સહેલાણીઓ ચાહે તો બીચ પર કેમ્પફાયર કરીને સ્થાનિક સંગીતનો આનંદ પણ લઈ શકે છે.સાહસિક યુવાનો / યુવતીઓ માટે ઋષિકેશ મઝાનું સ્થળ છે. અહીં તેમને વાઈટ વોટર રાફટિંગ, બંજી જમ્પિંગ, કેયાકિંગ અને કેમ્પિંગનો આનંદ માણવાની તક મળી રહે છે. વળી ગંગા કિનારે આવેલા કેમ્પસમાં એકથી બે રિવર રાફ્ટિંગ ટ્રીપ, આખા દિવસના ભોજન સહિત ટેન્ટમાં રહેવાની વ્યવસ્થા સાથેના પેકેજ મળે છે.

ટ્રેકરો અને સાહસિકો માટે વધુ એક ડેસ્ટિનેશન એટલે મેકલીઓડ ગંજ. પંજાબના પઠાણકોટથી બસ પકડીને ધરમશાલાના ઉપનગરમાં આવેલા મેકલીઓડ ગંજ ખાતે પહોંચી શકાય છે. તિબેટિયનોની બહોળી વસતિ ધરાવતા આ હિલ સ્ટેશન પર બૌદ્ધ સાધુઓના રહેઠાણો અને મંદિરો આવેલા છે. અહીંથી હિમાલયની ટેકરીઓનું અવર્ણનીય સૌંદર્ય માણવાનો લહાવો લેવા જેવો છે. જે વ્યક્તિ આ સ્થળે એકલી ટ્રેકિંગ કરવા માગતી હોય તેને માટે ટ્રાયુડ ટ્રેક ઉત્તમ ગણાય છે. અહીં તેને નજીવા ખર્ચે રહેણાંક તેમ જ ખીણ અને ટેકરી માટે ગાઈડેડ ટૂર્સ મળી રહે છે. પર્યટકો અહીં તિબેટિયન વાનગીઓનો આસ્વાદ પણ લઈ શકે છે.

# ધોલેરા SIRમાં લેટેસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ

આસપાસ ચોપાસ
સુરેશ ભટ્ટ

ગુજરાતના વિકાસયાત્રાના ઈતિહાસમાં ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજન એક દુરદર્શી અને મહત્ત્વાકાંક્ષી અધ્યાય તરીકે પ્રસિદ્ધ થઈ રહ્યો છે. દિલ્હી–મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોરનો અભિન્ન ભાગ ગણાતો ધોલેરા SIR દેશનું પ્રથમ ગ્રીનફિલ્ડ સ્માર્ટ ઈન્ડસ્ટ્રીયલ શહેર છે, જે ભવિષ્યના ભારતની ઝલક આપે છે. પરંપરાગત ઔદ્યોગિક વિસ્તારોની મર્યાદાઓને તોડીને ધોલેરા આયોજનબદ્ધ વિકાસ, આધુનિક ટેકનોલોજી અને ઈકો ફ્રેન્ડલી વિચારધારાને એક સાથે જોડે છે.

**પ્રોત્સાહક નીતિઓથી દેશી તેમજ વિદેશી રોકાણકારોમાં વિશ્વાસ વધ્યો છે.**

ધોલેરા જીૈંઇનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંપૂર્ણપણે પૂર્વ આયોજન આધારિત છે. અહીં રસ્તાઓ માત્ર વાહન વ્યવહાર માટે નહીં પરંતુ ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યા છે. વિશાળ રોડ નેટવર્ક સાથે અંડરગ્રાઉન્ડ યુટિલિટી કોરિડોરની વ્યવસ્થા છે, જેમાં પાણી પુરવઠો, ગટર, વીજળી, ગેસ અને ટેલિકોમ સેવાઓ એક સંકલિત સિસ્ટમ હેઠળ સંચાલિત થાય છે. આ વ્યવસ્થાથી શહેરની સપાટી પર ખોદકામની જરૂરિયાત ઘટે છે અને જાળવણી સરળ બને છે.

ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધોલેરાની વિશેષ ઓળખ છે. સ્માર્ટ સિટી સંકલ્પનાને સાકાર કરવા માટે અહીં હાઈસ્પીડ ફાઈબર ઓપ્ટિક નેટવર્ક, સ્માર્ટ સ્ટ્રીટ લાઈટિંગ, ટ્રાફિક સેન્સર્સ અને સીસીટીવી સર્વેલન્સ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી છે. એક ઈન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર દ્વારા સમગ્ર શહેરની કામગીરી પર નજર રાખવામાં આવે છે, જેના કારણે સુરક્ષા, ટ્રાફિક મેનેજમેન્ટ અને ઈમરજન્સી પ્રતિસાદ વધુ ઝડપી અને અસરકારક બને છે.

ઊર્જા ક્ષેત્રે ધોલેરા SIRને સ્વચ્છ અને ટકાઉ વિકાસનું મોડેલ બનાવવા પર ભાર છે. સોલાર અને પવન ઊર્જાનો વ્યાપક ઉપયોગ કરીને અહીં ઉદ્યોગો અને રહેણાંક વિસ્તારોને ગ્રીન એનર્જી પૂરી પાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે. સ્માર્ટ ગ્રિડ સિસ્ટમથી વીજ વપરાશનું સંચાલન વધુ કાર્યક્ષમ બને છે અને ઊર્જા નુકસાન ઘટાડવામાં મદદ મળે છે. આ અભિગમ માત્ર પર્યાવરણ સંરક્ષણ માટે નહીં પરંતુ ઉદ્યોગોના ખર્ચ ઘટાડવા માટે પણ લાભદાયક સાબિત થશે.

પરિવહન અને કનેક્ટિવિટી ધોલેરાના વિકાસનું મુખ્ય આધારસ્તંભ છે. અમદાવાદ–ધોલેરા એક્સપ્રેસવે દ્વારા રાજ્યની આર્થિક રાજધાની સાથે ઝડપી જોડાણ સુનિશ્ચિત થાય છે. પ્રસ્તાવિત મેટ્રો રેલ અને નજીકનું આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ધોલેરાને વૈશ્વિક નકશા પર સ્થાન અપાવશે. દરિયાઈ બંદરો સાથેનું મજબૂત જોડાણ લોજિસ્ટિક્સ અને નિકાસ આધારિત ઉદ્યોગો માટે નવી શક્યતાઓ ઊભી કરે છે.

પાણી વ્યવસ્થાપન અને પર્યાવરણ સંરક્ષણ માટે ધોલેરામાં આધુનિક વિચારસરણી અપનાવવામાં આવી છે. વરસાદી પાણી સંગ્રહ, ગંદા પાણીનું શુદ્ધિકરણ અને પુનઃઉપયોગ તથા ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ જેવી પદ્ધતિઓ દ્વારા કુદરતી સંસાધનોનું સંરક્ષણ થાય છે. શહેરમાં હરિત પટ્ટાઓ, ખુલ્લી જગ્યા અને પર્યાવરણમૈત્રી બાંધકામને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે, જેથી વિકાસ સાથે જીવનની ગુણવત્તા જળવાઈ રહે.

ધોલેરા જીૈંઇને માત્ર ઔદ્યોગિક કેન્દ્ર નહી પરંતુ સ્વયંપૂર્ણ શહેર તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે. અહીં રહેણાંક વિસ્તારો, શૈક્ષણિક સંસ્થાઓ, આરોગ્ય સુવિધાઓ, વ્યાપારી કેન્દ્રો અને મનોરંજન માટેની જગ્યા એકસાથે વિકસે છે. અહીં આધુનિક પ્રકારના રિસોર્ટ તથા ફાઇવ સ્ટાર કલબનું નિર્માણ પણ થઈ રહ્યું છે.આથી કામદારો, ઉદ્યોગપતિઓ અને તેમના પરિવારોને સંતુલિત અને સુવિધાસભર જીવનશૈલી મળશે.

સરકાર દ્વારા અપનાવવામાં આવેલી નીતિગત સરળતાઓ ધોલેરાને રોકાણ માટે આકર્ષક બનાવે છે. સિંગલ વિન્ડો ક્લિયરન્સ, પારદર્શક પ્રશાસન અને પ્રોત્સાહક નીતિઓથી દેશી તેમજ વિદેશી રોકાણકારોમાં વિશ્વાસ વધ્યો છે. પબ્લિક–પ્રાઈવેટ પાર્ટનરશિપ મોડલ દ્વારા મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ ઝડપથી અમલમાં આવી રહ્યા છે.આ રીતે ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજન આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટેકનોલોજી અને ટકાઉ વિકાસનું સંકલિત મોડેલ બની રહ્યો છે. તે માત્ર ગુજરાત નહી પરંતુ સમગ્ર ભારત માટે ભવિષ્યના ઔદ્યોગિક અને શહેરી વિકાસની દિશા નક્કી કરતું ઉદાહરણ સાબિત થવાની ક્ષમતા ધરાવે છે.ધોલેરા જીૈંઇના કારણે ભાવનગરના ઔદ્યોગિક વિકાસમાં થનારી પ્રગતિ નો લાભ નજીકના જિલ્લાઓ જેવા કે અમરેલી બોટાદ સુરેન્દ્રનગરને પણ મળશે અમરેલી પંથકના પીપાવાવ પોર્ટ નો પણ વિકાસ થશે સૌથી વધુ લાભ નજીકના બંધરોને પ્રાપ્ત થશે જેને કારણે અમરેલી વિસ્તારોમાં વિકાસની નવી તક ઉભી થશે એક દ્રષ્ટિએ જોઈએ તો સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાત માટે આ ઉદ્યોગિક વિસ્તાર ગુજરાતને વધુ વાઈબ્રન્ટ બનાવશે

ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજનનો વિકાસ માત્ર તેની સીમાઓ પૂરતો સીમિત નથી રહેવાનો, પરંતુ તેની સીધી અને પરોક્ષ અસર આસપાસના જિલ્લાઓ પર પણ પડશે. ભાવનગર જિલ્લો ભૌગોલિક રીતે ધોલેરા નજીક હોવાથી અહીંના ઔદ્યોગિક વિકાસ માટે નવી તકો સર્જાઈ રહી છે.ભાવનગર પહેલેથી જ સિમેન્ટ, ડાયમંડ કટિંગ, શિપ રિસાયક્લિંગ અને લઘુ ઉદ્યોગો માટે ઓળખાય છે. ધોલેરા જીૈંઇના વિકાસથી ભાવનગરને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વૈશ્વિક બજારો સાથે વધુ મજબૂત જોડાણ મળશે. સુધારેલી રોડ અને રેલ કનેક્ટિવિટીથી કાચા માલની આવક અને તૈયાર માલની નિકાસ સરળ બનશે.



ધોલેરામાં સ્થપાતા મોટા ઉદ્યોગો માટે સપ્લાયર અને સહાયક ઉદ્યોગોની જરૂરિયાત ઊભી થશે, જેમાં ભાવનગર મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. નાના અને મધ્યમ ઉદ્યોગો માટે આ નવી બજાર તકો લાવશે, જેના કારણે સ્થાનિક ઉદ્યોગોને વિસ્તરણનો અવસર મળશે.રોજગારની દ્રષ્ટિએ પણ ભાવનગરને મોટો લાભ મળશે. ધોલેરામાં સર્જાતા રોજગારના અવસરોથી ભાવનગરના યુવાનોને નજીકમાં કામની તક મળશે, જેના કારણે સ્થળાંતર ઘટશે. સાથે સાથે કુશળતા વિકાસ કેન્દ્રો અને તાલીમ સંસ્થાઓ ઉભી થવાથી માનવ સંસાધન વધુ સક્ષમ બનશે.

લોજિસ્ટિક્સ, વેરહાઉસિંગ અને સર્વિસ સેક્ટરમાં ભાવનગરનો વિકાસ ઝડપી બનશે. બંદર આધારિત પ્રવૃત્તિઓ અને ટ્રાન્સપોર્ટ સેવાઓમાં વધારાથી સ્થાનિક અર્થતંત્રને ગતિ મળશે. આ ઉપરાંત રિયલ એસ્ટેટ, શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે પણ રોકાણ વધશે.

સમગ્ર રીતે જોવામાં આવે તો ધોલેરા જીૈંઇ ભાવનગર માટે વિકાસનું પ્રેરક બળ સાબિત થશે. ઔદ્યોગિક વૈવિધ્ય, રોજગાર વૃદ્ધિ અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે ભાવનગર આગામી વર્ષોમાં એક મજબૂત ઔદ્યોગિક હબ તરીકે વિકસી શકે છે, જે સમગ્ર સૌરાષ્ટ્રના આર્થિક વિકાસને નવી ઊંચાઈ આપશે.

ભાવનગરમાં સ્થાપિત થનારા શીપ બિલ્ડિંગ યાર્ડ તથા વિહિકલ યાર્ડને પણ આના કારણે મોટો લાભ થશે એકંદર ભાવનગર વિસ્તારમાં ઔદ્યોગિક વિકાસની નવી દિશાઓ ખુલશે...

# શું આઈસીસી પાકિસ્તાન પાસેથી ૨,૨૮૮ કરોડ વસૂલ કરશેઃ ભારત સામે મેચ ન રમવાનું પીસીબીને મોંઘુ પડશે

નવીદિલ્હી,

આઈસીસી ટુર્નામેન્ટમાં ભારત-પાકિસ્તાન મેચ માત્ર ક્રિકેટ મેચ નથી, તે વૈશ્વિક રમતગમત અર્થતંત્ર માટે સૌથી મોટા ડ્રો પૈકી એક માનવામાં આવે છે. નિષ્ણાતોનો અંદાજ છે કે કોઈપણ આઈસીસી ઈવેન્ટમાં ભારત-પાકિસ્તાન મેચ આશરે ૨૫૦ મિલિયન (રૂ. ૨૨૮૮ કરોડથી વધુ) ની આવક ઉત્પન્ન કરે છે.આવી સ્થિતિમાં, જો આ મેચ આગામી ટી ૨૦ વર્લ્ડ કપમાં નહીં યોજાય, તો તેની અસર ફક્ત મેદાન સુધી મર્યાદિત રહેશે નહીં, પરંતુ આઈસીસી બ્રોડકાસ્ટર્સ અને ક્રિકેટ બોર્ડના ખિસ્સા પર સીધી અસર કરશે. જોકે,આઈસીસીએ



પહેલાથી જ કહ્યું છે કે જો પીસીબી નહીં રમે તો તેને પરિણામોનો સામનો કરવો પડશે આઈસીસી પીસીબી પાસેથી આ મેચની ગેરહાજરીને કારણે થયેલા નુકસાનની ભરપાઈ કરી શકે છે. પરિણામે, પીસીબીને નોંધપાત્ર નાણાકીય ખતરોનો સામનો કરવો પડી શકે છે.ભારત અને પાકિસ્તાન વચ્ચે દ્વિપક્ષીય ક્રિકેટ લાંબા સમયથી સ્થગિત છે. બંને ટીમો ફક્ત આઈસીસી કે એશિયા કપ જેવી બહુ-ટીમ ટુર્નામેન્ટમાં જ એકબીજાનો સામનો કરે છે. આમ છતાં, આ મેચનો ઉત્સાહ એટલો તીવ્ર છે કે આઈસીસી દર્શકો અને જાહેરાતકર્તાઓના રસને જાળવી રાખવા માટે લગભગ દરેક વૈશ્વિક ટુર્નામેન્ટમાં બંને દેશોને જાણી



જોઈને જૂથબદ્ધ કરે છે.આખો મામલો ગંભીર વળાંક લે છે જ્યારે પાકિસ્તાન સરકારે ૧૫ ફેબ્રુઆરીએ કોલંબોમાં યોજાનારી ભારત-પાકિસ્તાન મેચનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી હતી. જો પાકિસ્તાન પોતાના નિર્ણય પર અડગ રહે છે, તો તેને સૌથી મોટું નાણાકીય નુકસાન થઈ શકે છે. નિષ્ણાતો માને છે કે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ ની વાર્ષિક આવક અને આ એક મેચના ખર્ચમાં મોટો તફાવત છે.જો ભારત-પાકિસ્તાન મેચ ન થાય, તો આઈસીસી તેમજ ભારતીય મીડિયા અધિકાર ધારક જીઓસ્ટારને ભારે નુકસાન થઈ શકે છે. એવું અહેવાલ છે કે આ મેચ ૨૦૦ થી ૨૫૦ કરોડની જાહેરાત આવક ઉત્પન્ન કરે છે. આ મેચ દરમિયાન ૧૦ સેકન્ડના જાહેરાત સ્લોટનો ખર્ચ લગભગ ૪ મિલિયન થાય છે. તેથી, મેચ રદ થવાથી પ્રસારણ સોદા પર સીધી અસર પડશે, ખાસ કરીને કારણ કે જીઓસ્ટાર પહેલેથી જ આઈસીસી સાથેના તેના ૩ બિલિયનના કરાર પર ફરીથી વાટાઘાટો કરવાનો પ્રયાસ કરી રહ્યું છે.

# ટીમ ઈન્ડિયા સાથે ન રમવાથી પાકિસ્તાન પહેલા રાઉન્ડમાં જ બહાર થઈ જશે

નવીદિલ્હી,

પાકિસ્તાને ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ ના પહેલા રાઉન્ડમાં બહાર થવા માટે પોતાની સ્ક્રિપ્ટ લખી છે. પાકિસ્તાને જાહેરાત કરી છે કે તે વર્લ્ડ કપમાં ભાગ લેવા માટે શ્રીલંકા જશે, પરંતુ ૧૫ ફેબ્રુઆરીએ ભારત સામેની મેચમાંથી બહાર રહેશે. આની પાકિસ્તાન પર વિનાશક અસર પડશે. એવી પણ શક્યતા છે કે તે પહેલા રાઉન્ડમાં જ બહાર થઈ જશે.૨૦૨૬ ટી ૨૦ વર્લ્ડ કપમાં ભારત વિરુદ્ધ પાકિસ્તાન મેચ રમાશે. આઈસીસી અને બ્રોડકાસ્ટર્સ તેની તૈયારીઓમાં વ્યસ્ત છે. દરમિયાન, પાકિસ્તાન દ્વારા ભારત સામેની મેચનો બહિષ્કાર જાહેર કરવામાં આવ્યો છે તે સમજી શકાય તેવું નથી. જોકે, આ પાકિસ્તાન માટે સૌથી મોટું નુકસાન હશે.ટી ૨૦ વર્લ્ડ કપ ગ્રુપ જેમાં ભારત અને પાકિસ્તાનને મૂકવામાં આવ્યા છે તેમાં નેધરલેન્ડ્સ, યુએસએ અને નામિબિયાનો સમાવેશ થાય છે. આનો અર્થ એ છે કે જો પાકિસ્તાન ભારત નહીં રમે, તો તેને બાકીની ત્રણ ટીમોનો સામનો કરવો પડશે. ભારત સામે ન રમવાથી પાકિસ્તાનને માત્ર બે પોઈન્ટ ગુમાવવા પડશે, પરંતુ તેના નેટ રન રેટ પર પણ નોંધપાત્ર અસર પડશે. ફક્ત એક મેચ ગુમાવવાથી પાકિસ્તાનનો નેટ રન રેટ નકારાત્મક ક્ષેત્રમાં જશે, જે ત્રણ મેચ જીત્યા પછી પણ સકારાત્મક ક્ષેત્રમાં પાછો ફરશે નહીં. બાકીની ત્રણ ટીમોની વાત કરીએ તો, યુએસએ પહેલાથી જ પાકિસ્તાનને હરાવી ચૂક્યું છે. જો આ અપસેટ ફરીથી થાય છે, તો પાકિસ્તાની ટીમ પ્રથમ રાઉન્ડમાં જ બહાર થઈ જશે.

ટી ૨૦ વર્લ્ડ કપમાં દરેક ગ્રુપમાં ચાર થી પાંચ ટીમો છે. દરેક ગ્રુપમાંથી ટોચની બે ટીમો આગળના રાઉન્ડમાં જશે. જો પાકિસ્તાન એક પણ મેચ હારી જાય તો પણ તેમની રમત સમાપ્ત થઈ જશે. વધુમાં, જો વરસાદને કારણે કોઈ મેચ રદ ન થાય તો પણ પાકિસ્તાનને નોંધપાત્ર નુકસાન થશે. પાકિસ્તાનની મેચ શ્રીલંકામાં રમાશે, જ્યાં વારંવાર વરસાદ પડે છે. જો વરસાદને કારણે એક પણ મેચ રદ થાય છે, તો પાકિસ્તાની ટીમની બહાર થવાની શક્યતાઓ નોંધપાત્ર રીતે વધી જાય છે. ભવિષ્યમાં પીસીબી અને પાકિસ્તાની સરકાર આ બાબતે શું નિર્ણય લે છે તે જોવાનું બાકી છે.

# ટી વર્લ્ડ કપ ૨૦૨૬માં પેટ કમિન્સ વર્લ્ડ કપમાં ન રમવા પાછળનું મુખ્ય કારણ પીઠની ઈજા



મેલબોર્ન,

ઓસ્ટ્રેલિયાના ટેસ્ટ અને વનડે કેપ્ટન પેટ કમિન્સે પહેલીવાર સ્વીકાર્યું છે કે તેણે ટી ૨૦ વર્લ્ડ કપમાંથી ખસી જવાનો નિર્ણય લીધો છે, તેની લાંબી કારકિર્દી અને ૨૦૨૭ માટેના અત્યંત વ્યસ્ત આંતરરાષ્ટ્રીય કેલેન્ડરને ધ્યાનમાં રાખીને. કમિન્સની જગ્યાએ બેન દ્વારશુઈસને ઓસ્ટ્રેલિયન ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે, જે પીઠની ઈજાથી પીડાઈ રહ્યો છે.

ગયા જુલાઈમાં વેસ્ટ ઈન્ડિઝ પ્રવાસ દરમિયાન કમિન્સને આ ઈજા થઈ હતી. ત્યારથી, તે ફક્ત એશિઝ વિજેતા એડિલેડ ટેસ્ટમાં જ રમ્યો છે. ફક્ત ૧૧ દિવસમાં એશિઝ શ્રેણી જીત્યા બાદ, ઓસ્ટ્રેલિયન ટીમ મેનેજમેન્ટ અને કમિન્સે નિર્ણય લીધો કે તે સીઝનની છેલ્લી બે ટેસ્ટ છોડી દેશે જેથી તે ટી ૨૦ વર્લ્ડ કપ માટે સંપૂર્ણપણે ફિટ થઈ શકે. જોકે, તેનો રિકવરી સમય વધતો રહ્યો, જેના કારણે કમિન્સને ટી ૨૦ વર્લ્ડ કપ છોડી દેવાનો નિર્ણય લીધો.

કમિન્સે એમેઝોન પ્રાઈમ વિડીયો પર કહ્યું કે તે ખરેખર દુર્ભાગ્યપૂર્ણ હતું. "હું ઠીક અનુભવી રહ્યો હતો, પરંતુ મારી પાસે સમય પૂરો થયો નથી. હવે, થોડા અઠવાડિયા સંપૂર્ણ આરામ જરૂરી છે." કમિન્સે સમજાવ્યું કે એડિલેડ ટેસ્ટ પછી, ડોકટરોએ ચારથી આઠ અઠવાડિયા આરામ કરવાની સલાહ આપી હતી. શરૂઆતમાં, તેણે વિચાર્યું કે ચાર અઠવાડિયા પૂરતા હશે, પરંતુ ફોલો-અપ સ્કેનમાં જાણવા મળ્યું કે હાડકાને સંપૂર્ણપણે સાજા થવા માટે વધુ સમયની જરૂર છે, જેના કારણે વર્લ્ડ કપમાં રમવું મુશ્કેલ બન્યું.

ઓસ્ટ્રેલિયાનું આગામી સમયપત્રક ખૂબ જ વ્યસ્ત છે. ઓગસ્ટમાં બાંગ્લાદેશ સામે ઘરઆંગણે ટેસ્ટ, ત્યારબાદ સપ્ટેમ્બરમાં ૨૦૧૮માં સેન્ડપેપરગેટ ઘટના પછી પહેલીવાર દક્ષિણ આફ્રિકાનો પ્રવાસ. ત્યારબાદ ન્યૂઝીલેન્ડ સામે ચાર ઘરઆંગણે ટેસ્ટ. ૨૦૨૭ વધુ પડકારજનક રહેશે, જેમાં ભારતનો પાંચ ટેસ્ટનો પ્રવાસ, મેલબોર્નમાં ઈંગ્લેન્ડ સામે ડે-નાઈટ ૧૫૦મી એનિવર્સરી ટેસ્ટ, વિદેશી એશિઝ શ્રેણી, વનડે વર્લ્ડ કપ અને સંભવિત વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલનો સમાવેશ થાય છે.

# ધોની ચેમ્પિયન બન્યો ત્યારથી રમી રહેલો પોલ સ્ટર્લિંગ ઘણા વર્ષો પછી ટી ૨૦ વર્લ્ડ કપમાં પોતાનું કૌશલ્ય દર્શાવશે

નવીદિલ્હી,

આઈસીસી ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ ૭ ફેબ્રુઆરીએ ભારત અને શ્રીલંકામાં શરૂ થવાનો છે. જેમ જેમ ટુર્નામેન્ટ નજીક આવી રહી છે, તેમ તેમ ઘણી રસપ્રદ વાર્તાઓ બહાર આવી રહી છે. આવી જ એક વાર્તા એવા ખેલાડીઓ વિશે છે જેમણે ૨૦૦૯ ના ટી ૨૦ વર્લ્ડ કપમાં ભાગ લીધો હતો અને હવે ૧૭ વર્ષ પછી ૨૦૨૬ ની આવૃત્તિમાં રમશે. આ વિશિષ્ટ યાદીમાં આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડના એક-એક ખેલાડીનો સમાવેશ થાય છે. એક એવો ખેલાડી પણ છે જે અગાઉ વર્લ્ડ કપમાં અલગ ટીમ માટે રમ્યો હતો અને આ વખતે અલગ ટીમ માટે રમશે. વધુમાં, એક એવો



બેટ્સમેન છે જે ૨૦૦૭ માં પ્રથમ ટી ૨૦ વર્લ્ડ કપમાં રમ્યો હતો અને હવે ૨૦૨૬ ના ટી ૨૦ વર્લ્ડ કપમાં ભાગ લેશે. આનો અર્થ એ છે કે આ ખેલાડી ૨૦૦૭ માં ધોનીના પ્રથમ ચેમ્પિયન બન્યા ત્યારથી વર્લ્ડ કપમાં રમી રહ્યો છે અને હવે ફરી એકવાર ટુર્નામેન્ટમાં રમશે.

આયર્લેન્ડના દિગ્ગજ બેટ્સમેન પોલ સ્ટર્લિંગ તાજેતરમાં રોહિત શર્માનો વર્લ્ડ રેકોર્ડ તોડીને ટી ૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ મેચ રમનાર ખેલાડી બન્યો છે. તેણે ૨૦૦૯ માં પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી અને ત્યારથી તે આઈરિશ ક્રિકેટનો આધાર રહ્યો છે. પોલ સ્ટર્લિંગ ૨૦૦૯ ના ટી ૨૦ વર્લ્ડ કપ માટે આયર્લેન્ડની ટીમનો ભાગ હતો. હવે, તે ૨૦૨૬ ના વર્લ્ડ કપમાં ફરી એકવાર પોતાની બેટિંગ કુશળતા દર્શાવવા માટે તૈયાર છે. આ વખતે, તે આઈરિશ ટીમનું નેતૃત્વ કરશે.આદિલ રશીદ ૨૦૦૯ ના ટી ૨૦ વર્લ્ડ કપમાં રમનારા કેટલાક પસંદગીના ખેલાડીઓમાંનો એક છે અને ૨૦૨૬ માં ઈંગ્લેન્ડ માટે રમશે. રાશિદ, જેણે પોતાના લેગ સ્પિનથી સૌથી પ્રખ્યાત બેટ્સમેનોને પણ મોહિત કર્યા છે, તે છેલ્લા દોઢ દાયકાથી ઈંગ્લેન્ડ ટીમનો મુખ્ય ભાગ છે. આ વખતે, તે ભારત અને શ્રીલંકામાં પોતાના સ્પિનથી વિરોધી બેટ્સમેનોને અસ્વસ્થ કરવાનો પ્રયાસ કરશે.

# હિના ખાને ઇસ્તંબુલની યાત્રા દરમિયાન પોતાનું મનપસંદ ભોજન મન ભરીને ખાધું

મુંબઈ,

ઘણીવાર એવું કહેવામાં આવે છે કે, "હૃદયનો રસ્તો પેટમાંથી પસાર થાય છે." સ્વાદિષ્ટ ખોરાક દ્વારા કોઈપણનું હૃદય જીતી શકાય છે. પરંતુ, હિના ખાન તેનાથી પણ આગળ વધી ગઈ. તેના મતે, ખોરાક પ્રેમ છે. આ જીવન છે. અભિનેત્રી હાલમાં ઈસ્તંબુલની સફર પર છે અને તેણીએ મન ભરીને પોતાનું મનપસંદ ભોજન ખાધું છે.



હિના ખાને તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક પોસ્ટ શેર કરી. તેમાં, તેણીએ તેના વેકેશનના ઘણા ફોટા શેર કર્યા, જે બધામાં તેણી તેના મનપસંદ ભોજનનો આનંદ માણતી જોવા મળે છે. તેના કેપ્શને ખાસ કરીને નેટીઝન્સનું ધ્યાન ખેંચ્યું. હિના ખાને લખ્યું, 'ખોરાક માટે પ્રેમ. જો કોઈએ સારું ભોજન ન ખાધું હોય, તો તે સારી રીતે વિચારી શકતી નથી, સારી રીતે સૂઈ શકતી નથી, સારી રીતે પ્રેમ કરી શકતી નથી.'

હિના ખાને તેના કેપ્શનમાં એવો પણ દાવો કર્યો હતો કે "જે લોકો ખોરાકને પ્રેમ કરે છે તેઓ સૌથી ખુશ અને શ્રેષ્ઠ લોકો છે. ખોરાક પ્રેમ છે, ખોરાક જીવન છે." ગઈકાલે, અભિનેત્રીએ ઈસ્તંબુલના કેટલાક ફોટા શેર કર્યા, જ્યાં તે હાગિયા સોફિયા અને બ્લુ મસ્જિદના પરિસરમાં પક્ષીઓને ખવડાવતી જોવા મળી હતી.

# ધનુષ સાથેના અફેરની અફવાઓ વચ્ચે મૃણાલ ઠાકુરે પ્રેમને એક સુંદર લાગણી ગણાવી

મુંબઈ,

મૃણાલ ઠાકુર હાલમાં તેની આગામી ફિલ્મ 'દો દીવાને સેહર મેં' અને તેના તાજેતરના સિંગલ 'ભીગી ભીગી' માટે સમાચારમાં છે. આ ગીતમાં મૃણાલ ઠાકુર દુલ્કર સલમાનની સામે જોવા મળી રહી છે. દરમિયાન, મૃણાલ ઠાકુર ઘણા સમયથી અભિનેતા ધનુષ સાથે જોડાયેલા છે. તાજેતરમાં તેમના લગ્ન વિશે પણ અફવાઓ ફેલાઈ હતી. જોકે, પાછળથી આ અફવાઓ માત્ર અફવાઓ જ સાબિત થઈ. હવે, ધનુષ સાથેના તેના અફેર વચ્ચે, મૃણાલે પ્રેમને એક સુંદર લાગણી ગણાવી છે.ફિલ્મજ્ઞાન સાથેની વાતચીતમાં જ્યારે મૃણાલને પ્રેમ વિશે તેના અભિપ્રાય વિશે પૂછવામાં આવ્યું, ત્યારે અભિનેત્રીએ કહ્યું, "મને લાગે છે કે પ્રેમ એક સુંદર લાગણી છે અને આ ગ્રહ પરના દરેક વ્યક્તિએ તેનો અનુભવ કરવો જોઈએ. તે તમને એક સારા વ્યક્તિમાં પરિવર્તિત કરે છે. તે ખરેખર તમારા આંતરિક બાળકની સમસ્યાઓને ઉકેલવા અને તેને નવું જીવન આપવા જેવું છે. તે દુનિયાની સૌથી સુંદર વસ્તુ છે. હું પ્રાર્થના અને આશા રાખું છું કે દરેક વ્યક્તિ પોતાના જીવનમાં પ્રેમ શોધે." જ્યારે પૂછવામાં આવ્યું કે શું પ્રેમ છોકરીઓને વધુ ઉદાર બનાવે છે, ત્યારે મૃણાલે અસંમત થઈને કહ્યું, "જરૂરી નથી." હું અસંમત છું. જે કોઈ પ્રેમમાં છે તે વધુ ઉદાર હોય છે. પરંતુ પ્રેમમાં મહત્વની વસ્તુ તેને સ્વીકારવાની છે. ક્યારેક પ્રેમને સ્વીકારવો અને સમજવો ખૂબ મુશ્કેલ હોય છે. પ્રેમની વ્યાખ્યા બદલાતી રહે છે.પ્રેમ અંગે, મૃણાલે આગળ કહ્યું કે એકમાત્ર સતત વસ્તુ પ્રેમ છે. તે તમે તેને કેવી રીતે પ્રાપ્ત કરો છો તેના પર આધાર રાખે છે. એક બોયફ્રેન્ડ હોય છે, એક ગર્લફ્રેન્ડ હોય છે. જ્યારે કોઈ પ્રેમમાં હોય છે, ત્યારે તે આપનાર હોય છે. કોઈ ફરક પડતો નથી કે તે પુરુષ છે કે સ્ત્રી. જ્યારે તમે પ્રેમમાં હોવ છો, ત્યારે તમે તે વ્યક્તિ માટે કંઈ પણ કરશો. તમે ફક્ત તમારી જાતને સમર્પણ કરો છો.



## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગ | ક | ક | ત | ચી | ત્રિ | અ | બા | ક | ળ | ર | મ |
| ક | દ | ત્રિ | ર | હિ | વે | ગ | ક | ણે | ર | શિ | દ |
| હા | ધ | ધી | કો | અ | ણી | લા | એ | ઈ | ત | બ | નિ |
| બં | ગ | ર | ધ | ણ | ગ | ર | બા | ઔ | દ | વિ | વે |
| મા | ચા | જ | દુ | કી | બા | ક્ષ | ચી | બો | લા | ભો | દ |
| કી | કા | એ | મ | નિ | ગ | કુ | પ્ર | ડી | દુ | મો | ન |
| ન | ર | કે | સ | રી | યા | શ | ધ | મા | ગી | વિ | રા |
| આ | ભો | હિ | મા | વ | પ્ર | ન | કા | કા | સ | જી | ધા |
| બં | સ | બા | ઈ | ક્રો | લી | ક | સા | ઇ | મા | મ | ઈ |
| ર | ર | ભો | ધ | વ | મા | લ | ર | કા | સ | ડો | લી |
| ધો | ર | ણ | મા | દ | ફ | ત | રો | ણ | મા | ક | લ |
| જી | પ્રા | ધ | જી | ક | બૂ | ભો | કા | આ | ર | લા | સ |

**શબ્દ શોધો:** ત્રિકોણ, ત્રિવેણી, દબદબો, દુનિયા, દુવિધા, ધીરજ, ધોરણ, નરકેસરી, નિવેદન, પ્રકરણ

# શબાના આઝમી સાથેના તાજેતરના વ્લોગને કારણે ફરાહ ખાન અને કુક દિલીપ સોશિયલ મીડિયા યુઝર્સ દ્વારા ટ્રોલ થયા



મુંબઈ,

તાજેતરમાં, ફરાહ ખાને શબાના આઝમી અને જાવેદ અખ્તરના ખંડાલા સ્થિત ઘરની મુલાકાત લીધી. ફરાહ ખાને તેમની સાથે વાતો કરી, ઘણી વાર્તાઓ સાંભળી અને રસોઈનો વ્લોગ પણ બનાવ્યો. ફરાહ ખાનના રસોઈયા, દિલીપ પણ આ વ્લોગમાં હાજર હતા. જોકે, વ્લોગ દરમિયાન કેટલીક એવી બાબતો બની જે દર્શકો સહિત વપરાશકર્તાઓને બિલકુલ પસંદ ન આવી. ઘણા લોકોએ ફરાહ ખાન અને કુક દિલીપને તેમનું વર્તન સુધારવા માટે ચેતવણી પણ આપી. આ વ્લોગમાં ફરાહ ખાન અને તેના રસોઈયા દિલીપે શબાના આઝમી સાથે શું કર્યું તે જાણો.

ફરાહ ખાનના કુકિંગ વ્લોગમાં, શબાના આઝમી પોતાનું ખંડલા સ્થિત ઘર બતાવી રહી હતી. એક સમયે, તેઓએ ૧૫૦ વર્ષ જૂનું ઝાડ બતાવ્યું. આ દ્રશ્યમાં દિલીપે શબાનાને અટકાવી અને ફરાહ ખાનને કહ્યું, "મૅડમ, આ તમારા કરતાં મોટી છે." પાછળથી, જ્યારે ફરાહ ખાન અને શબાના આઝમી વાત કરી રહ્યા હતા, ત્યારે રસોઈયા દિલીપ આવ્યા અને "ઈર્શાદ, ઈર્શાદ" કહેવા લાગ્યા. આ જોઈને, ફરાહ ખાને તેમને રસોડામાં જવા કહ્યું. દિલીપ દ્વારા શબાના આઝમીને અટકાવવાથી યુઝર્સ નાપસંદ થયા.

વ્લોગના કોમેન્ટ વિભાગમાં, સોશિયલ મીડિયા યુઝર્સ અને ચાહકોએ ફરાહ ખાનને કેટલીક સલાહ આપી અને દિલીપના વર્તન વિશે ફરિયાદ કરી.એક યુઝરે લખ્યું, "આજના વિડીયોમાં દિલીપ ખૂબ જ ચીડિયો લાગતો હતો. આવું કરવાથી તમે તમારા દર્શકો ગુમાવશો."

બીજા યુઝરે ટિપ્પણી કરી, "આ ચેનલ વિશે મને ફક્ત એક જ વસ્તુ ગમતી નથી કે તેઓ હંમેશા મહેમાનોને અટકાવે છે." જ્યારે તેઓ પોતાના વિશે કોઈ ગંભીર વાત કરે છે, ત્યારે ખાસ કરીને ફરાહ ખાન ખૂબ જ બોલે છે. મેં આ ઘણા વિડીયોમાં જોયું છે, અને મહેમાનોના ચહેરાના હાવભાવ બધું કહી દે છે.

# ઘોઘારોડના શિવપાર્ક પાસે સફેદ પટ્ટા વગરના સ્પીડ બ્રેકરથી અકસ્માતો વધ્યા



ભાવનગરમાં ઘોઘારોડ ચકુ તલાવડીથી આગળ ૨૦૦ મીટર દૂર શિવપાર્ક ૧ ના દરવાજા પાસે રોડ ઉપર સામ સામે બે મોટા મોટા બમ્પ બનાવવામાં આવેલ છે અને તેના ઉપર સફેદ પટ્ટા દોરવામાં આવેલ નથી. છેલ્લા આઠ દિવસથી આ નવા સ્પીડ બ્રેકર બનાવવામાં આવેલ છે અને માણસો અજાણ હોય સફેદ પટ્ટા ન હોવાથી રોજના ચારથી પાંચ વાહન ચાલકો પડે છે. હાલ જે સફેદ પટ્ટા દેખાય છે તે લોટ દળવા વાળાની ઘંટી વાળાએ પોતાનો લોટ અનાજનો લોટ પાથરીને સફેદ પટ્ટા બનાવેલ છે. પરંતુ જવાબદાર મ્યુ. તંત્ર આ બાબતે બેદરકાર હોવાનું જણાય છે આ સામે ભારે રોષ વ્યાપો છે.

# ભારતીય મજદૂર સંઘનું પુરીમાં મળશે રાષ્ટ્રીય અધિવેશન

## ભાવનગરથી હોદેદારો અને આગેવાનો થશે સહભાગી

ભાવનગર,તા.૪

ભારતના સૌથી મોટા શ્રમ સંગઠન ભારતીય મજદૂર સંઘ (બી.એમ.એસ.) નું ૨૧ મુંઅખિલ ભારતીય અધિવેશન (રાષ્ટ્રીય અધિવેશન) ઓરિસ્સાના પૂરી (જગન્નાથપુરી) માં આગામી તારીખ ૬-૭- ૮ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન ભારતીય મજદૂર સંઘના અખિલ ભારતીય અધ્યક્ષ હિરણ્યમય પંડયાજીના અધ્યક્ષ સ્થાને યોજાઇ રહ્યું છે આ અધિવેશન "શ્રમિકોનું ગૌરવ, દેશનું ગૌરવ, શ્રમિકોનું સન્માન, દેશનું સન્માન" ના સંદેશા સાથે શરૂ થશે આ અધિવેશનના ઉદ્ઘાટન સત્રનો પ્રારંભકેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયા દ્વારા કરવામાં આવશે.

આ ત્રિ-દિવસીય અધિવેશન દરમિયાન ઓરિસ્સાના મુખ્યમંત્રીશ્રી, આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન નવી દિલ્હીના નિર્દેશકશ્રી અને ૧૫ દેશોના વિદેશી પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહેશે. અધિવેશન દરમિયાન મહિલા સત્રમાં ઓરિસ્સાના ઉપમુખ્યમંત્રી શ્રી પાર્વતી પરીડા તથા રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષ વિજયા રાહટકર પણ ભાગ લેશે. આ અધિવેશનમાંસમગ્ર ભારતમાં કામ કરતા ૭૦૦૦ ટ્રેડ યુનિયનો તથા ૪૫ મહાસંઘો તથા તમામ રાજ્યના ૨૫૦૦થી વધારે કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેશે.

ગુજરાત પ્રદેશના ભાવનગર જિલ્લાના પ્રતિનિધિ તરીકે ગુજરાત પ્રદેશ મહામંત્રી ગીરીશભાઇ પટેલ, ભારતીય સ્વાયતશાસી કર્મચારી મહાસંઘના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજેશ મંડલી ભારતીય પરીવહન મજદૂર મહાસંઘના રાષ્ટ્રીય અધ્યક્ષ કનકસિંહ ગોહીલ, ભારતીયસ્વાયતશાસી કર્મચારી મહાસંઘના કારોબારી સભ્ય મહીપતસિંહ ઝાલા, જિલ્લા મહામંત્રી નરેશભાઇ મજિઠીયા તથા કાર્યકરો ઉપસ્થિત રહેશે.

# ખાણ-ખનીજ વિભાગની ટીમે ઝડપી લીધેલ જેસીબી લઈ શખ્સ થયો ફરાર

## ગેરવર્તન કરી ફરજમાં રૂકાવટ કરીને ફરાર થતાં ફરિયાદ નોંધાવાઈ

ભાવનગર,તા.૪

ઘોઘા તાલુકાના ભીકડા ગામમાં ગેરકાયદેસર ખનન પ્રવૃત્તિ ડામવા ગયેલી ખાણ-ખનીજ વિભાગની ટીમ સાથે ઘર્ષણ કરી સરકારી ફરજમાં રૂકાવટ કરી તપાસ ટીમ સાથે બોલાચાલી કરીને ત્નઝ્ર ચાલક પોતાનું વાહન લઈને નાસી છૂટતા આ મામલે વરતેજ પોલીસ મથકે ફરિયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી હતી.

આ બનાવ અંગે વરતેજ પોલીસ મથકેથી જણાવા મળતી વિગતો અનુસાર ?ભાવનગર ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ વિભાગના ઈન્ચાર્જ ભૂસ્તર શાસ્ત્રી ભરત મગનભાઈ જાલોંધરાએ ફરિયાદ નોંધાવી હતી કે, સર્વેયર અશ્વિનભાઈ વારોતરીયા અને સિક્યુરીટી સ્ટાફ ભીકડા ગામની પશ્ચિમ દિશામાં આવેલ ગૌચર વિસ્તારમાં તપાસ અર્થે ગયા હતા ત્યાં એક નંબર પ્લેટ વગરનું પીળા રંગનું JCB જેના કાચ પર 'મોગલ' લખેલું હતું, ગેરકાયદે રીતે માટીનું ખોદકામ કરતું ઝડપાયું હતું.

ખનીજ વિભાગની ટીમે જ્યારે ચાલક હારીતસિંહ હનુભા ગોહિલ (રહે.ભીકડા) પાસે પાસ-પરમિટની માંગણી કરી, ત્યારે તેની પાસે કોઈ આધાર પુરાવા નહોતાં. આથી ટીમે જ્યારે JCB સીઝ કરીને પોલીસ સ્ટેશન લઈ જવાની તજવીજ હાથ ધરી, ત્યારે ચાલકે ઉશ્કેરાઈ જઈને સરકારી કર્મચારીઓ સાથે ઉગ્ર બોલાચાલી અને ગેરવર્તણૂક કરી હતી. તેમજ તેણે તકનો લાભ ઉઠાવી આરોપી હારીતસિંહ પોતાનું JCB લઈને ઘટનાસ્થળેથી ભાગી છૂટ્યો હતો, આ સમગ્ર ઘટનાનો વીડિયો સિક્યુરીટી ગાર્ડ દ્વારા મોબાઈલમાં કેદ કરી લેવામાં આવ્યો છે. આ મામલે ભરત જાલોંધરાએ આરોપી વિરુદ્ધ રાજ્ય સેવકની કાયદેસરની ફરજમાં રૂકાવટ કરવા બદલ વરતેજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી, પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સ્પર્શ કેન્સર કેર અને બિમ્સ હોસ્પિટલ દ્વારા યોજાઈ જનજાગૃતિ વોકેથોન

## બિમ્સના ડિરેક્ટર ડો. સ્નેહલ રવિ તથા કેન્સર સર્જન ડો. સિદ્ધાર્થ વ્યાસ દ્વારા કેન્સર અંગે માર્ગદર્શન અપાયુ



ભાવનગર,તા.૪

વર્લ્ડ કેન્સર ડે ના અનુસંધાને કેન્સર જનજાગૃતિ માટે સ્પર્શ કેન્સર કેર અને ભાવનગરની બેસ્ટ બિમ્સ હોસ્પિટલ દ્વારા વોકેથોનનું આયોજન કરવામાં આવેલ. આ આયોજનનો મુખ્ય ઉદ્દેશ કેન્સર રોગને અટકાવવા જનજાગૃતિ ફેલાવાનો તેમજ કેન્સર રોગમાં પીડાતા દર્દી પ્રત્યે સહાનુભૂતિ દાખવી તેઓને કેવી રીતે બહાર લાવવા તે મુખ્ય હતો. કેન્સર સામે લડવા અને દર્દી દેવો ભવઃ ના મંત્ર સાથે સ્પર્શ કેન્સર કેર અને બિમ્સ હોસ્પિટલ ભાવનગર દ્વારા જનજાગૃતિ વોકેથોનનું આયોજન થયેલ. જેમાં યુવાનો તથા વિદ્યાર્થીઓ જોડાયા

વોકેથોનમાં ભાવનગરની ખ્યાતનામ સ્કૂલો જેવી કે વિદ્યાધિશ વિદ્યાસંકુલ, સ્વામિનારાયણ ગુરુકુળ પ્રાથમિક શાળા, ગિજુભાઈ કુમાર મંદિર, બી. એન. વિરાણી હાઈસ્કૂલ, દક્ષિણામૂર્તિ કુમાર મંદિર, નંદકુંવરબા ક્ષત્રિય વિદ્યાલય, ત્રિભોવનદાસ ભાણજી જૈન કન્યા શાળા, જલારામ બાપા પ્રાથમિક શાળા ન. ૧૪, દીનદયાલ પ્રાથમિક શાળા ન. ૬૯, મહાત્મા ગાંધી પ્રાથમિક શાળા ન. ૬૩, પી.એમ. ગૌરીશંકર પ્રા. શાળા ન. ૬૫ તથા વિવેકાનંદ રોવર ક. રાણી લક્ષ્મીબાઈ રેંજર ટીમના ૫૦૦થી વધારે સ્કાઉટ ગાઈડ જેઓ જિલ્લા મંત્રી અજયભાઇ ભટ્ટ ના માર્ગદર્શનમાં જોડાયા હતા અને કેન્સર માટેની જનજાગૃતિ ફેલાવવામાં સહયોગ આપ્યો હતો. આ ઉપરાંત ભાવનગરની બેસ્ટ બિમ્સ હોસ્પિટલના મેડિકલ ડિરેક્ટર ડો. સ્નેહલ રવિ તથા મોઢા અને ગાળાના કેન્સરના સર્જન ડો. સિદ્ધાર્થ વ્યાસ દ્વારા લોકોને માર્ગદર્શન અપાયુ હતું.

સમગ્ર કાર્યક્રમ ડો. જ્યોતિકાબેન જોશીના માર્ગદર્શનમાં સ્પર્શ કેન્સર કેર દ્વારા અને બિમ્સ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવ્યો હતો તથા વોકેથોનમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને જાહેર જનતાને આયોજકો દ્વારા પ્રમાણપત્ર તથા મેડલ આપવામાં આવ્યા હતા.

# સિહોર પંથકના વિસ્તારમાં સફારી પાર્ક જેવો માહોલ!: ગુંદાળા ગામે વાછરડીનુ મારણ

## રાની પશુઓના સતત આટા ફેરાથી પંથકના ગ્રામ્ય વિસ્તારોમાં પશુપાલકો અને ખેડૂતોમાં ભય સાથે ફફડાટ

સિહોર,તા.૪

સિહોર પંથકના પશુપાલકોની હાલમાં માઠી દશા બેઠી હોય તેમ રાની પશુઓએ સિહોર પંથકની ચારેય દિશામાં આતંક મચાવ્યો છે અને એક પછી એક પશુઓ રાની પશુઓનો શિકાર બની રહ્યા છે ત્યારે પશુપાલકોને પશુધન બચાવવા માટે કફોડી પરિસ્થિતિ ઊભી થઈ ગઈ છે. રાની પશુઓના ચારેબાજુ વસવાટ કર્યો છે ત્યારે પંથકના રહિશો ભયભીત બની ગયેલ છે. અગાઉ પણ આ અંગે માલધારી સમાજના આગેવાનો દ્વારા તંત્રને રજૂઆત કરી આવેદનપત્ર પાઠવવામાં આવેલ પરંતુ કોઈ પગલાં લેવામાં આવ્યાં નથી. બીજી બાજુ સિહોર પંથકના લોકમુખે એવું પણ ચર્ચાય રહ્યું છે કે હાલમાં સિહોર પંથકના વિસ્તારમાં જ્યાં જુઓ ત્યાં રાની પશુ ઓ દેખાઈ રહ્યાં છે. કોઈ પશુપાલકો દુધની ડેરી દુધ ભરીને કે પછી ખેડૂત વાડી પોતાના ગામ ઘરે પરત ફરતી વખતે રસ્તામાં અડીંગો જમાવી બેઠા હોય છે અને બીજી બાજુ પશુપાલકો પણ પોતાના માલઢોર ચરાવવા માટે જતા હોય છે ત્યારે રાની પશુઓ દ્વારા રસ્તા રોકો આંદોલન કરાયું હોય છે ત્યારે પશુપાલકોને પરત ફરવું પડે છે.

સિહોર તાલુકાના આંબલા, રામધરી, સણોસરા, ચોરવડલા, અનિડા, પીપરલા, સાંઢીડા, પાંચ વડા સહિતના આજુબાજુના વિસ્તારોમાં સિંહ પરિવાર દ્વારા ડેરા તંબુ તાણીને કબજો જમાવ્યો છે ત્યારે બીજી બાજૂ ટાણા, બેકડી, સરકડીયા (ટા), વરલ, ધ્રુપકા, ભડલી, ખાખરીયા, રાજપરા ખોડિયાર, જુના જાળીયા, ખાંભા, સાગવાડી, સર, રબારિકા સહિતના આજુબાજુના વિસ્તારોમાં દિપડાએ પરિવારના સભ્યો સાથે વસવાટ કર્યો છે આથી આ વિસ્તારના ગ્રામ્યજનો માં ભય પણ એટલો વધ્યો છે. હવે રાની પશુઓનાં લોકવસ્તી વિસ્તારમાં પણ આંટાફેરા વધી ગયેલ છે. પશુપાલકો માટે તેઓનાં માલઢોરને ક્યાં બાંધવા કે પછી ક્યાં ચરાવવા લઈ જવા તે પ્રશ્ર્ન ઉભો થયો છે એટલે કે પશુપાલકો માટે જાયે તો જાયે કહાં જેવી પરિસ્થિતિ ઉદભવી રહી છે. આ બાબતે હવે તંત્ર દ્વારા વહેલામાં વહેલી તકે યોગ્ય રીતે પગલાં લેવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

### છેલ્લા અઠવાડિયામાં મારણનાં બનાવો વધ્યા

સણોસરા ગામે એક ગાયનું મારણ, ખાખરીયા ગામે વાછરડી નું, રાજપરા ખોડિયાર ગામે વાછરડી નું, ભડલી ગામે એક વાછરડી નું મારણ અને ગાયને ગંભીર ઈજાગ્રસ્ત, ધ્રુપકા ભડલી રોડ પર એક ગાયનું મારણ, ધ્રુપકા જંગલ વિસ્તારમાં બે બકરીઓ નું મારણ તેમજ ગત રાત્રીના ગુંદાળા ( ટા) ગામે રહેતા પરેશભાઈ મોહનભાઈ તેજાણીની વાડીમાં દિપડાએ પ્રવેશ કરી અને એક વાછરડીનું મારણ કરી તેમજ બીજી વાછરડીને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.

## અવસાન નોંધ

**ગોહિલવાડી રામીમાળી મરણ (ભાવનગર)**

મેઘજીભાઈ કરશનભાઈ મકવાણાના નાના દિકરા બાબુભાઈ મકવાણા ઉમંર વર્ષ ૮૩ ( રેલ્વે રિટાયડ )તારીખ ૩૧/૦૧/૨૬ ને શનિવાર ના રોજ રામચરણ પામેલ છે તેઓ દુર્લભજીભાઈ પેઇન્ટર તથા સવિતાબેન ગણપતભાઇ સોલંકીના નાનાભાઈ થાય મનોજભાઈ વિનાયકભાઈ મકવાણાના કાકા થાય હર્ષાબેન નીતીનકુમાર રાઠોડ, મીનાબેન રમેશકુમાર બારડ, મીરાબેન (હિના) અશોકકુમાર બરોલીયા, અસ્મિતાબેન જગદીશકુમાર ઝીંઝુવાડીયાના પિતા થાય તેમજ નાનુંભાઈ મકનજીભાઈ કનાડાના જમાઇ થાય ભગવતીપ્રસાદ ગુણવંતભાઈ. પ્ર હલાદભાઈ, ભરતભાઈ નાનુંભાઈ કનાડા તથા ઇલાબેન રમેશકુમાર રાઠોડના બનેવી થાય .રતીભાઈ .જેન્તીભાઇ.જસુભાઇ.રમુભાઇ પેઇન્ટર રસીકભાઈ.ધીરૂભાઈ શાન્તિભાઈ કોઈશા ના ભાણેજ થાય તેમની સાદડી તારીખ ૫/૨/૨૬ ને ગુરૂવાર ૪/૦૦ થી ૬/૦૦ લખુભા હોલ કાળીયાબીડ રાખેલ છે તેમના સુવાળા તા. ૬/૨/૨૬ ને શુક્રવાર ના રોજ રાખેલ છે . અને સરવણી તા.૧૨/૨/૨૬ ને ગુરુવારે રાખેલ છે..રૂપીયો મુકવાની પર્થા તેમજ લોકીક વહેવાર સંપુણ બંધ રાખેલ છે. મો. નં મનોજભાઈ ૯૮૯૮૧૫૩૨૯૬/ રમેશભાઈ ૯૪૨૬૮૫૧૨૭૬

## ન્યૂઝ ફ્લેશ

# ભાવનગરમા ઠંડીથી થયેલી રાહત, લઘુતમ તાપમાન ૨૦.૮ ડિગ્રીએ પહોંચ્યું


**પશ્ચિમ રેલવે - ભાવનગર ડિવિઝન**

**૧૫૦ લીટર ક્ષમતા ધરાવતા ૫૭ વૉટર કુલર્સની જોગવાઈ**

**અનું.નં. ૦૧ :** ઈ-ટેન્ડર નં. બીવીપી-ઈએલ-પી-૩૭-૨૦૨૫-૨૬

**કામનું નામઃ** ભાવનગર ડિવિઝન :- ૫૨ સ્ટેશનો ખાતે ૧૫૦ લીટર ક્ષમતા ધરાવતા ૫૭ વૉટર કુલર્સની જોગવાઈ.

**ટેન્ડર મૂલ્ય :** ₹ ૮૯,૨૮,૪૦૨.૩૧ | **ઈએમડી :** ₹ ૧,૭૮,૬૦૦

**બિડીંગ શરૂ થવાની તારીખ :** ૧૦-૦૨-૨૦૨૬

**બિડીંગ બંધ થવાની તારીખ :** ૨૪-૦૨-૨૦૨૬

**વેબસાઈટ વિગતો :** https://www.ireps.gov.in

BVP-259

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly


અનુ.પાના ૮નું શરૂ...

## અકસ્માતમાં ઈજાગ્રસ્ત કોર્પોરેશનના કર્મીનું મોત

દવારા સાબિત કરવામાં આવેલ કે તેઓનું મૃત્યુ કોરોનાના કારણે નહી પરંતુ આ અકસ્માતે ગંભીર પ્રકારની ઈજાઓ થવાના કારણે સારવાર દરમ્યાન થયેલ હતું અને આ કામના અરજદારોના વકીલની દલીલો તેમજ રજુ થયેલ સુપ્રિમ કોર્ટ તેમજ હાઈકોર્ટના ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતોને ધ્યાને લઈ કોર્ટ દવારા અરજદારના વકીલની દલીલોને માન્ય રાખવામાં આવેલ અને આ કામના અરજદારોને ભાવનગરના મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ(ઓકઝી) ના જજ જે.જી.દામોદરાએ મરણ જનાર જતીનભાઈ પિતળીયાના વળતરના કેસમાં ગઈ તા.૩૧/૧/૨૦૨૬ ના રોજ રૂા. ૭૪,૩૩,૦૦૦/- તેમજ તેના પર અરજીની તારીખથી વસુલ થતા સુધી ૯ % વ્યાજ તેમજ સપ્રમાણ ખર્ચ સહિતની રકમ મંજુર કરી અને સામાવાળા વિમા કંપનીને મરણ જનારના આશ્રિત/અરજદારોને વ્યાજ તેમજ ખર્ચ સહિત રૂા. ૧.૧૦કરોડ - ઉપરાંતની રકમ એક માસમાં ચુકવવાનો આદેશ કરેલ છે.


**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર ગ્રામ્ય**

**કેસ નં ૨૦૧/૨૦૨૫**
**જન્મ તા.૧૦/૦૧/૧૯૭૮**

**શ્રી લલ્લુભાઈ સવજીભાઈ માંગુકિયા**
**રહે. બુધેલ, તા.જિ.ભાવનગર**

**વિરુધ્ધ**

**તલાટી કમ મંત્રી શ્રી**
**ગ્રામ પંચાયત કચેરી, મુ.બુધેલ, તા.જી.ભાવનગર**

**વિષય : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી લલ્લુભાઈ સવજીભાઈ માંગુકિયા બુધેલ, તા.જિ. ભાવનગરએ પોતાના પુત્ર શ્રી ગણેશભાઈ લલ્લુભાઈ માંગુકિયાનો જન્મ તા.૧૦/૦૧/૧૯૭૮ ના રોજ બુધેલ મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૨૯/૦૧/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**(એમ.ડી.પરમાર)**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ભાવનગર**



**પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન**

**વિવિધ એન્જીનિયરીંગ કામ**

| ક્રમ નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | ટેન્ડર મૂલ્ય (₹) | ઈએમડી (₹) |
|---|---|---|---|---|
| ૦૧ | ૨૬૬-૨૦૨૫-૨૬ | ભાવનગર ડિવિઝન :- ૧૯ સ્ટેશનો ખાતે સિગ્નલિંગ અને ટેલિકોમ ઉપકરણ સહિત EI, MSDAC અને ઇન બિલ્ટ બ્લોક વર્કિંગની સાથે વર્તમાનના PI સ્ટેશનોના કોડલ લાઈફ આધારિત બદલીકરણના મંજૂર થયેલા કામની સામે સિનિ. DEN-સેન્ટ્રલના અધિકારક્ષેત્રમાં ૪ સ્ટેશનો ખાતે EI બિલ્ડીંગ્સની જોગવાઈ કરવાનું કામ. | ૭,૩૬,૭૯,૮૨૫.૫૭ | ૫,૧૮,૪૦૦.૦૦ |
| ૦૨ | ૨૬૭-૨૦૨૫-૨૬ | ભાવનગર ડિવિઝન :- ૧૯ સ્ટેશનો ખાતે EI, MSDAC અને ટેલિકોમ ઉપકરણ સહિત વર્તમાનના PI સ્ટેશનના કોડલ લાઈફ આધારિત બદલીકરણના મંજૂર થયેલા કામની સામે DEN-પૂર્વ સેક્શનમાં ૭ સ્ટેશનો ખાતે EI બિલ્ડીંગ્સની જોગવાઈ કરવાનું કામ. | ૧૦,૨૦,૫૬,૦૭૦.૧૫ | ૬,૬૦,૩૦૦.૦૦ |
| ૦૩ | ૨૬૮-૨૦૨૫-૨૬ | ભાવનગર ડિવિઝન (૪૧ નંગ LCs) :- સિનિ. DEN (C) ભાવનગર અધિકારક્ષેત્ર : રબરાઈઝ્ડ સપાટીની જોગવાઈ કરવા દ્વારા રોડ સપાટીની સુધારણા કરવાનું કામ. | ૨,૭૪,૬૧,૪૦૨.૧૮ | ૨,૮૭,૩૦૦.૦૦ |
| ૦૪ | ૨૬૯-૨૦૨૫-૨૬ | વાંસજાળીયા જં. - EI અને MSDAC ની જોગવાઈ સહિત ભાવનગર ડિવિઝનના ઇન્ટરલોકિંગના સ્ટાન્ડર્ડ I થી સ્ટાન્ડર્ડ II (R) માં અપગ્રેડશનના સંબંધમાં બિલ્ડીંગ કામ. | ૧,૯૨,૪૮,૧૦૬.૧૮ | ૨,૪૬,૩૦૦.૦૦ |

**ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે :- બિડિંગ પ્રારંભ થવાની તારીખ : ૧૧-૦૨-૨૦૨૬ અને બિડિંગ બંધ થવાની તારીખઃ ૨૫-૦૨-૨૦૨૬**

**વેબસાઈટ વિગતઃ** www.ireps.gov.in

BVP-258

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly



**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર ગ્રામ્ય**

**કેસ નં ૨૦૦/૨૦૨૫**
**જન્મ તા.૦૧/૦૫/૧૯૭૪**

**શ્રી લલ્લુભાઈ સવજીભાઈ માંગુકિયા**
**રહે. બુધેલ, તા.જિ.ભાવનગર**

**વિરુધ્ધ**

**તલાટી કમ મંત્રી શ્રી**
**ગ્રામ પંચાયત કચેરી, મુ.બુધેલ, તા.જી.ભાવનગર**

**વિષય : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી લલ્લુભાઈ સવજીભાઈ માંગુકિયા બુધેલ, તા.જિ. ભાવનગરએ પોતાના પુત્ર શ્રી મુકેશભાઈ લલ્લુભાઈ માંગુકિયાનો જન્મ તા.૦૧/૦૫/૧૯૭૪ ના રોજ બુધેલ મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૨૯/૦૧/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**(એમ.ડી.પરમાર)**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ભાવનગર**



**જાહેર નોટીસ**

**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં-શિહોર**

**અપીલવાળાના વ.શ્રી.આઈ.એમ.શેખ**
**બી.એન્ડ ડી. રજી.નં.૧૦/૨૦૨૬**

**શ્રી કુલસુમબેન એહમદભાઈ મોદન**
**રહે. ડાઈ. દર્જનનો ખાંચો નવાપરા, ભાવનગર. ....અપીલવાળા**

**વિરુધ્ધ**

**જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી,**
**રહે, વરલ ગ્રામ પંચાયત, મુ.વરલ, તા.શિહોર, જિ.ભાવનગર ....સામાવાળા**

**વિષયઃ- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩ (૩) બી અન્વયે જન્મની નોંધણી કરવા બાબત.**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે અપીલવાળાના પુત્ર ઇરફાનભાઈ એહમદભાઈ મોદનનો જન્મ તા.૨૯/૦૫/૧૯૮૫ના રોજ શિહોર તાલુકાના વરલ ગામે થયેલ હોય જન્મ-મરણ રજીસ્ટરે અપીલવાળાના પુત્ર ઇરફાનભાઈ એહમદભાઈ મોદનની જન્મ તારીખ નોંધાયેલ ન હોય જેથી જન્મ તારીખના પ્રમાણપત્રની જરૂરીયાત થતા હાલની અરજી દાખલ કરેલ છે.

અપીલવાળાના પુત્ર ઇરફાનભાઈ એહમદભાઈ મોદનના જન્મની નોંધ જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી, વરલ ગ્રામ પંચાયત, મુ.વરલ, તા.શિહોર, જિ.ભાવનગર(જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી)ના જન્મ-મરણ રજીસ્ટરે કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો તકરાર કે હરકત સરખુ હોય તેમણે તા.૦૨/૦૨/૨૦૨૬, તા.૦૬/૦૩/૨૦૨૬ તથા તા.૧૦/૦૪/૨૦૨૬ ના રોજ સવારના ૧૧-૦૦ કલાકે અત્રેની કોર્ટમાં હાજર રહેવુ તેમજ હાજર રહેવા બાબતે કસુર કરવામા આવશે તો યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

**શિહોર**
**તા.૦૯/૦૧/૨૦૨૬**

કોર્ટનો સિક્કો

**નાયબ કલેકટર અને**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ,**
**શિહોર**



**જાહેર નોટીસ**

**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં-શિહોર**

**અપીલવાળાના વ.શ્રી.આઈ.એમ.શેખ**
**બી.એન્ડ ડી. રજી.નં.૨૩/૨૦૨૬**

**શ્રી હાજી હસનભાઈ મેતર**
**રહે. ઘાંચીવાડ, શિહોર, જિ.ભાવનગર ....અપીલવાળા**

**વિરુધ્ધ**

**જન્મ-મરણ નોંધણી અધિકારી અને ચીફ ઓફિસરશ્રી,**
**શિહોર નગરપાલિકા કચેરી, શિહોર, મુ.શિહોર ....સામાવાળા**

**વિષયઃ- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩ (૩) બી અન્વયે જન્મની નોંધણી કરવા બાબત.**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે અપીલવાળાનો જન્મ તા.૩૧/૦૧/૧૯૪૭ના રોજ શિહોર ખાતે થયેલ હોય જન્મ-મરણ રજીસ્ટરે અપીલવાળાની જન્મ તારીખ નોંધાયેલ ન હોય જેથી જન્મ તારીખના પ્રમાણપત્રની જરૂરીયાત થતા હાલની અરજી દાખલ કરેલ છે.

અપીલવાળાની જન્મની નોંધ શિહોર નગરપાલિકાના, (જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી)ના જન્મ-મરણ રજીસ્ટરે કરવા સબબ આ કોર્ટમાં અરજી કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો તકરાર કે હરકત સરખુ હોય તેમણે નીચે દર્શાવેલ કોષ્ટકની વિગતે અત્રેની કોર્ટમાં હાજર રહેવુ. તેમજ હાજર રહેવા બાબતે કસુર કરવામા આવશે તો યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

| ક્રમ | સુનાવણી તારીખ | વાર | સમય | ક્રમ | સુનાવણી તારીખ | વાર | સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | તા.૦૬/૦૨/૨૦૨૬ | શુક્રવાર | સવારના ૧૧.૦૦ કલાકે | ૨ | તા.૦૬/૦૩/૨૦૨૬ | શુક્રવાર | સવારના ૧૧.૦૦ કલાકે |
| ૩. | તા.૧૦/૦૪/૨૦૨૬ | શુક્રવાર | સવારના ૧૧.૦૦ કલાકે | - | - | - | - |

**શિહોર**
**તા.૩૦/૦૧/૨૦૨૬**

કોર્ટનો સિક્કો

**નાયબ કલેકટર અને**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ,**
**શિહોર**



**જાહેર નોટીસ**

**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં-શિહોર**

**અપીલવાળાના વ.શ્રી.આઈ.એમ.શેખ**
**બી.એન્ડ ડી. રજી.નં.૩૫/૨૦૨૬**

**શ્રી ઈરફાનભાઈ રહીમભાઈ ગુંદીગરા**
**રહે. વરતેજ ઈમામના કુવા પાસે, શિહોર, ....અપીલવાળા**

**વિરુધ્ધ**

**જન્મ-મરણ નોંધણી અધિકારી અને ચીફ ઓફિસરશ્રી,**
**નગરપાલિકા શિહોર, જિ.ભાવનગર ....સામાવાળા**

**વિષયઃ- બર્થ એન્ડ ડેથ રજીસ્ટ્રેશન એકટની કલમ-૧૩ (૩) બી અન્વયે જન્મની નોંધણી કરવા બાબત.**

આથી લાગતા વળગતા તમામને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે અપીલવાળાના પુત્રી નસરીનબેન ઈરફાનભાઈ ગુંદીગરાનો જન્મ તા.૨૧/૦૪/૨૦૦૮ના રોજ, શિહોર ખાતે થયેલ હોય, નગરપાલીકા કચેરી, શિહોરના જન્મ-મરણ રજીસ્ટરે તેમની જન્મ તારીખ નોંધાયેલ ન હોય જેથી જન્મ તારીખના પ્રમાણપત્રની જરૂરીયાત થતા હાલની અરજી દાખલ કરેલ છે.

અપીલવાળાના પુત્રી નસરીનબેન ઈરફાનભાઈ ગુંદીગરાનો જન્મ તા.૨૧/૦૪/૨૦૦૮ ના રોજ ની જન્મની નોંધ નગરપાલીકા કચેરી, શિહોર, (જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી)ના જન્મ-મરણ રજીસ્ટરે કરવા સબબ આ કોર્ટમાં અપીલ કરેલ છે.

આ અરજી સામે કોઈને વાંધો તકરાર કે હરકત સરખુ હોય તેમણે નીચે દર્શાવેલ કોષ્ટકની વિગતે અત્રેની કોર્ટમાં હાજર રહેવું. તેમજ હાજર રહેવા બાબતે કસુર કરવામાં આવશે તો યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

| ક્રમ | સુનાવણી તારીખ | વાર | સમય | ક્રમ | સુનાવણી તારીખ | વાર | સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | તા.૦૬/૦૨/૨૦૨૬ | શુક્રવાર | સવારના ૧૧.૦૦ કલાકે | ૨ | તા.૦૬/૦૩/૨૦૨૬ | શુક્રવાર | સવારના ૧૧.૦૦ કલાકે |
| ૩. | તા.૧૦/૦૪/૨૦૨૬ | શુક્રવાર | સવારના ૧૧.૦૦ કલાકે | - | - | - | - |

**શિહોર**
**તા.૩૧/૦૧/૨૦૨૬**

કોર્ટનો સિક્કો

**નાયબ કલેકટર અને**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ,**
**શિહોર**



**જાહેર નોટીસ**

**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી નં ૨૨૮/૨૦૨૫**
**જ.તા.૦૧/૧૧/૨૦૧૧**

**શ્રી રીટાબેન મયુરભાઈ પરમાર**
**રહે. મચ્છી બજાર, કુંભારવાડા,**
**ભાવનગર.**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**બાબત : જન્મ અને મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી રીટાબેન મયુરભાઈ પરમારએ તેમના પુત્ર પૃથ્વીરાજ મયુરભાઈ પરમારનો જન્મ તા.૦૧/૧૧/૨૦૧૧ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૯/૦૧/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**(કે.બી.ચાંદલીયા)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને સીટી મામલતદાર ભાવનગર**

# નાગરિકોના ગોપનીયતા અધિકારો સાથે ચેડાં કરવાને સહન કરવામાં આવશે નહીં: સુપ્રીમ

## કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયા દ્વારા ૨૦૨૧ ની વોટ્સએપ ગોપનીયતા નીતિ પર લાદવામાં આવેલા ૨૧૩.૧૪ કરોડના દંડને સમર્થન

નવીદિલ્હી,
મંગળવારે,વોટ્સએપની ગોપનીયતા નીતિ પર મેટાને કડક ચેતવણી આપી. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચે કહ્યું કે ટેકનોલોજી કંપનીઓ ભારતમાં રહેતા નાગરિકોના ગોપનીયતા અધિકારો સાથે ચેડાં કરી શકતી નથી. કોર્ટે એમ પણ કહ્યું કે જો કંપનીઓ બંધારણનું પાલન ન કરી શકે, તો તેમણે દેશ છોડી દેવો જોઈએ. મેટા અને વોટ્સએપ દ્વારા નેશનલ કંપની લૉ એપેલેટ ટ્રિબ્યુનલના નિર્ણયને પડકારતી અપીલ પર કોર્ટ સુનાવણી કરી રહી હતી, જેમાં કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયા દ્વારા ૨૦૨૧ ની વોટ્સએપ ગોપનીયતા નીતિ પર લાદવામાં આવેલા ૨૧૩.૧૪ કરોડના દંડને સમર્થન આપવામાં આવ્યું હતું.

આ મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, સુપ્રીમ કોર્ટે ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયને અરજીમાં પક્ષ બનાવવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટે કંપનીઓને ચેતવણી આપી હતી કે કાં તો લેખિત ખાતરી આપે કે તેઓ ડેટા શેર કરશે નહીં, અથવા કોર્ટને આદેશ પસાર કરવો પડશે. બેન્ચે કહ્યું કે ૯ ફેબ્રુઆરીના રોજ આ મામલે વચગાળાનો આદેશ પસાર કરવામાં આવશે.

સુનાવણી દરમિયાન, સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે વોટ્સએપના બજાર પ્રભુત્વને કારણે, વપરાશકર્તાઓ પાસે મર્યાદિત વિકલ્પો છે. કોર્ટે પ્રશ્ન કર્યો કે શું જનતા કંપનીની જટિલ ગોપનીયતા નીતિ સમજી શકે છે. કોર્ટે જણાવ્યું હતું કે વપરાશકર્તા સંમતિ ફક્ત ત્યારે જ માન્ય છે જો તે સ્પષ્ટ અને સમજી શકાય તેવી હોય.

સરકારનું પ્રતિનિધિત્વ કરતા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે વપરાશકર્તા ડેટા ફક્ત એકત્રિત કરવામાં આવતો નથી પરંતુ તેનો વ્યાપારી રીતે ઉપયોગ પણ કરવામાં આવે છે. કોર્ટે એ પણ પૂછ્યું કે WhatsApp લક્ષ્યાંકિત જાહેરાતો માટે વપરાશકર્તા ડેટાનો ઉપયોગ કેવી રીતે કરે છે. ક્રિટિકલ જસ્ટિસે પોતાના અનુભવને ટાંકીને કહ્યું કે આરોગ્ય સંબંધિત સંદેશાઓ મોકલ્યા પછી જાહેરાતો દેખાય છે, જે ડેટા ઉપયોગ અંગે પ્રશ્નો ઉભા કરે છે.

સુનાવણી દરમિયાન, મુખ્ય ન્યાયાધીશે WhatsAppની ગોપનીયતા નીતિની ભાષા અંગે ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા. તેમણે કહ્યું કે આ દેશમાં ગોપનીયતાનો અધિકાર ખૂબ જ મહત્વપૂર્ણ છે અને કંપનીઓ તેનું ઉલ્લંઘન કરી શકતી નથી.

મુખ્ય ન્યાયાધીશે કડક ટિપ્પણી કરતા કહ્યું કે, "તમે ડેટા શેરિંગના બહાને આ દેશની ગોપનીયતા સાથે રમી શકતા નથી. તમારી ગોપનીયતાની શરતો એટલી ચાલાકીથી ઘડવામાં આવી છે કે સામાન્ય માણસ તેને સમજી શકતો નથી. આ વ્યક્તિગત માહિતી ચોરી કરવાની 'સંસ્કારી રીત' છે, જેને અમે મંજૂરી આપીશું નહીં."

# પીએમ મોદી પર અમેરિકાનું ભારે દબાણ રાહુલ ગાંધીએ ટ્રેડ ડીલ પર ઉઠાવ્યા સવાલ

## રાહુલ ગાંધીએ ખેડૂત, અદાણી અને અપસ્ટીન ફાઈલ્સનો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રી મોદી પર ગંભીર આરોપ લગાવ્યા

નવીદિલ્હી,
કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ લોકસભામાં ડોકલામનો મુદ્દો ઉઠાવ્યો, ત્યારબાદ કાર્યવાહી સ્થગિત કરી દેવામાં આવી. વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ સંસદ પરિસરમાં મીડિયા સાથે વાત કરતા ખેડૂત, અદાણી અને અપસ્ટીન ફાઈલ્સનો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રી મોદી પર ગંભીર આરોપ લગાવ્યા છે.

રાહુલ ગાંધીએ કહ્યું- નરેન્દ્ર મોદી ગભરાયેલા છે. જે ટ્રેડ ડીલ ચાર મહિનાથી અટવાઈ હતી, કંઈ બદલાયું નહીં. તેઓ કોઈ કારણે દબાવમાં છે. જે હું જાણું છું, નરેન્દ્ર મોદી જાણે છે. મોદીજીએ કાલે સાંજે આ ડીલ પર સહી કરી દીધી. તેના પર ભયંકર પ્રેશર છે.

ઈતિહાસમાં પ્રથમવાર એલઓપીને રાષ્ટ્રપતિના અભિભાષણ પર બોલવા દેવામાં આવતા નથી. યુએસની સાથે ટ્રેડ ડીલમાં ભારતના ખેડૂતોની મહેનત, લોહી-પરસેવો મોદીજીએ વેચી દીધો છે. તે એટલા માટે વેંચ્યો છે કારણ કે તેમણે સમજુતિ કરી છે.

રાહુલ ગાંધીએ કહ્યું- માત્ર તમે વેચ્યો નથી, દેશને વેચ્યો છે. તેથી મને બોલવા દેવામાં આવ્યો નહીં. મોદી જી ડરેલા છે, કારણ કે જે લોકોએ તેમની ઈમેજ બનાવી હતી હવે તે તૂટવા લાગી છે.

રાહુલ ગાંધીએ નરેન્દ્ર મોદી પર દબાવમાં હોવાનો આરોપ લગાવતા ઘણા મુદ્દાનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું- અદાણી પર અમેરિકામાં એક કેસ છે. તે મોદીના નાણાકીય સ્ટ્રક્ચરને ટાર્ગેટ કરી રહ્યો છે. બીજો એપસ્ટીન ફાઈલ છે. અદાણી પર જે કેસ છે, તે હકીકતમાં મોદીજી પર કેસ છે.

# મુંબઈ મેયરની ચૂંટણીમાં મનેસે ભાજપ સાથે ગઠબંધન નહીં કરે : પાર્ટી વડા રાજ ઠાકરે

## મ્યુનિસિપલ ચૂંટણીના પરિણામોની સમીક્ષા કરવા માટે મનસની બેઠક દરમિયાન જાહેરાત

મુંબઈ,
મુંબઈમાં રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે) અને ભાજપ વચ્ચે ગઠબંધનના અહેવાલો ઘણા સમયથી ફરતા થઈ રહ્યા છે, જેના કારણે મહારાષ્ટ્રના રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે. જો કે, હવે સ્પષ્ટ થઈ ગયું છે કે બંને પક્ષો વચ્ચે કોઈ ગઠબંધન નહીં થાય.

મનસે પ્રમુખ રાજ ઠાકરેએ તેમના પક્ષના અધિકારીઓને જણાવ્યું હતું કે બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન મેયરની ચૂંટણીમાં પાર્ટી ભાજપ સાથે ગઠબંધન નહીં કરે. પાર્ટીના એક નેતાએ આ માહિતી આપી હતી. ૧૫ જાન્યુઆરીએ મુખ્યત્વે મુંબઈ અને આસપાસના શહેરોમાં યોજાયેલી મ્યુનિસિપલ ચૂંટણીના પરિણામોની સમીક્ષા કરવા માટે મનસે અધિકારીઓ સાથેની બેઠક દરમિયાન આ જાહેરાત કરવામાં આવી હતી.

હકીકતમાં, રાજ ઠાકરેની પાર્ટી, મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાએ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન ચૂંટણીમાં ખૂબ જ ખરાબ પ્રદર્શન કર્યું. આ સંદર્ભમાં, રાજ ઠાકરેએ મુંબઈના એમઆઈજી ક્લબ ખાતે પાર્ટીના અધિકારીઓની સમીક્ષા બેઠક બોલાવી હતી. આ બેઠક દરમિયાન, તેમણે ભવિષ્યની રણનીતિ અંગે પાર્ટીના અધિકારીઓને કડક સંદેશ આપ્યો.

એક પાર્ટીના નેતાએ જણાવ્યું હતું કે રાજ ઠાકરેએ ૧૫ જાન્યુઆરીએ યોજાયેલી મ્યુનિસિપલ ચૂંટણીના પરિણામોની સમીક્ષા કરવા માટે પાર્ટીના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી, મુખ્યત્વે મુંબઈ અને આસપાસના શહેરોમાં. બેઠક દરમિયાન, અધિકારીઓએ હારના વિવિધ કારણો આપ્યા હતા અને કેટલાક મ્યુનિસિપલ વોર્ડમાં સાથી પક્ષ શિવસેના (યુબીટી) તરફથી સહકારના અભાવની ફરિયાદ કરી હતી.

નેતાઓએ જણાવ્યું હતું કે યુબીટી સાથે જોડાણ હોવા છતાં, તેમના પક્ષના કાર્યકરોએ ઘણા વોર્ડમાં સંપૂર્ણ સહકાર આપ્યો ન હતો. તેમણે એમ પણ કહ્યું હતું કે સ્વજીને ગઠબંધનમાં પૂરતી અને અસરકારક બેઠકો મળી નથી. તેમણે જણાવ્યું હતું કે પાર્ટીને મુંબઈમાં મુશ્કેલ વોર્ડ ફાળવવામાં આવ્યા હતા, જેમાં ૨૨૭ બેઠકો છે, જેના કારણે તેમના માટે વધુ બેઠકો જીતવી મુશ્કેલ બની હતી. વધુમાં, અપક્ષ ઉમેદવારોને મેદાનમાં ઉતારવામાં આવ્યા હતા, જેના કારણે મનસેની વોટ બેંકનું ધોવાણ થયું હતું, જેના પરિણામે પાર્ટીને સીધું નુકસાન થયું હતું.

પક્ષના કાર્યકરોની ફરિયાદો સાંભળ્યા પછી, રાજ ઠાકરેએ પક્ષના અધિકારીઓને ભૂતકાળને પાછળ છોડીને વધુ ઉત્સાહ અને બમણી ગતિ સાથે કામ પર પાછા ફરવા વિનંતી કરી.

# ઓસ્ટ્રેલિયામાં મહાત્મા ગાંધીની પ્રતિમા તોડફોડ અને ચોરી થવાની ઘટનાની ભારતે નિંદા કરી

નવી દિલ્હી,
વિદેશ મંત્રાલયે મેલબોર્નના રોવિલેમાં મહાત્મા ગાંધીની પ્રતિમાની તોડફોડની નિંદા કરી, જવાબદારો સામે તાત્કાલિક કાર્યવાહી કરવાની વિનંતી કરી.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે મીડિયાના પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે, "અજાણ્યા લોકો દ્વારા મેલબોર્નના રોવિલેમાં ઓસ્ટ્રેલિયન ઈન્ડિયન કોમ્યુનિટી સેન્ટરમાં સ્થિત મહાત્મા ગાંધીની પ્રતિમાને તોડફોડ અને દૂર કરવાની ઘટનાની અમે સખત નિંદા કરીએ છીએ."

જયસ્વાલે કહ્યું કે ભારતે "ઓસ્ટ્રેલિયન અધિકારીઓ સમક્ષ આ મામલો ઉઠાવ્યો છે", અને ગુમ થયેલી પ્રતિમાને તાત્કાલિક મેળવવા અને ગુનેગારોને જવાબદાર ઠેરવવા માટે તાત્કાલિક પગલાં લેવા વિનંતી કરી છે.

ઓસ્ટ્રેલિયા ટુડેના અહેવાલ મુજબ, મેલબોર્નના રોવિલેમાં ઓસ્ટ્રેલિયન ઈન્ડિયન કોમ્યુનિટી સેન્ટરની બહાર સ્થાપિત મહાત્મા ગાંધીની કાંસાની પ્રતિમા ૧૨ જાન્યુઆરીની વહેલી સવારે ચોરાઈ ગઈ હતી.

૪૨૬ કિલોગ્રામની આ પ્રતિમા ઈન્ડિયન કાઉન્સિલ ફોર કલ્ચરલ રિલેશન્સ (ICCR), નવી દિલ્હી તરફથી ભેટ હતી, જેનું ઉદ્ઘાટન ૨૦૨૧ માં ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ વડા પ્રધાન સ્કોટ મોરિસન દ્વારા કરવામાં આવ્યું હતું.

ઓસ્ટ્રેલિયા ટુડેના અહેવાલ મુજબ, વિક્ટોરિયા પોલીસ નોક્સ ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન યુનિટે ચોરીની તપાસ શરૂ કરી છે, જેના કારણે મેલબોર્નના ભારતીય-ઓસ્ટ્રેલિયન સમુદાયમાં નવી ચિંતા ફેલાઈ છે.

ઓસ્ટ્રેલિયા ટુડેને આપેલા એક નિવેદનમાં પોલીસે જણાવ્યું હતું કે રોવિલેના કિંગ્સલી ક્લોઝ પરના ચેરિટી પરિસરમાંથી ત્રણ અજાણ્યા વ્યક્તિઓ દ્વારા આ પ્રતિમાની ચોરી કરવામાં આવી હતી. આ મામલે તપાસ ચાલી રહી છે, પોલીસે સ્ક્રેપ મેટલ ડીલરોને ચેતવણી આપી છે કે કાંસ્ય પ્રતિમા વેચવાનો પ્રયાસ કરનારા કોઈપણ વ્યક્તિથી સાવધ રહે અને કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિની તાત્કાલિક જાણ કરવા વિનંતી કરી છે.

ઓસ્ટ્રેલિયન ઈન્ડિયન કોમ્યુનિટી ચેરિટેબલ ટ્રસ્ટના સમિતિના સભ્ય સંતોષ કુમારે ઝદ્ગમ્ઝ્ ફ૧૮ ને જણાવ્યું હતું કે આ ગુનો ઈમારતના ઝઝ્ફ પર "આંશિક રીતે દૃશ્યમાન" હતો અને બીજા દિવસે તેની જાણ કરવામાં આવી હતી.

"અમને એક રાષ્ટ્રીય નેતાની પ્રતિમા ગાયબ જોઈને દુઃખ થયું છે... એક સફેદ વાન આવી હતી જેમાં લોકો બાલાક્લાવામાં લપેટાયેલા હતા... વિગતો પોલીસને આપવામાં આવી છે," કુમારે કહ્યું.

વિક્ટોરિયામાં વિપક્ષના વરિષ્ઠ નેતાઓએ આ ઘટનાની નિંદા કરી છે અને ભારતીય-ઓસ્ટ્રેલિયન સમુદાય સાથે એકતા વ્યક્ત કરી છે. ઓસ્ટ્રેલિયા ટુડેના અહેવાલ મુજબ, બહુસાંસ્કૃતિક અને બહુધાર્મિક બાબતોના છાયા મંત્રી ઈવાન મુલહોલેન્ડે આ ઘટનાને ખૂબ જ દુઃખદ ગણાવી અને કહ્યું કે તે બહુસાંસ્કૃતિક સમુદાયોએ અનુભવેલી સલામતીની ભાવનાને નબળી પાડે છે.

# સુપ્રીમ કોર્ટના ચુકાદા છતાં બુલડોઝર કાર્યવાહી ચાલુ રાખવા પર અલ્હાબાદ હાઈકોર્ટે નારાજ

## અરજદારો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી દરમિયાન હાઈકોર્ટે નારાજગી વ્યક્ત કરી અને કઠોર ટિપ્પણી કરી

નવીદિલ્હી,
સુપ્રીમ કોર્ટના નિર્ણય છતાં ઉત્તર પ્રદેશમાં બુલડોઝર કાર્યવાહી ચાલુ રાખવા પર અલ્હાબાદ હાઈકોર્ટે નારાજગી વ્યક્ત કરી છે. હમીરપુર સંબંધિત કેસમાં બુલડોઝર કાર્યવાહીથી તેમની મિલકતોને રક્ષણ આપવાની માંગ કરતી અરજદારો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી દરમિયાન હાઈકોર્ટે નારાજગી વ્યક્ત કરી અને કઠોર ટિપ્પણી કરી.

હાઈકોર્ટે કેસની સુનાવણી કરતી વખતે જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટના નિર્ણય છતાં ઉત્તર પ્રદેશમાં દંડાત્મક તોડી પાડવાનું ચાલુ છે. કોર્ટે જણાવ્યું હતું કે તેણે અસંખ્ય કિસ્સાઓ જોયા છે જેમાં ગુનો થયા પછી તરત જ રહેણાંક જગ્યા પર કબજો કરનારાઓને તોડી પાડવાની નોટિસ આપવામાં આવે છે. ત્યારબાદ, કાનૂની જરૂરિયાતોનું પાલન કરવાના બહાને તોડી પાડવામાં આવે છે.

હાઈકોર્ટે સુપ્રીમ કોર્ટના નિર્ણયને ટાંકીને જણાવ્યું હતું કે આદેશ છતાં તોડી પાડવાનું ચાલુ રહે છે,

# ઈન્ડિગોએ ઈરાની હવાઈ ક્ષેત્રમાં ઉડાન પ્રતિબંધિત કરી : અનેક ફ્લાઈટ્સ રદ

## તિબિલિસી, કઝાકિસ્તાનમાં અલ્માટી, અઝરબૈજાનની રાજધાની બાકુ અને તાશ્કંદ જતી અને જતી ફ્લાઈટ્સ ૨૮ ફેબ્રુઆરી સુધી રદ કરવામાં આવી

નવી દિલ્હી,
મંગળવારે ઈરાનની આસપાસની પરિસ્થિતિને કારણે ઈન્ડિગોએ ઘણી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ માટે સમયપત્રકમાં ફેરફાર અને રદ કરવાની જાહેરાત કરી હતી. અસરગ્રસ્ત રૂટ પર સેવાઓ ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી સ્થગિત કરવામાં આવી છે, જેના કારણે આ પ્રદેશમાં અનેક આંતરરાષ્ટ્રીય રૂટ પર ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે.

એરલાઈને ઠ પર અપડેટ શેર કરીને જણાવ્યું હતું કે: "પ્રવાસ સલાહ: ઈરાનની આસપાસની વિકસતી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, અમે અમારા ગ્રાહકો અને ક્રૂ માટે સલામત અને સરળ અનુભવ સુનિશ્ચિત કરવા માટે અમારા ફ્લાઈટ શેડ્યૂલમાં વધારાના ફેરફારો કર્યા છે. આ પગલાંના ભાગ રૂપે, તિબિલિસી, અલ્માટી, બાકુ અને તાશ્કંદ જતી અને જતી ઈન્ડિગોની ફ્લાઈટ્સ ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી રદ કરવામાં આવી છે.

"ગ્રાહકો વૈકલ્પિક મુસાફરી વિકલ્પો શોધવા માટે https://bit.ly/4rnkK5G ની મુલાકાત લઈ શકે છે અથવા તેમની પસંદગી મુજબ સંપૂર્ણ રિફંડ પસંદ કરી શકે છે," એરલાઈને ઉમેર્યું.

પરિણામે, ઈન્ડિગોએ જણાવ્યું હતું કે તિબિલિસી, કઝાકિસ્તાનમાં અલ્માટી, અઝરબૈજાનની રાજધાની બાકુ અને તાશ્કંદ જતી અને જતી ફ્લાઈટ્સ ૨૮ ફેબ્રુઆરી સુધી રદ કરવામાં આવી છે.

"પરિસ્થિતિ બદલાતી રહે તેમ, અમારી યોજનાઓ નિયમિત સમીક્ષા હેઠળ રહે છે. કોઈપણ વધુ અપડેટ્સ અથવા ફેરફારો અમારા સંચાર ચેનલો દ્વારા શેર કરવામાં આવશે. અમે તમારા ધૈર્ય, સમજણ અને સતત વિશ્વાસની પ્રશંસા કરીએ છીએ".

# દિલ્હી કેબિનેટે હોળી અને દિવાળી પર મફત LPG સિલિન્ડર આપવાની યોજનાને મંજૂરી આપી

નવી દિલ્હી,
દિલ્હી કેબિનેટે હોળી અને દિવાળીના તહેવારો દરમિયાન રહેવાસીઓને મફત ન્ સિલિન્ડર આપવાની યોજનાને મંજૂરી આપી છે. મુખ્યમંત્રી રેખા ગુપ્તા તરફથી ટૂંક સમયમાં સત્તાવાર નિવેદન આવવાની અપેક્ષા છે.

આ નિર્ણય ભાજપ દ્વારા દિલ્હી વિધાનસભા ચૂંટણી દરમિયાન આપવામાં આવેલા વચનને અનુસરે છે, જ્યારે પાર્ટીએ મતદારોને ખાતરી આપી હતી કે જો તેઓ સત્તામાં આવશે તો હોળી અને દિવાળી પર મફત LPG સિલિન્ડર આપવામાં આવશે.

આ નિર્ણયની જાહેરાત કરતા મુખ્યમંત્રીએ કહ્યું, "હું દિલ્હીના પરિવારોને અભિનંદન આપું છું. આજે, કેબિનેટે મફત ન્ સિલિન્ડર આપવાના નિર્ણયને મંજૂરી આપી છે."

મફત ન્ સિલિન્ડર યોજના કેવી રીતે કાર્ય કરશે

મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ કહ્યું હતું કે, દિલ્હીના તમામ રેશનકાર્ડ ધારકોને હોળી અને દિવાળી દરમિયાન મફત સિલિન્ડર મળશે અને આ યોજના માટે ૨૪૨ કરોડ રૂપિયાનું ભંડોળ ફાળવવામાં આવ્યું છે.

"એક સિલિન્ડરની કિંમત જેટલી ૮૫૩ રૂપિયાની રકમ, દ્રવ દ્વારા બધા પાત્ર રેશનકાર્ડ ધારકોના ખાતામાં સીધી ટ્રાન્સફર કરવામાં આવશે. દ્રવ નો ઉપયોગ કરતા રેશનકાર્ડ ધારકોને પણ આ યોજના હેઠળ આવરી લેવામાં આવશે," તેણીએ કહ્યું.

આ યોજનાથી દિલ્હીભરના ૧૭.૫ લાખ રેશનકાર્ડ ધારકોને લાભ થશે, એમ તેણીએ ઉમેર્યું.

# ભારત સાથેના વેપાર કરારથી અમેરિકી કૃષિ ઉત્પાદનોની નિકાસમાં વધારો થશે

## મેરિકા રશિયા પાસેથી તેલ ખરીદવા માટે ભારત પર લાદવામાં આવેલ ૨૫ ટકા ટેરિફ પણ દૂર કરશે

વોશિંગ્ટન,
અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ભારત સાથેના જાહેર કરાયેલા વેપાર કરારથી વિશાળ ભારતીય બજારમાં અમેરિકી કૃષિ ઉત્પાદનોની નિકાસ વધશે અને રશિયન આક્રમણનો સામનો કરવામાં પણ મદદ મળશે, એમ યુએસ કાયદા નિર્માતાઓએ જણાવ્યું હતું. સેનેટ ફોરેન રિલેશન્સ કમિટીના ચેરમેન સેનેટર જીમ રિશે એક્સ પર પોસ્ટ કર્યું, "ભારત સાથેના વેપાર કરારની આજની નોંધપાત્ર સિદ્ધિ બદલ રાષ્ટ્રપતિ ટ્રમ્પને અભિનંદન." ભારતને અમેરિકાનો ગાઢ ભાગીદાર ગણાવતા સેનેટર જીમ રિશે કહ્યું, "આ નવા કરાર હેઠળ, ભારતે અમેરિકન માલ ખરીદવાનું વચન આપ્યું છે. આનાથી અમેરિકાને રશિયન આક્રમણનો સામનો કરવામાં મદદ મળશે અને રશિયન ઉર્જા ક્ષેત્ર માટે ભારતનો ટેકો ઘટાડીને યુક્રેન સામે રશિયાના યુદ્ધનો અંત લાવવામાં મદદ મળશે."

યુએસ કૃષિ સચિવ બ્રુક રોલિન્સે ટ્રમ્પનો ફરી એકવાર અમેરિકન ખેડૂતો માટે કામ કરવા બદલ આભાર માન્યો. તેમણે ઠ પર પોસ્ટ કર્યું, "નવો યુએસ-ભારત કરાર ભારતના વિશાળ બજારમાં વધુ યુએસ કૃષિ ઉત્પાદનોની નિકાસ કરવાની મંજૂરી આપશે, કિંમતો વધારશે અને ગ્રામીણ અમેરિકામાં રોકડ પ્રવાહ લાવશે."

યુએસ રાષ્ટ્રપતિએ સોમવારે ભારત સાથે વેપાર સોદાની જાહેરાત કરી, ટેરિફ ૨૫ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરવાની પણ જાહેરાત કરી. ટ્રમ્પે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે ફોન પર વાતચીત કર્યા પછી આ જાહેરાત કરી. સોશિયલ મીડિયા પોસ્ટમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે પીએમ મોદી રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવાનું બંધ કરવા સંમત થયા છે. તેઓ યુનાઈટેડ સ્ટેટ્સ અને વેનેઝુએલા પાસેથી મોટી માત્રામાં ક્રૂડ ઓઈલ ખરીદવા પણ સંમત થયા છે.

નોંધનીય છે કે ડોનાલ્ડ ટ્રમ્પે ફક્ત ૨૫ ટકા પારસ્પરિક ટેરિફ ઘટાડીને ૧૮ ટકા કર્યો છે, જ્યારે રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા માટે ભારત પર લાદવામાં આવેલ વધારાનો ૨૫ ટકા ટેરિફ અમલમાં છે. વ્હાઈટ હાઉસના એક અધિકારીએ જણાવ્યું હતું કે અમેરિકા રશિયા પાસેથી તેલ ખરીદવા માટે ભારત પર લાદવામાં આવેલ ૨૫ ટકા ટેરિફ પણ દૂર કરશે કારણ કે ભારતે રશિયા પાસેથી તેની તેલ ખરીદી ઘટાડી છે. જોકે, તેમણે ઉમેર્યું હતું કે વધારાના ૨૫ ટકા ટેરિફ દૂર કરવા માટે ભારતે રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવાનું સંપૂર્ણપણે બંધ કરવું પડશે.

# મંગળ પર ૩.૫ અબજ વર્ષ પહેલાં જેઝેરો ક્રેટરમાં એક સમયે એક વિશાળ તળાવ અસ્તિત્વમાં હતું

## નાસાને મંગળ પર જીવનના સંકેતો મળ્યા, બીચ હોવાના પુરાવા મળ્યા

વોશિંગ્ટન,
નાસાના પર્સિવરન્સ રોવરને મંગળ પર એક પ્રાચીન બીચ હોવાના મજબૂત પુરાવા મળ્યા છે. આ શોધ સૂચવે છે કે લગભગ ૩.૫ અબજ વર્ષ પહેલાં જેઝેરો ક્રેટરમાં એક સમયે એક વિશાળ તળાવ અસ્તિત્વમાં હતું. આ શોધ મંગળના ભૂતકાળમાં લાંબા સમય સુધી રહેવા યોગ્ય વાતાવરણની શક્યતા વધારે છે. આ શોધ એ પણ સૂચવે છે કે લાલ ગ્રહની સપાટી પર એક સમયે પાણીનું અસ્તિત્વ હતું.

આ મહત્વપૂર્ણ અભ્યાસ ઈમ્પીરીયલ કોલેજ લંડન દ્વારા હાથ ધરવામાં આવ્યો હતો. તેના તારણો તાજેતરમાં જ જિયોફિઝિકલ રિસર્ચ, પ્લેનેટ્સમાં પ્રકાશિત થયા હતા. સંશોધકોએ પર્સિવરન્સ રોવર દ્વારા લેવામાં આવેલી ઉચ્ચ-રીઝોલ્યુશન છબીઓનું વિશ્લેષણ કર્યું, જેમાં માર્જિન યુનિટ નામના વિસ્તારમાં તરંગ-ધોવાતા દરિયાકિનારા અને ભૂગર્ભજળ દ્વારા બદલાયેલા ખડકોના સંકેતો જાહેર થયા. માર્જિન યુનિટ જેઝેરો ક્રેટરના આંતરિક કિનારા પર સ્થિત છે. અહીં, ઓલિવિન અને કાર્બોનેટથી સમૃદ્ધ ગોળાકાર રેતીના દાણા મળી આવ્યા હતા, જે તરંગ ક્રિયા દ્વારા પહેરવામાં આવ્યા હોય તેવું લાગે છે. સ્થાનિક ખડકોમાં ધોવાણ અને પ્રાચીન દરિયાકિનારાની પુષ્ટિ કરે છે.

આ અભ્યાસના મુખ્ય લેખક અને ઈમ્પિરિયલ કોલેજના પીએચડી સંશોધક એલેક્સ જોન્સે જણાવ્યું હતું કે, "પૃથ્વી પર દરિયાકિનારા રહેવા યોગ્ય વાતાવરણ છે, અને અહીં બનતા કાર્બોનેટ ખનિજો પ્રાચીન વાતાવરણ વિશેની માહિતીને સીલ અને સાચવી શકે છે. અમારા તારણો મંગળ ગ્રહના ભૂતકાળના વાતાવરણ અને રહેવા યોગ્યતા માટે અત્યંત ઉત્તેજક છે, અને આ ભૂસ્તરશાસ્ત્રીય એકમની ઉત્પત્તિ વિશે ચાલી રહેલી ચર્ચા માટે એક નવી દિશા પણ પૂરી પાડે છે."

ઈમ્પિરિયલના પૃથ્વી વિજ્ઞાન અને એન્જિનિયરિંગ વિભાગના પ્રોફેસર સંજીવ ગુપ્તાએ ઉમેર્યું હતું કે આ, અન્ય તાજેતરના અભ્યાસો સાથે મળીને, સાબિત કરે છે કે માર્જિન યુનિટમાં લાંબા સમયથી સપાટીની નીચે પાણી ફરતું હતું, જે સતત ખડકોમાં ફેરફાર કરે છે. પૃથ્વી પર આવા હાઈડ્રોથર્મલ વાતાવરણ માઈક્રોબાયલ જીવનને ટેકો આપે છે.

પર્સિવરન્સ રોવર ૨૦૨૧ થી જેઝેરો ક્રેટરનું અન્વેષણ કરી રહ્યું છે. આ વિસ્તાર પસંદ કરવામાં આવ્યો હતો કારણ કે તેમાં એક સમયે એક મોટું તળાવ અને ડેલ્ટા હતું. આ રોવર ૨૦૨૩-૨૦૨૪ મિશન દરમિયાન માર્જિન યુનિટનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરશે. તેણે ખડકો અને કાંપના મુખ્ય નમૂનાઓ એકત્રિત કર્યા, જે ભવિષ્યમાં વિગતવાર વિશ્લેષણ માટે પૃથ્વી પર પાછા ફરશે.

ડાયાબિટીસ
ડો.પોમા શાહ
એમ.ડી.મેડીસીન કન્સલ્ટન્ટ ફીઝીશ્યન
કાર્ડીયોલોજીસ્ટ એન્ડ ક્રિટીકલ કેર સ્પેશ્યાલીસ્ટ
બી.પી., 2D ઈકો
કે.પી હોસ્પિટલ
નિલમબાગ સર્કલ ભાવનગર
(278) 2424108 / 7265833325



LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર આવૃત્તિ **8** તા.૦૪-૦૨-૨૦૨૬, બુધવાર

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર

બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫







## ઘેઘૂર વૃક્ષોની હારમાળાનું સાનિધ્ય અને પક્ષીઓના કલરવથી આકર્ષણ જમાવતું નારી લેક...



ભાવનગર નારી ચોકડીથી નારી ગામ તરફ જતા રસ્તામાં આવેલ 'નારી લેક' ભાવનગર તંત્ર દ્વારા સૌથી વ્યવસ્થિત અને કાળજીપૂર્વક મેઈન્ટેઈન્સ થયેલ તળાવો પૈકીનું એક કહી શકાય. ભારેખમ વાહનોની સતત અવરજવર અને કોલાહલ વચ્ચે પણ મનને એક અકલ્પનીય શાંતિનો એહસાસ કરાવી જાય એવા આ તળાવમાં ત્રણ દિશામાં સુંદર અને ઘેઘૂર વૃક્ષોની હારમાળાનું સાનિધ્ય, બગલા, બતક, ટીટોડી અને અન્ય પ્રજાતિના પક્ષીઓનો કલરવ, ફેમિલી કે ગ્રુપ સાથે બેસી શકાય એવી રમણીય કુટીર, વોકિંગ માટેનો સુંદર પેવર બ્લોક વાળો પથ અને વિવિધ સુંદર ફૂલોનું પ્લાન્ટેશનનું પેકેજ આ તળાવને વધુ મોહક બનાવે છે. તો વળી અહીંની દરેક વસ્તુની સંભાળ માટે સ્થાનિક સ્ટાફ દ્વારા લેવાતી કાળજી અને ચોખ્ખાઈ, આ તળાવની મુલાકાતને એક સુખદ અનુભવમાં પરિવર્તિત કરે છે. (તસ્વીર કથાઃ જયદીપ એ. દવે)

## અકસ્માતમાં ઈજાગ્રસ્ત કોર્પોરેશનના કર્મીનું મોત થતા કોરોનાનું બહાનું આગળ ધરનાર વીમા કંપનીને લપડાક

**લાંબી સારવાર બાદ કોરોના કાળમાં મૃત્યુ થતા વીમા કંપનીએ તકરાર ઉઠાવી હતી, વીમેદારનાં વકીલની ધારદાર દલીલો અને પુરાવાઓ ગ્રાહ્ય રહ્યા**

ભાવનગર,તા.૪

ભાવનગર કોર્પોરેશનના કર્મચારી અને વીમેદારનું હરિદ્વાર મુકામે અકસ્માત નડતા લાંબી સારવાર બાદ તેમનું મોત નીપજ્યું હતું. તેમના મોત સમયે દેશમાં કોરોનાની મહામારી ચાલતી હોવાથી વીમા કંપનીએ વિમેદારનું મૃત્યુ અકસ્માતના કારણે નહિ પરંતુ કોરોના મહામારીના કારણે થયું હોવાની તકરાર ઉઠાવી હતી. આથી વીમેદારના વારસદારોએ હક્ક અને વળતર મેળવવા કાનૂની લડતનો માર્ગ અપનાવી તેમના વકીલ મારફત મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલમાં ન્યાય માટે કેસ દાખલ કર્યો હતો. જેમાં કેસ ચાલી જતા વીમેદારનાં વકીલની ધારદાર દલીલો અને જુદા જુદા ચુકાદાઓને ધ્યાને લઇ વીમા કંપનીની તકરાર ફગાવી દઈ મૃતકના વારસદારોની તરફેણમાં ચુકાદો આપી વ્યાજ સાથે વળતર ચૂકવવા હુકમ કર્યો છે.

આ કેસની વિગત એવી છે કે, ભાવનગર શહેરના રહેવાસી જતીનભાઈ પિતળીયા(ઉ.વ.૫૨) મહાનગરપાલીકામાં ઘરવેરા વિભાગમાં હેડકલાર્ક/ઈન્સપેકટર/કોમ્યુનિટી ઓર્ગેનાઈઝર તરીકે ફરજ બજાવતા તેઓનું ગત તા.૦૯/૦૧/૨૦૨૦ ના રોજ હરિદ્વાર મુકામે યાત્રામાં ગયેલ ત્યાં વાહન અકસ્માતે ગંભીર ઈજાઓ થતાં તેઓનું લાંબી સારવાર બાદ મૃત્યુ થયેલ જે અનુસંધાને તેમના વારસો અને આધારિતોએ ભાવનગરના વકીલ રમેશ વી.નાવડીયા તેમજ પાર્થ આર.નાવડીયા મારફતે અકસ્માતમાં સંડોવાયેલ ટ્રક તેમજ લકઝરી બસના ડ્રાઈવર, માલીક અને વિમા કંપની સામે રૂા.૭૫,૦૦,૦૦૦/- અકસ્માત વળતર મેળવવા માટે વળતરનો કેસ દાખલ કરેલ હતો. જેમાં તેઓનું મૃત્યુ કોરોના કાળ દરમ્યાન થયેલ હોય જેથી વિમા કંપનીની વારંવારની દલીલો અને તકરારો એવી હતી કે તેઓનું મૃત્યુ અકસ્માતે ઈજા થવાથી નહી પરંતુ કોરોનાના કારણે થયેલ હતું તેવી દલીલો હોવા છતાં અરજદારના વકીલ આર.વી.નાવડીયા દવારા તમામ દસ્તાવેજી પુરાવાઓ અને દલીલો અનુસંધાન ૬

## ઈંગ્લીશ દારૂની ૪ બોટલ સાથે નારી ગામનો શખ્સ ઝડપાયો

ભાવનગર,તા.૪

વરતેજ પોલીસ સ્ટેશનનો સ્ટાફ પેટ્રોલીંગમા હતો તે દરમ્યાન બાતમી રાહે હકીકત મળેલ કે ભગતભાઇ ધીરૂભાઈ વાઘેલા રહે. નારી ગામ વાળો નારી ગામમા આવેલ છપ્પનીયા વિસ્તારમાં ઈંગ્લીશ દારૂ રાખીને વેચાણ કરે છે જેથી બાતમી વાળી જગ્યાએ રેઈડ કરતા ત્યા એક ઈસમ લોખંડની ઘોડી સાથે હાજર મળી આવેલ જેનુ પંચો રૂબરુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ ભગતભાઈ ધીરૂભાઈ વાઘેલા/કોળી ઉ.વ.૪૨ રહે- નારી ગામ, છપ્પનીયા વિસ્તાર, મામાના ઓટલા પાસે ભાવનગર મુળ ખેતા ખાટલી ગામ વાળા હોવાનુ જણાવેલ તેના હાથમા એક કાળા કલરનો થેલો હોય જે કાળા કલરના થેલામા તપાસ કરતા ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની બ્રાંડની બોટલો જોવામા આવેલ જેથી મજકુર ઇસમ પાસે પંચો રૂબરુમા ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની બોટલો નંગ-૦૪ કી.રૂ. ૫૨૦૦ મળી આવતા પોલીસે મુદામાલ સાથે તેની અટકાયત કરી પ્રોહિબિશન એક્ટ કલમ.૬૫(એ)એ), ૧૧૬(બી)મુજબનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ભીકડા ગામે યુવતીની હત્યા કેસમાં માં-દીકરાના જામીન ફગાવાયા

**બે વર્ષ પૂર્વેના પાલીતાણા ગ્રામ્ય પોલીસ મથકના પોક્સોનાં કેસમાં આરોપીના જામીન રદ, વેળાવદર પોલીસ મથકના ઈંગ્લીશ દારૂના ગુનામાં શખ્સના જામીન ફગાવાયા**

ભાવનગર,તા.૪

ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના ભીકડા ગામે રહેતા દયાબેન હિંમતભાઈ સરવૈયા તેમજ તેના દીકરા પ્રકાશ હિંમતભાઈ સરવૈયાએ ગત તા. ૧૮-૧૦ ૨૦૨૫ના રોજ પારુલ હિંમતભાઈ સરવૈયા કેજે દયાબેનની દીકરી અને પ્રકાશની બહેન થાય તેની છરીના ઘા ઝીકી હત્યા કરેલ જેમાં ફરિયાદ થતા પોલીસે બંનેની ધરપકડ કરીને જેલ હવાલે કરેલ બાદ આ બંને માં દીકરાએ જેલમાંથી જમીન માટે ભાવનગરના ત્રીજા એડિશનલ એન્ડ સેસન્સ કોર્ટમાં અરજી કરી હતી જેમાં સરકારી વકીલ ગીતાબા જાડેજાની દલીલો ગ્રાહ્ય રાખીને ત્રીજા એડિશનલ એન્ડ સેસન્સ જજ એચ.એસ.દવેએ બંનેના જામીન નામંજૂર કાર્ય હતા. આ બનાવમાં માં-દીકરાએ તેની દીકરી સિહોરના યુવક સાથે ઈન્સ્ટાગ્રામમાં વાતો કરતી હોય અને તેની સાથેજ લગ્ન કરવાનું કહેતી હોય તેની હત્યા કરી હોવાનું આરોપીઓએ જણાવ્યું હતું.

બીજા બનાવમાં બે વર્ષ પૂર્વેના પાલીતાણા ગ્રામ્ય પંથકના પોક્સોનાં કેસમાં જેલમાં રહેલા વિનોદભાઈ નટુભાઈ ચૌહાણ નામના કેડીએ ભાવનગર જિલ્લા જેલમાંથી તેમજ માતા- પિતાની તબિયતના બહાને વચગાળાના ૩૦ દિવસના જામીન આપવા માટે ભાવનગરના ત્રીજા એડિશનલ એન્ડ સેસન્સ કોર્ટમાં અરજી કરી હતી જેમાં સરકારી વકીલ ગીતાબા જાડેજાની દલીલો ગ્રાહ્ય રાખીને ત્રીજા એડિશનલ એન્ડ સેસન્સ જજ એચ.એસ.દવેએ આરોપી વિનુભાઈના જામીન નામંજૂર કર્યા હતા.

જયારે ત્રીજા બનાવમાં ભાવનગરના ખેડૂતવાસ, રૂવાપરીરોડ, ઉલ્લાસમીલ પાસે રહેતા પ્રકાશ ઉર્ફે ભૂરો વિનુભાઈ ચુડાસમા વેળાવદર પોલીસ મથકના ઈંગ્લીશ દારૂના ગુનામાં પકડાયેલ હોય અને ભાવનગર જિલ્લા જેલમાં હોય તેમને તેમના વકીલ મારફત ભાવનગરના ત્રીજા એડિશનલ એન્ડ સેસન્સ કોર્ટમાં અરજી કરતા જેમાં સરકારી વકીલ ગીતાબા જાડેજાની દલીલો ગ્રાહ્ય રાખીને ત્રીજા એડિશનલ એન્ડ સેસન્સ જજ એચ.એસ.દવેએ બંનેની જમીન અરજી ફગાવી દીધી હતી આમ ત્રીજા એડિશનલ એન્ડ સેસન્સ જજે એક સાથે ત્રણ જામીન અરજી રદ કરી હતી.

## હોટેલ મૌસમની રેસ્ટોરન્ટમાં ગ્રાહકોએ મેનેજરને ઢીકાપાટુ વડે મારમાર્યો

**વીડિયો ઉતાર્યો હોવાની શંકા જતા ગ્રાહકે મોબાઈલ જોવા માંગતા સર્જાયો ડખ્ખો**

ભાવનગર,તા.૪

ભાવનગરના અલકા ચોક નજીક આવેલ મોસમ હોટલમાં જમવા આવેલા ગ્રાહકો અને હોટલ મેનેજર વચ્ચે થયેલી ગેરસમજ મામલે મારામારી સુધી મામલો પહોંચ્યો હતો. સમગ્ર ઘટનાને લઈને નિલમબાગ પોલીસ મથકમાં સાત શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ શહેરના અલકા ચોક નજીક આવેલ મોસમ હોટલ માલિક આરીફ કાલવાએ ફરિયાદ નોંધાવી હતી કે, ૨ ફેબ્રુઆરીના બપોરના સમયે તેઓ ઘરે હાજર હતા ત્યારે તેમના દીકરાનો ફોન આવ્યો હતો કે હોટલના મેનેજર અફઝલભાઈ મહમદભાઈ પઠાણ સાથે માથાકુટ થઈ છે. આ જાણ થતાં આરીફ કાલવા તાત્કાલિક હોટલ ખાતે પહોંચ્યા હતા. જ્યાં મેનેજર અફઝલભાઈએ જણાવ્યું હતું કે બપોરના સમયે અંદાજે ત્રીસેક વ્યક્તિ જમવા માટે આવ્યા હતા અને જમ્યા બાદ ઊભા થયા ત્યારે તેઓ કાઉન્ટર પર બેસી પોતાના મોબાઈલમાં ગેમ રમતા હતાં. તે દરમિયાન જમવા આવેલા લોકોને એવું લાગ્યું કે અફઝલભાઈ તેમનો વીડિયો ઉતારી રહ્યા છે. આ શંકાને લઈને છથી સાત વ્યક્તિઓએ તેમની સાથે ઝઘડો કરી મોબાઈલ જોવા માંગ્યો હતો પરંતુ મોબાઈલ નહિ આપતા ગાળો આપી ઢીકાપાટુનો માર માર્યો હતો.આ સમયે હોટલના સ્ટાફે વચ્ચે પડી તેમને બચાવ્યા હતાં. ઝઘડો કરનારામાં સોયેબ ઉર્ફે બિગડે નામનો એક શખ્સ પણ હોવાનું સીસીટીવી ફૂટેજમાં દેખાઈ આવ્યું છે. જતાં જતાં આરોપીઓએ વીડિયો ઉતારશો તો જાનથી મારી નાખીશું તેવી ધમકી આપી હતી. આ બનાવ અંગે નિલમબાગ પોલીસ મથકમાં તમામ શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે. આ બનાવ અંગે નિલમબાગ પોલિસે સોયેબ બીગડે અને અન્ય ૬ અજાણ્યા ઈસમો મળી ૭ શખ્સો સામે BNS ૧૮૯(૨), ૩૫૨, ૩૫૧(૨), ૧૧૫(૨) કલમો હેઠળ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## દેસાઈનગરમાં બાઈક અકસ્માતમાં એકને ઈજા






તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૪

ભાવનગર શહેરના દેસાઈનગર વિસ્તારમાં ગઈ કાલે સાંજના સમયે એક બાઈકનો અકસ્માત સર્જાયો હતો.જે બાઈક ચાલકને ઈજાઓ પહોંચતા તેને ૧૦૮ મારફતે તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો બનાવના પગલે લોકોના ટોળા મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા. અને પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવી ટ્રાફિક ક્લિયર કરાવ્યો હતો.

## મારી કાર સાથે ભટકાડી લીટો કેમ પાડ્યો કહીને બાઈક ચાલક યુવકને ધોકો ઝીક્યો

**સિહોર પોલીસ મથકમાં સ્વીફ્ટ કાર ચાલક સામે નોંધાવાઈ ફરિયાદ**

સિહોર,તા.૪


શિહોરના આંબેડકરનગર તાલુકા પંચાયતની પાછળ રહેતા અને મજૂરી કામ કરી ગુજરાન ચલાવતા મુળજીભાઈ મયાભાઈ બોરીચા, ઉ.વ.૬૫ વાળાને મારી કાર સાથે બાઈક ભટકાડી લીટા કેમ પાડ્યા કહી અજાણ્યા સ્વીફ્ટ કાર ચાલકે ધોકો મારી ઈજા કર્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ શિહોરના આંબેડકરનગર, તાલુકા પંચાયતની પાછળ રહેતા મુળજીભાઈ મયાભાઈ બોરીચાએ એવા મતલબની ફરિયાદ નોંધાવેલ કે તેઓ પોતાનું મોટર સાયકલ.નં.GJ-04-CL-7728 નું લઈને નિકળેલ અને મિત્રો સાથે બેસી બાદ પોતાના મો,સા, ઉપર પરત ફરતો હતો ત્યારે શીવાલીક કોમ્પલેક્ષ બાજુથી રોંગ સાઈડમાં એક રાખોડી કલરની સ્વીફ્ટ ગાડી આવેલ અને તે વખતે આ સ્વીફટ ગાડી જેનો નં.GJ.05-RT-4258 માંથી એક ઈસમ ઉતરેલ અને મને કહેવા લાગેલ કે તે મારી ગાડીને બાઇક અડાડી કેમ લીટો પાડેલ છે ? તે વખતે અમોએ જણાવેલ કે અમારા બાઇકથી તમારા કારને કોઇ નુકશાન થયેલ નથી તે વખતે આ ઈસમ એકદમ ઉશ્કેરાઇ ગયેલ અને જેમ ફાવે તેમ ગાળો પણ બોલેલ તે દરમ્યાન આ ઈસમે પોતાની સ્વીફટ ગાડીમાંથી લાકડાનો હોકી જેવો ધોકો કાઢી સીધો જ મારા માથામાં મારેલ અને તે વખતે મને ખુબજ લોહી નિકળવા લાગેલ અને બીજીવાર ધોકો મારવા જતા બીજા માણસો આવી જતા આ ઈસમ પોતાની ગાડી લઈને ઈજા કરીજતો રહેલ આ અજાણ્યા સ્વીફટ ચાલકને હું ઓળખતો નથી તેનું નામ સરનામું મને ખબર નથી આ બનાવ અંગે પોલીસે બીએનેસની કલમ ૧૧૮-૧, ૩૫૨ તેમજ જીપીએક્ટ ૧૩૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર



રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"
(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.



PRADHANMANTRI GARIB KALYAN ANNA YOJANA

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત ફેબ્રુઆરી – ૨૦૨૬ માસના **વિનામૂલ્યે** અનાજ વિતરણની જાણકારી

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ માટે |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. | |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. | |

ફેબ્રુઆરી–૨૦૨૬ માસમાં રાજ્ય સરકાર દ્વારા તુવેર દાળ, ચણા, ખાંડ, અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./ લિટર |
|---|---|---|---|---|
| ૧ | તુવેર દાળ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹૫૦ |
| ૨ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹30 |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹૧૫ |
| | | | ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | |
| | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ₹૨૨ |
| ૪ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹ ૧ |

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ મળવાપાત્ર અનાજ એ ગરીબ પરિવારો માટે માત્ર રાશન નથી, પણ તેમના સન્માનજનક જીવનનો આધાર છે. જન-જનની અન્ન સુરક્ષા માટે આપણી સરકાર સંકલ્પબદ્ધ છે."
શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

આપના રાશન કાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પરથી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

શ્રી રમણભાઈ સોલંકી
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશો.